દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 100 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૯ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સિંધુ નદી મુદ્દે બફાટ કરનારા બિલાવલને પાટીલનો જવાબ

અમે લુખ્ખી ધમકીથી ડરતા નથી, તાકાત હોય તો આવી જા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાન સમર્થિત આતંકીઓએ કરેલા હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા હતા. આ ઘટના બાદ ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળસંધિ સ્થગિત કરવાનો નિર્ણય લેતા જ પાકિસ્તાનના રાજનેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ લાજવાને બદલે ગાજતા કહ્યું હતું કે, સિંધુ નદીમાં કાં તો પાણી વહેશે કાં ભારતીયોનું ખૂન વહેશે. બિલાવલના આ નિવેદન બાદ ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે કહ્યું હતું કે, ભારતે સિંધુ જળસંધિ સ્થગિત કરતા જ બિલાવલ ભુટ્ટો બિલબિલાવી ગયો છે. મેં તેને કહ્યું કે, ભાઈ અમે ધમકીથી ડરતા નથી. તારામાં તાકાત હોય તો આવી જા.

બિલાવલના ઝેર ઓકતા નિવેદન બાદ સુરતમાં આયોજિત એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર. પાટીલે બિલાવલને તેની જ ભાષામાં જવાબ આપ્યો હતો. પાટીલે કહ્યું હતું કે, અમે ધમકીઓથી ડરતા નથી. તારામાં તાકાત હોય તો આવી જા. ■

અમદાવાદમાં ૧૦૦થી વધુ બાંગ્લાદેશી પાસે દસ્તાવેજ ન મળતા દેશનિકાલ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવની આસપાસથી પકડાયેલા ૮૯૦ બાંગ્લાદેશીઓની તપાસમાં ૧૦૦થી વધુ બાંગ્લાદેશી પાસેથી કોઈ દસ્તાવેજ મળ્યા નથી. તેઓની પૂછપરછમાં ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરી હોવાની કબૂલાત કરતા તેઓને ડીપોર્ટ કરવામાં આવશે. ૫૫૦ જેટલા લોકો પાસેથી શંકાસ્પદ પાસપોર્ટ મળી આવતા પોલીસે તેની તપાસ શરૂ કરી છે, તેની સાથે જ આધાર કાર્ડ અને પાનકાર્ડ પણ મળતા કોઈ એજન્ટની મદદથી બનાવ્યા કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. જો ગેરકાયદે રીતે આધાર કાર્ડ અને પાનકાર્ડ બનાવ્યા હશે તો તે મામલે ગુનો પણ નોંધવામાં આવશે.

અમદાવાદ પોલીસે શનિવારે વહેલી સવારે ચંડોળા તળાવની આસપાસ ગેરકાયદે રીતે વસવાટ કરતા બાંગ્લાદેશીઓને પકડવા માટે મેગા ઓપરેશન શરૂ કરી ૮૯૦ લોકોની અટકાયત કરાઈ હતી. ચંડોળા તળાવની આસપાસ રહેલા શંકાસ્પદ લોકોની ધરપકડ બાદ તેમના દસ્તાવેજોની તપાસ કરાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં શંકાસ્પદ પાસપોર્ટ ધરાવતા લોકો પણ મળ્યા હતા. આ સાથે જ ઝડપાયેલા બાંગ્લાદેશીઓમાં ઘણા એવા પણ મળ્યાં છે કે જેઓ પહેલા પણ અલગ અલગ વિસ્તારોમાંથી ડિપોર્ટ થઇ ચૂક્યાં છે. જે ફરી કોઇને કોઇ રસ્તે ભારતમાં ઘૂસી ગયા છે. આ ઉપરાંત જે લોકોએ ભારતના ખોટા દસ્તાવેજોના આધારે વિદેશ પ્રવાસ કર્યો છે તેની પણ માહિતી એકઠી કરાઇ રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ચંડોળા તળાવની આસપાસના વિસ્તારોમાં પાસપોર્ટ ધારકોની સંખ્યાની પણ તપાસ કરાશે. કારણ કે એ પણ એક તર્ક છે કે જે લોકો કાચા મકાન કે ઝૂંપડામાં રહે છે તે લોકોને પાસપોર્ટની જરૂર શું છે? આ સાથે જ આ લોકોના પાસપોર્ટને આધારે કેટલા દેશમાં પ્રવાસ કરી ચૂક્યાં છે. આ તમામ મુદ્દાઓની તપાસ હાલમાં ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ચાલી રહી છે. જેઓની પાસે ભારતના કોઇ દસ્તાવેજો મળ્યા નથી તેમાં સૌથી વધારે મહિલાઓનો સમાવેશ થાય છે. ■

અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં બાંગ્લાદેશીઓના ગેરકાયદે વીજજોડાણ કપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત ૨૬ ભારતીય નાગરિકોના મૃત્યુ થયા હતા. આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી દેવાનો આદેશ કર્યો હતો, તો બીજી તરફ ગુજરાત પોલીસ દ્વારા ચંડોળા તળાવના આસપાસના વિસ્તારમાંથી કુલ ૮૯૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. સોમવારે ફરી એકવાર પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરતાં ચંડોળા તળાવ આસપાસના વીજ કનેક્શન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ટોરેન્ટ પાવરની ટીમ વીજ જોડાણ કાપવા માટે ઘટનાસ્થળે પહોંચી હતી.

અમદાવાદમાં ચંડોળા તળાવ, શાહ આલમ, સિયાસતનગર, નવાબનગર ઉપરાંત ફુલગીરીના છાપરા પરપ્રાંતીયોનું એપી સેન્ટર રહ્યું છે. આ વિસ્તારોમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓનું કહેવું છે કે, આ વિસ્તારમાં રહેતાં કેટલાંય પરિવારોએ એવા છે જે અન્ય રાજ્યના જરૂર છે પણ તેમના બાળકોનો જન્મ ગુજરાતમાં થયો છે. તેમના પરિવારજનોના લગ્ન ગુજરાતમાં થયા છે. ■

ભરૂચના અલગ અલગ વિસ્તારમાં વસતા ગેરકાયદે ૪૪ બાંગ્લાદેશી મળી આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદી હુમલા બાદ ગૃહ પ્રધાન અમિત શાહે ભારતમાં વસતા પાકિસ્તાનીઓને પરત મોકલવા અને બાંગ્લાદેશીઓને પણ શોધી પરત મોકલવાનો આદેશ આપતા ભરૂચ જિલ્લા પોલીસે અલગ અલગ વિસ્તારમાંથી ગેરકાયદે રહેતા ૪૪ જેટલા બાંગ્લાદેશીને ઝડપી પાડી પરત બાંગ્લાદેશ રવાના કરવા કામગીરી કરી છે.

ભરૂચ એસઓજી પોલીસ તથા એલઆઈબી સહિતની અલગ અલગ પોલીસની ૫૦ ટીમોએ બાંગ્લાદેશીઓને શોધી કાઢવાની કામગીરી કરી ભરૂચના નન્નુ મિયા નાળા તથા વ્હાલું ગામ નજીક રહેતા ગેરકાયદે ૪૪ જેટલા બાંગ્લાદેશીઓને શોધી કાઢી તેમને તેમના વતન પરત કરવા માટેની કામગીરી પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જ્યારે ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનેથી હેડ ક્વાર્ટર ખાતે ૧૦૦ શંકાસ્પદો પગપાળા લઇ જઇ પૂછપરછ કરી તમામ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. જે બાદ બાંગ્લાદેશ કે પાકિસ્તાનના જે તે વ્યક્તિને પરત મોકલી દેવામાં આવશે. ■

સુરતમાં ૨૩ વર્ષીય શિક્ષિકાનું શરમજનક કૃત્યઃ ૧૧ વર્ષના વિદ્યાર્થીને ભગાડી ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના પૂણા વિસ્તારમાં એક આઘાતજનક ઘટના પ્રકાશમાં આવી હતી, જેમાં ૨૩ વર્ષની એક શિક્ષિકાએ તેના ૧૧ વર્ષના વિદ્યાર્થીને ભગાડી લઈ જતાં સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજમાં શિક્ષિકા વિદ્યાર્થીને લઈ જતી દેખાઈ છે. સુરત પોલીસે આ મામલે તાત્કાલિક તપાસ શરૂ કરી છે, જ્યારે વિદ્યાર્થીના પરિવારજનો આઘાતમાં છે. શિક્ષિકાએ રેલવે સ્ટેશન પહોંચીને પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દેતાં પોલીસ માટે શોધખોળ વધુ પડકારજનક બની છે. મળેલી માહિતી અનુસાર, ૨૫ એપ્રિલના રોજ બપોરે પૂણા વિસ્તારમાં રહેતો પાંચમા ધોરણનો ૧૧ વર્ષનો વિદ્યાર્થી ઘર બહાર રમતો હતો ત્યારે અચાનક ગાયબ થયો. બાળકના પરિવારજનોએ પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા બાદ ચોંકાવનારો ખુલાસો થયો કે, બાળકને તેની ૨૩ વર્ષની શિક્ષિકા લઈ ગઈ છે. આ શિક્ષિકા વિદ્યાર્થીને ત્રણ વર્ષથી ટ્યૂશન આપતી હતી અને શાળામાં તેની વર્ગ શિક્ષિકા તરીકે પણ કામ કરી ચૂકી છે. બંને એક જ વિસ્તારમાં રહે છે, જેના કારણે પરિવારને શિક્ષિકા પર સંપૂર્ણ વિશ્વાસ હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, શિક્ષિકા વિદ્યાર્થીને લઈને સાંજે પાંચ વાગ્યે સુરત રેલવે સ્ટેશન પહોંચી હતી. ત્યાંથી તેણે પોતાનો ફોન બંધ કર્યો અને વિદ્યાર્થી સાથે ટ્રેનમાં બેસીને રવાના થઈ ગઈ. પોલીસને એવી પણ માહિતી મળી છે કે, શિક્ષિકાએ મેક માય ટ્રિપ દ્વારા ઓનલાઈન ટૂર પેકેજ બુક કરાવ્યું હતું. સીસીટીવી ફૂટેજમાં શિક્ષિકા કપડાંથી ભરેલી બેગ સાથે જોવા મળી હતી, જ્યારે વિદ્યાર્થી પાસે કોઈ સામાન નહોતો. એક દિવસ અગાઉ પણ શિક્ષિકા આ બેગ સાથે ઘરેથી નીકળતી જોવા મળી હતી. પુણા પોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું હતું કે, આરોપીએ રેલવે સ્ટેશન પહોંચીને તેનો ફોન બંધ કરી દીધો છે. ઘર અને રેલવે સ્ટેશનના સીસીટીવીમાં તેમની સાથે સામાન દેખાય છે. આ લોકો સાથે અન્ય કોઈ પણ સામેલ છે કે નહીં તે અંગે પણ અમે તપાસ કરી રહ્યા છીએ. ■

આતંકવાદી હુમલાને લઈને સુરતમાં વિરોધઃ મૌન પ્રદર્શન રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર અપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલાને લઈને સુરતમાં અનંત શ્રી સુખરામ જી ટ્રસ્ટ દ્વારા મૌન પ્રદર્શન રેલી યોજી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલાની ઘટનાના વિરોધમાં સુરતમાં અનંત શ્રી સુખરામજી ટ્રસ્ટ દ્વારા મૌન પ્રદર્શન રેલી યોજી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું તેમજ હાથ પર કાળી પટ્ટી બાંધી વિરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ મૌન પ્રદર્શન રેલીમાં મહિલાઓ પણ જોડાઈ હતી તેમજ આતંકવાદ મુર્દાબાદ, અબ બસ બહુત હુઆ આતંક કા ખાત્મા કરો, હિંદુ જગેગા, દેશ બચેગા સહિતના લખાણોના બેનરો સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

લોકોએ જણાવ્યું હતું કે અમે ભારે આક્રોશ અને પીડા સાથે નિવેદન કરીએ છીએ કે ૨૨ એપ્રિલના રોજ જે આતંકવાદી હુમલો થયો તેમાં આપણા ૨૮ હિંદુ લોકો બેરેહમીથી માર્યા ગયા હતા તેના વિરોધમાં અમે પીએમ નરેન્દ્ર મોદીને નિવેદન કરીએ છીએ કે દોષિતોને કડકમાં કડક સજા મળે અને આતંકવાદીઓના વિરોધમાં પૂરો દેશ એકજૂથ થઈને તેમની સાથે ઊભો છે. ■

પહલગામ હુમલા મુદ્દે ગુજરાતભરમાં બંધનું એલાન

રેલીઓ યોજી પાકિસ્તાનને ખતમ કરી દેવાની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોના મોત થયા તેના કારણે દેશભરના લોકોમાં આતંકવાદી સામે રોષ વ્યાપેલો છે. ગુજરાતમાં પણ ઠેર-ઠેર આતંકવાદી હુમલામાં મરેલા નિર્દોષ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજ્યભરમાં કાર્યક્રમો યોજાયા હતા. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં બંધનું એલાન પણ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં વેપારીઓ, સ્થાનિક અને યુવાનો ઠેર ઠેર વિરોધ પ્રદર્શન કરીને આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહીની માગણી કરી હતી.

વિરોધપ્રદર્શનઃ અમદાવાદમાં સોમવારે પહલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં બજરંગ દળના સભ્યોએ નનામી બાળી હતી. (એજન્સી)

નિર્દોષ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેમાં માણસા માર્કેટયાર્ડ, મુખ્ય બજાર, સરદાર પટેલ શોપિંગ સેન્ટર સહિતનાં બજારો બંધ રહ્યા હતાં. તેની સાથે સાથે પાલનપુરમાં સંતો-મહંતો અને હિંદુ સંગઠનોના કાર્યકરો શ્રદ્ધાંજલિ આપી અને પાલનપુરના વેપારીઓએ સ્વયંભૂ રીતે પોતાના ધંધા-રોજગાર બંધ રાખ્યો હતો. પાલનપુરમાં બંધના એલાન સાથે મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે લક્ષ્મણ ટેકરી હોલથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી વિશાળ રેલી યોજાઈ હતી.

વડોદરા શહેરની વાત કરવામાં આવે તો, મંગળ બજાર પૂર્વ વિભાગ, પશ્ચિમ વિભાગ, વાસણ બજાર, મુન્શી ખાંચા, કલા મંદિર ખાંચા, પદ્માવતી શોપિંગ સેન્ટર, ચાર દરવાજા લારી પથારા એસોસિએશન અને જૂના વડોદરાના આસપાસના તમામ દુકાનદારોએ બંધ પાળીને પોતાના ધંધા રોજગાર બંધ રાખ્યાં હતાં. આ સાથે મહીસાગર જિલ્લાનું સંતરામપુર શહેરમાં વેપારીઓએ પોતાની દુકાનો બંધ રાખી મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. માણસામાં ઈટાદરા ચોકડી નજીક શેઠના પૂતળા પાસે પહોંચેલી રેલીએ મીણબત્તી સળગાવી આતંકી હુમલામાં શહીદ થયેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ■

આગામી સાત દિવસની અંદર જાહેર કરાશે ધો.૧૦-૧૨નું પરિણામઃ બોર્ડની પરીક્ષાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના પરિણામોની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. હવે પરીક્ષાના પરિણામ અંગે મળતી વિગતો મુજબ ધોરણ ૧૦, ૧૨ની પરીક્ષાનું પરિણામ આગામી સાત દિવસની અંદર જાહેર કરાશે. વિદ્યાર્થીઓની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થઇ ચૂકી છે. જેથી આ સપ્તાહની અંદર પરિણામો જાહેર કરી દેવાશે. ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ મહિનાની શરૂઆતમાં આવશે તેવું જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના ૧૪ લાખ ૨૮ હજાર ૧૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦માં ૮ લાખ ૯૨ હજાર ૮૮૨ વિદ્યાર્થીઓએ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૪ લાખ ૨૩ હજાર ૯૦૯ વિદ્યાર્થીઓએ અને ધોરણ ૧૨ સાયન્સમાં એક લાખ ૧૧ હજાર ૩૮૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજરાતના ૧૬ હજાર ૬૬૧ કેન્દ્રોમાં પરીક્ષાનું આયોજન કરાયું હતું. ■

ભરઉનાળામાં નર્મદા ડેમ ૬૦ ટકા ભરેલો

ગુજરાતને વર્ષ સુધી પીવાનું અને સિંચાઈનું પાણી આપવા સક્ષમ

અમદાવાદઃ ઉનાળામાં કેટલાય વિસ્તારોમાં સામાન્ય રીતે પાણીની અછત જોવા મળી રહી છે. ત્યારે સામાન્ય ગુજરાતી અને જગતના તાત માટે સારા સમાચાર સામે આવી રહ્યા છે. ભરઉનાળામાં સરદાર સરોવર ડેમ ૬૦ ટકાથી વધારે ભરાયેલો છે. નર્મદા ડેમ ગુજરાતને ૧ વર્ષ સુધી પીવાનું અને સિંચાઈનું પાણી આપવા સક્ષમ છે. નર્મદા ડેમમાં ૨૦૧૫.૧૩ એમસીએમ લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મળતી માહિતી પ્રમાણે, સરદાર સરોવર નર્મદા ડેમ ભલે ઉનાળે ૬૦.૪૧ ટકા ભરેલો છે. નર્મદા ડેમની હાલની સપાટી ૧૨૪.૪૦ મીટર છે. સીએચપીએચનું ૧ ટર્બાઇન ચાલુ છે. નર્મદા ડેમ ગુજરાતને વર્ષ સુધી પીવાનું અને સિંચાઈનું પાણી આપવા સક્ષમ છે. નર્મદા ડેમમાં ૨૦૧૫.૧૩ એમસીએમ લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. વરસાદ ખેંચાઈ તો પણ ગુજરાતને પીવાનું અને સિંચાઈનું પાણી મળી રહેશે. નર્મદાની મેઇન કેનાલમાં હાલ ૬૨૩૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ■

ગોંડલમાં હાઈવોલ્ટેજ ડ્રામા બાદ સામસામે ફરિયાદ નોંધાઈઃ ૧૦ લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલમાં ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા અને પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયા વચ્ચેના શાબ્દિક યુદ્ધ બાદ રવિવારે સામાજિક અને રાજકીય ઘમસાણ શરૂ થઈ ગયું હતું. ગોંડલ પહોંચેલા પાટીદાર આગેવાનો અલ્પેશ કથીરિયા, જીગીશા પટેલ, ધાર્મિક માલવીયાના કાફલાને ગણેશ જાડેજાના સમર્થકોનો વિરોધ સહન કરવો પડ્યો હતો. આશાપુરા ચોકડી પાસે લોકોનાં ટોળાએ તેમના કાફલામાં સામેલ ચાર-પાંચ કારનાં કાચ ફોડી નાખી હુમલાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે પથ્થરબાજી પણ થઇ હતી. આ મામલે બંને પક્ષોએ સામસામે આક્ષેપ કર્યા હતા અને બી ડિવિઝનમાં પોલીસ મથકમાં સામસામે ફરિયાદ નોંધાવી હતી.

ગણેશના સમર્થકોને કારથી કચડવાનો પ્રયાસ અને રાયોટિંગ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી. તો બીજી તરફ કથીરિયાના સમર્થનમાં આવેલી ચાર-પાંચ કારમાં તોડફોડની ફરિયાદ પણ નોંધવામાં આવી હતી. કાર ચાલક વિરુદ્ધ પણ ફરિયાદ નોંધવામાં આવી હતી, તેણે યુવકો પર કાર ચડાવવાનો પ્રયત્ન કર્યો હોવાનો આક્ષેપ છે. પોલીસે ૧૦ આરોપીની ધરપકડ કરી હતી જેમાં પીન્ટુ સાવલિયા, નિલેશ ચાવડા, પુષ્પરાજ વાળા, અજીતસિંહ ઝાલા, કરણસિંહ પઢિયાર, કીર્તિરાજસિંહ ઝાલા, હિતેશ રાઠોડ, અરમાન ખોખર, રોહિત રાઠોડ અને માનવ વાઘેલા સહિતના વ્યક્તિઓની ધરપકડ કરાઈ હતી. ■

ગુજરાતમાં એપ્રિલ મહિનામાં હૃદયરોગને લગતી ઈમરજન્સીમાં ૧૮ ટકાનો વધારો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉનાળાની સિઝન વચ્ચે ગુજરાતમાં એપ્રિલ મહિનામાં હૃદય રોગને લગતી ઈમરજન્સીમાં ૧૮ ટકાનો વધારો થયો છે. પહેલીથી ૨૧મી એપિલ એમ છેલ્લા૨૧ દિવસમાં ગુજરાતમાં ૫,૦૭૩ કોલ્સ ૧૦૮ એમ્બ્યુલન્સમાં નોંધાયા છે. ગત વર્ષે આ જ સમય ગાળામાં ૪,૧૫૯ કેસ આવ્યા હતા. એકંદરે અત્યારે ૨૪૧ જેટલી રોજની ઈમરજન્સી આવી રહી છે. બીજી તરફ વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૯.૮૧ ટકા કાર્ડિયાક ઈમરજન્સી વધી છે. ગત વર્ષે ૭૫,૩૯૦ કોલ્સ હતા, જે આ વખતે ૮૮,૦૯૫ કોલ્સ આવ્યા છે, એકદંરે વર્ષ દરમિયાન ૨૪૧થી ૨૪૨ રોજની ઈમરજન્સી છે.

ગુજરાતમાં ડાંગ જિલ્લામાં એક વર્ષમાં ૨૭.૯૮ ટકા ઈમરજન્સી વધી છે. ગત વર્ષે ૩૮૩ કેસ હતા, જે આ વખતે વધીને ૪૮૯ થયા છે. તાપીમાં ૨૬ ટકા કેસ વધ્યા છે. ૧૩૧૯ કેસની સામે આ વખતે ૧૦૦૪ કેસ આવ્યા છે. પોરબંદરમાં ૨૪.૪૯ ટકા હૃદય રોગની ઈમરજન્સી વધી છે. ૧૩૨૩ કોલ્સની સામે આ વખતે ૧૯૪૭ કેસ છે. અમદાવાદમાં ૧૭.૩૨ ટકા કેસમાં વધારો જોવાયો છે. ગત વર્ષે ૨૨,૦૩૮ કેસ હતા, જે આ વખતે વધીને ૨૫,૮૫૫ નવા કેસ નોંધાયા છે. રાજકોટમાં ૧૦.૩૨ ટકાનો વધારો છે. ગત વર્ષે ૫૧૧૯ કેસ હતા, જે વધીને ૫૯૪૪ આવ્યા છે. સુરતમાં ૨૩.૭૫ ટકાનો વધારો છે. ૫૭૮૦ કેસની સામે આ વર્ષે ૭૧૫૩ કડીઓને હૃદય રોગની તકલીફ થતાં ઈમરજન્સીમાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવા પડ્યા છે. વડોદરામાં ૧૯.૪૪ ટકાનો વધારા સાથે ૪૫૭૧ ઈમરજન્સી છે. જે ગત વર્ષે ૩,૮૨૭ કેસ હતા. તબીબોના કહેવા પ્રમાણે તણાવ, જંક ફૂડ, દારૂ સહિતની કુટેવો, અનિયમિત જીવનશૈલીના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. ■

કેરીની આવક ઘટતાં કેસર-રત્નાગિરી અને બદામ કેરીના ભાવ આસમાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન નિષ્ણાતની આગાહી મુજબ રાજ્યમાં આગામી ૩૦ તારીખ પછી વાતાવરણમાં પલટો આવી શકે છે. રાજ્યમાં આગામી ૩૦થી ૧૧ મે સુધી પ્રિમોન્સૂનનો વરસાદ થઈ શકશે. ત્યારે અમદાવાદના ફ્રૂટ માર્કેટમાં વિવિધ રાજ્યની કેરીમાં ૨૦ ટકાનો ભાવ વધારો થયો છે. અમદાવાદ ફ્રૂટ માર્કેટમાં અત્યારે રત્નાગિરિ, હાફુસ, તોતા, બદામ, કેસર અને સુંદરી કેરી અલગ -અલગ રાજ્યમાંથી આવી રહી છે. જેના ભાવમાં ૧૦થી ૨૦ ટકાનો વધારો થયો છે.

ગયા વર્ષ કરતા આ વર્ષે કેરીનું વેચાણ ઓછું છે. કેરી આવક પણ ૩૦થી ૩૫ ટકા ઓછી છે. અત્યારે કેસર કેરીનું ૧૦ કિલોનું બોક્સ ૮૦૦થી ૯૦૦ રૂપિયાના ભાવે બજારમાં વેચાઈ રહ્યું છે. રત્નાગિરિ હાફુસ એક ડઝનનું બોક્સ ૫૦૦થી ૮૦૦ રૂપિયામાં વેચાઈ રહી છે. ■

વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાનું કાર્યાલય ખુલ્લું મુકાયુંઃ ઈસુદાન સહિતના નેતા ઉપસ્થિત રહ્યા

ગોપાલ ઈટાલિયા સહિત આપના મોટાભાગના નેતા વિસાવદર સહિત અનેક ગામમાં જોરદાર પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિસાવદરમાં પેટાચૂંટણી યોજાવાની હોવાથી આ વખતે પણ આ સીટ પર ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. આ દરમિયાન આમ આદમી પાર્ટીએ તેમના ઉમેદવાર તરીકે ગોપાલ ઈટાલિયાની જાહેરાત કરી છે. ગોપાલ ઈટાલિયા સહિત આપના મોટાભાગના નેતા વિસાવદર સહિત અનેક ગામમાં જોરદાર પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. ત્યારે સોમવારે વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાના કાર્યાલયની શરૂઆત કરવામાં આવી હતી. ગોપાલ ઈટાલિયાના કાર્યાલયના ઉદઘાટન વખતે આપ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી, સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત ખેડૂતો, ખેતમજૂરો, રત્નકલાકારો, પશુપાલકો, વેપારીઓ, સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ પણ આ બેઠક પર પોતાનો ઉમેદવાર ઉતારવાની છે. આ બેઠક પર ગઠબંધનમાં ચૂંટણી નહીં લડાય અને આ બેઠક પર ખાસ કરીને શંકરસિંહ વાઘેલા પણ પોતાની પાર્ટીને લઈને મેદાને આવવાના છે. આમ આ એક બેઠક પર ચતુષ્કોણીય જંગ જામવાનો છે. ■

ગુજરાતનાં ચાર મહાનગરમાં સાંજે છથી રાતના ૧૨ સુધીમાં સવા બે મહિનામાં ૫૫૨૯ ગુના નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિત ચાર મહાનગરોમાં સાંજથી રાતના સમયે દારૂ-જુગારને લગતા મહત્તમ ગુનાઓ થાય છે. તેને ધ્યાનમાં રાખીને પોલીસે શરૂ કરેલી વિશેષ ઝુંબેશમાં સવા બે મહિનામાં ચાર મહાનગરોના ૩૩ અસરગ્રસ્ત પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સાંજે છથી રાત્રે ૧૨ વાગ્યાના સમયગાળામાં પોલીસે ૫૫૨૯ ગુના નોંધ્યા છે. જેમાં દારૂ પીને વાહન ચલાવવાના ગુનાનો પણ સમાવેશ થાય છે.

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના ૩૩ અસરગ્રસ્ત પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ઈવનિંગ પોલીસિંગ સંદર્ભે શરીર સંબંધી ગુનાઓને નિયંત્રિત કરવા માટે અભિયાન ચલાવ્યું હતું. જેના ફેબ્રુઆરીથી ૨૪ એપ્રિલ સુધીના પ્રોજેક્ટ દરમિયાન સાંજે છથી રાત્રે ૧૨ વાગ્યાના સમયગાળામાં પોલીસે દારૂ, જુગાર, નશામાં વાહન ચલાવવું તેમજ જીપી એક્ટ-૧૩૫ હેઠળ કામગીરી કરીને સૌથી વધુ ગુના દાખલ કર્યા છે. જેમાં સુરત શહેરના નવ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ૩૦૦૧ ગુના, વડોદરા શહેરના સાત પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૪૬૧ ગુના, રાજકોટ શહેરના પાંચ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ૫૫૨ ગુના નોંધાયા છે. અમદાવાદ શહેરના ૧૨ પોલીસ સ્ટેશન અમરાઇવાડી, બાપુનગર, દાણીલીમડા, ગોમતીપુર, કાગડાપીઠ, નરોડા, નારોલ, રામોલ, શાહીબાગ, સોલા હાઈકોર્ટ અને વેજલપુરમાં ૧૫૧૫ ગુના નોંધાયા હતા. જેમાં દારૂ પીને વાહન ચલાવવાના ૩૨૩, દારૂ પીવા અંગે ૩૬૦, દારૂ રાખવાના ૪૮૭ ગુના નોંધાયા હતા.રાજ્યના ૨૫ ટકા શરીર સંબંધી ગુના ચાર મહાનગરમાં બનતા હોવાનું તારણ બહાર આવ્યું છે.

પોલીસે ઇ-ગુજકોપ ડેટાના વિશ્લેષણ દ્વારા ચાર મહાનગરોમાં શરીર સંબંધી ગુનાના હોટ સ્પોટ નિયત કર્યા હતા. તેમાં જણાયું હતું કે, રાજ્યમાં બનતા શરીર સંબંધી ગુનાઓમાંથી ૨૫ ટકા ગુના આ ચાર મહાનગરોમાં અને તેમાંથી ૪૫ ટકા ગુના સાંજે છથી રાત્રે ૧૨ વાગ્યાના સમયગાળામાં બન્યા છે. તેને ધ્યાનમાં રાખીને પોલીસની વિશેષ ટીમ દ્વારા ફૂટ પેટ્રોલિંગ, વાહન ચેકિંગ, અને નાકાબંધી દ્વારા કાયદાકીય કાર્યવાહી કરાઇ હતી. ■

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 100 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૯ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ભારત વિરોધી સામગ્રી બદલ

પાકિસ્તાનની ૧૬ યુટ્યૂબ ચેનલ બ્લૉક

નવી દિલ્હીઃ ભારતવિરોધી ખોટી, ઉશ્કેરણીજનક અને કોમવાદી સંવેદનશીલ સામગ્રી આપવા બદલ સરકારે પાકિસ્તાનની ૧૬ યુટ્યૂબ ચેનલ બ્લૉક કરી હતી, એમ અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલાના આતંકવાદીઓને આક્રમણખોર લેખાવતા બીબીસીના રિપોર્ટ સામે પણ ભારતે સખત વાંધો ઉઠાવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

૨૮ નિર્દોષ નાગરિક (મોટાભાગના પર્યટક)નો ભોગ લેનાર પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ કરાર રદ કરવા સહિત પાકિસ્તાન વિરુદ્ધ વિવિધ કડક પગલાંની જાહેરાત કરી હતી.

પાકિસ્તાનની બ્લૉક કરવામાં આવેલી યુટ્યૂબ ચેનલમાં ડૉન ન્યૂઝ, ઈર્શાદ ભટ્ટી, સમા ટીવી, એઆરવાય ન્યૂઝ, બીઓએલ ન્યૂઝ, રાફ્ટર, ધ પાકિસ્તાન રેફરન્સ, જીયો ન્યૂઝ, સમા સ્પૉર્ટસ, જીએનએન, ઉઝઍર ક્રિકેટ, ઉમર ચિમા એક્સક્લૂઝીવ, અસ્મા સિરાઝી, મુનેબ ફારુખ, સૂનો ન્યૂઝ અને રાઝીનામામો સમાવેશ થાય છે.

ભારત સરકારે કરેલી ભલામણને પગલે વિદેશી બાબતોના ખાતાએ આ પગલું લીધું હતું.

બીબીસીના એક સમાચારમાં ન્યૂઝ રિડરને એમ કહેતો દર્શાવવામાં આવ્યો હતો કે પહલગામ હુમલા બાદ (જુઓ પાનું ૨) ▶▶

પાક સાથે તંગદિલી વચ્ચે હાઈ એલર્ટ

ભૂમિદળ-હવાઈદળને તૈયાર રહેવાનો આદેશ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : પાકિસ્તાની લશ્કરની સરહદ પર વધતી હિલચાલને ધ્યાનમાં રાખીને ભારતીય હવાઈદળને બે મિનિટમાં તૈયાર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા પ્રમાણે બે દેશ વચ્ચે શરૂ થયેલા વાકયુદ્ધ અને લશ્કરી તૈયારીઓને ધ્યાનમાં રાખીને આવા પગલાં ભરવામાં આવ્યાં છે. દરમિયાન સરહદ પર પાકિસ્તાનની તૈયારીને ધ્યાનમાં રાખીને હાઈ એલર્ટ ઘોષિત કરવામાં આવી છે. આ સાથે એલઓસીમાં બંને પક્ષ તરફથી અમુક સેક્ટરમાં થઈ રહેલા ગોળીબાર હજી અટક્યા નથી.

લશ્કરના અધિકારી એ વાતને સમર્થન આપ્યું હતું કે પાકિસ્તાન લશ્કરે જમ્મુ અને કાશ્મીરની સીમામાં લશ્કરના જવાનોની સંખ્યામાં વધારો કર્યો છે. પાકિસ્તાન લશ્કર યુદ્ધની તૈયારીમાં લાગી ગયું છે.

આ જ કારણસર ભૂદળ અને હવાઈદળને બે મિનિટમાં તૈયાર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. લશ્કરના (જુઓ પાનું ૨) ▶▶

ભારતીય નૌકાદળની ક્ષમતામાં વધારો

▸ ઈન્ડિયન નેવીને મળશે ૨૬ રાફેલ-એમ એરક્રાફ્ટ
▸ ભારત અને ફ્રાન્સ વચ્ચે ડીલ સાઈન થઇ

નવી દિલ્હીઃ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. એવામાં સોમવારે ભારત અને ફ્રાન્સ વચ્ચે એક મહત્ત્વના સંરક્ષણ ડીલ પર સાઈન કરવામાં આવી છે. આજે બંને દેશો વચ્ચે ૨૬ રાફેલ મરીન એરક્રાફ્ટના સોદાને મંજૂરી આપવામાં આવી છે.

આ સોદા હેઠળ, ભારતીય નૌકાદળ માટે ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન એરક્રાફ્ટ ખરીદવામાં આવશે. આ કરાર (જુઓ પાનું ૨) ▶▶

કરારઃ ભારતીય નૌકાદળ માટે બાવીસ સિંગલ સિટર અને ચાર ટ્વિન સિટર એમ કુલ ૨૬ રાફેલ વિમાનની પ્રાપ્તિ માટે સોમવારે સહી કરવામાં આવી હતી. (એજન્સી)

પાકિસ્તાને પૂંચ અને કુપવાડામાં યુદ્ધવિરામનો ભંગ કર્યો

જમ્મુ : પાકિસ્તાને અંકુશરેખા પર યુદ્ધવિરામનો ભંગ કરવાનું ચાલુ રાખીને જમ્મુ અને કાશ્મીરના પૂંચ અને કુપવાડા જિલ્લામાં બિનઉશ્કેરણીજનક ગોળીબાર કર્યો હતો, એવી માહિતી લશ્કરના અધિકારીઓએ આપી હતી.

ગયા અઠવાડિયાના પહલગામમાં આતંકવાદી હુમલાને પગલે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે તંગદિલી વધી ગઈ છે. પાકિસ્તાને સતત ચોથી રાતે નાનાં હથિયારો વડે ગોળીબાર કર્યો (જુઓ પાનું ૨) ▶▶

ઓટીટી પર અશ્લીલ કન્ટેન્ટ

સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી

નવી દિલ્હીઃ ઓટીટી પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા પર દર્શાવાતી કામોત્તેજક સામગ્રી પર પ્રતિબંધ મૂકવાની માગણી કરતી અરજીને મામલે સુપ્રીમ કોર્ટે સરકારને નોટિસ પાઠવી હતી.

આ બાબતને ઘેરી ચિંતાનો અને મહત્ત્વનો વિષય લેખાવી સુપ્રીમ કોર્ટે આ મામલે સરકાર તેમ જ અન્યોની પ્રતિક્રિયા માગી હતી.

ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ઑગસ્ટિન જ્યોર્જની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આ મામલે ક્યાં પગલાં લેવામાં આવવાં જોઈએ તેની જાણકારી સાથે (જુઓ પાનું ૨) ▶▶

અમદાવાદ સૌથી લાંબુ મેટ્રો નેટવર્ક ધરાવતું ભારતનું ચોથું શહેર બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન અમદાવાદ-ગાંધીનગર મેટ્રોનો ઝડપથી વિસ્તાર કરી રહ્યું છે, જેને કારણે મુસાફરોની સુવિધામાં વધારો થઇ રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રૂટ પર સાત નવા મેટ્રો સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યા છે. મેટ્રો સર્વિસને રાજ્ય સચિવાલય સુધી લંબાવવામાં આવી છે. આ વિસ્તરણ સાથે, અમદાવાદનું (જુઓ પાનું ૨) ▶▶



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

માનસરોવર યાત્રાને મંજૂરીઃ લાલો લાભ વિના લોટે નહીં

છેલ્લા કેટલાક સમયથી ચીન સુધરી ગયું હોય એ રીતે વર્તી રહ્યું છે. ચીને પહેલાં ડ્રેગન અને એલિફન્ટ સાથે મળીને ડાન્સ કરે એવી ઈચ્છા વ્યક્ત કરેલી. એ પછી ભારત સાથે આર્થિક સંબંધો મજબૂત બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ચીને ભારત પાસેથી વધારે માલ લેવાની તૈયારી પણ બતાવી હતી અને હવે હિંદુ શ્રદ્ધાળુઓ માટે અત્યંત પવિત્ર મનાતી કૈલાશ માનસરોવર યાત્રાને મંજૂરી આપી દીધી છે.

કૈલાશ માનસરોવર ચીનના કબજા હેઠળના તિબેટમાં આવેલું છે તેથી હિંદુઓએ કૈલાશ માનસરોવર જવું હોય તો ચીનની મંજૂરી લેવી પડતી. છેલ્લા પાંચ વર્ષથી, ચીન ભારતીયોને કૈલાશ માનસરોવરની યાત્રા કરવાની મંજૂરી આપી રહ્યું ન હતું તેથી કૈલાશ માનસરોવર યાત્રા છેલ્લા પાંચ વર્ષથી બંધ હતી. ૨૦૨૦માં પહેલાં કોવિડના કારણે યાત્રા બંધ રખાઈ ને પછી બંને દેશો વચ્ચે સરહદ વિવાદના કારણે ઘર્ષણ થતાં યાત્રાને મંજૂરી નહોતી અપાતી.

હવે અચાનક ચીન ભારત પર મહેરબાન થયું છે અને કૈલાશ માનસરોવર યાત્રાની મંજૂરી આપી દેતાં વિદેશ મંત્રાલયે રજિસ્ટ્રેશન શરૂ કરી દીધું છે. વિદેશ મંત્રાલયની જાહેરાત પ્રમાણે, કૈલાશ માનસરોવર યાત્રા ૩૦ જૂનથી ૨૫ ઓગસ્ટ વચ્ચે થશે. ભારતના વિદેશ મંત્રાલયે શનિવારે અરજી પ્રક્રિયા માટે વેબસાઇટ ખોલતાં યાત્રાળુઓ ૧૩ મે, ૨૦૨૫ સુધીમાં અરજી કરી શકશે.

ચીને કુલ ૭૫૦ શ્રદ્ધાળુઓનો ક્વોટા મંજૂર કર્યો છે તેથી ભારતમાંથી ઉત્તરાખંડના લિપુલેખથી ૨૫૦ અને સિક્કિમના નાથુલા પાસથી ૫૦૦ મળીને કુલ ૭૫૦ શ્રદ્ધાળુ કૈલાશ માનસરોવર જઈ શકશે. વિદેશ મંત્રાલયે બનાવેલી યોજના પ્રમાણે ઉત્તરાખંડ અને સિક્કિમ થઈને યાત્રાળુઓના ૧૫ જૂથ કૈલાસ માનસરોવર જશે. ઉત્તરાખંડથી પાંચ જૂથમાં ૫૦-૫૦ મુસાફરો મળીને ૨૫૦ શ્રદ્ધાળુ લિપુલેખ પાસ પાર કરીને માનસરોવર જશે જ્યારે સિક્કિમથી ૫૦-૫૦ શ્રદ્ધાળુઓનાં ૧૦ જૂથ એટલે કે ૫૦૦ શ્રદ્ધાળુ નાથુલા થઈને યાત્રા માટે રવાના થશે.

ભારત માટે કૈલાશ માનસરોવર યાત્રાને મંજૂરી મોટી ઘટના છે કેમ કે ચીન હંમેશાં આપણી સાથે આડોડાઈ કરવા જ ટેવાયેલું છે. હિંદુ શ્રદ્ધાળુઓને કૈલાશ માનસરોવર જવા માટે ચીન મંજૂરી આપશે એવા કરાર આપણે છેક જવાહરલાલ નહેરુના સમયમાં કરેલા પણ ચીન વચ્ચે વચ્ચે ગમે તેવાં બહાનાં કરીને યાત્રાને રદ કરી નાખે છે.

કૈલાશ માનસરોવર યાત્રા માટે ભારત અને ચીન વચ્ચે છેલ્લે બે કરાર દસેક વર્ષ પહેલાં થયા હતા. ભારતથી કૈલાશ માનસરોવરની યાત્રા માટે બે અલગ અલગ રૂટ છે તેથી ભારત અને ચીન વચ્ચે બે અલગ અલગ કરાર થયા છે. પહેલો કરાર ૨૦ મે, ૨૦૧૩ ના રોજ લિપુલેખ પાસથી કૈલાસ માનસરોવર જવા માટે થયો હતો. બીજો કરાર ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૪ ના રોજ નાથુલા થઈને કૈલાસ માનસરોવર જવાના માર્ગ અંગે કરવામાં આવ્યો હતો. એ વખતે જ બંને કરાર દર પાંચ વર્ષે આપમેળે લંબાવવામાં આવશે એવું નક્કી થયેલું એ છતાં ચીને ૨૦૨૦માં કરાર સ્થગિત કરી દીધેલો. પહેલાં કોરોનાનું કારણ અપાયેલું એ સમજી શકાય એવું હતું પણ પછી ચીનની લુચ્ચાઈના કારણે કરાર રદ કરી દેવાયેલો.

૨૦૧૩ અને ૨૦૧૪માં થયેલા કરાર વખતે પણ ૨૦૧૭માં યાત્રાની મંજૂરી ચીને રદ કરી નાખેલી. એ વખતે આપણે વિનંતીઓ કરી પછી અહેસાસ કરતું હોય એમ ચીને મંજૂરી આપી હતી. આ વખતે પણ નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ૨૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ પાંચ વર્ષ પછી મળ્યા ત્યારે ભારતે આ મુદ્દો ઉઠાવેલો. રશિયાના કાઝાન શહેરમાં જી-૨૦ની બેઠક વખતે બંને નેતા મળ્યા ત્યારે ચીને બંને દેશોના પરસ્પર સંબંધો સુધારવા માટે કેટલાંક પગલાં લેવા સંમતિ બતાવી હતી પણ માનસરોવર કૈલાશ યાત્રાને મંજૂરી આપવા મુદ્દે મગનું નામ મરી નહોતું પડ્યું. હવે અચાનક ચીનનું વલણ બદલાયું છે અને ચીને સામેથી હા પાડી દીધી છે.

ગુજરાતીમાં કહેવત છે કે લાલો લાભ વિના લોટે નહીં. ચીનને આ કહેવત બરાબર લાગુ પડે છે. ચીન પોતાનો સ્વાર્થ સધાતો હોય તો કંઈ પણ કરવા તૈયાર થઈ જાય. કૈલાશ માનસરોવર યાત્રાને મંજૂરી પાછળ પણ ચીનનો સ્વાર્થ છે અને પોતાની ગણતરીઓ છે. ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા ટૅરિફના કારણે ચીનની હાલત કફોડી છે. ચીન ટ્રમ્પના ટૅરિફ સામે વળતા ટૅરિફ લાદી રહ્યું છે પણ એ તમાચો મારીને મોં લાલ રાખવા જેવું છે. ચીન અમેરિકા સામે ઝૂકી જાય તો આબરૂ જાય તેથી અમેરિકા સામે વટ બતાવવો જરૂરી છે પણ અમેરિકા સાથેની ટૅરિફ વોરના કારણે થનારા આર્થિક નુકસાનને સરભર કરવા માટે ચીનને ભારત જેવું મોટું બજાર ધરાવતા સાથીની જરૂર છે. આ કારણે જ ચીન ભારતને લટૂડાંપટૂડાં કરી રહ્યું છે.

ભારતનો સાથ મળે તો ચીન અમેરિકા સહિતના કોઈ પણ દેશને પહોંચી વળે તેથી ચીન ગમે તે રીતે ભારત સાથેના સંબંધો સુધારવા મથી રહ્યું છે. તેના ભાગરૂપે ગયા વર્ષે ઓક્ટોબરમાં ચીને કરાર કરીને ડેમચોક અને દેપસાંગમાંથી પોતાના સૈનિકો પાછળ હટાવી લીધા હતા. એ પછી આર્થિક સહકાર માટે હાથ લંબાવ્યો અને હવે કૈલાશ માનસરોવર યાત્રાને મંજૂરીનો પાસો ફેંકી દીધો છે.

ચીને ભારત સાથે સંબંધો સુધારવા માટે ભારત અને ચીન વચ્ચે સીધી ફ્લાઇટ સેવા શરૂ કરવા પણ તૈયારી બતાવી છે. બંને દેશો વચ્ચેની સીધી ફ્લાઇટ સેવા પણ ૨૦૨૦ થી બંધ હતી. ભારત અને ચીન વચ્ચે જૂન ૨૦૨૦માં ડોકલામ વિવાદ થયો હતો. એ પહેલાં માર્ચ ૨૦૧૯માં કોવિડની પહેલી લહેર આવી ત્યારે ભારતે તમામ વિદેશી ફ્લાઈટ્સ બંધ કરી દીધી હતી. એ વખતે ચીનથી સીધી ફ્લાઈટ્સ પણ બંધ કરી દેવાયેલી પણ પછી ડોકલામ વિવાદ થતાં ફ્લાઈટ્સ શરૂ જ ના થઈ.

કોરોના પહેલાં બંને દેશો વચ્ચે દર મહિને ૫૩૯ સીધી ફ્લાઇટ્સ હતી અને ૧.૨૫ લાખથી વધુ મુસાફરો અવરજવર કરતા. એર ઇન્ડિયા, ચાઇના સધર્ન એરલાઇન્સ, ચાઇના ઇસ્ટર્ન એરલાઇન્સ જેવી કંપનીઓની ફ્લાઈટ ચાલતી પણ ફ્લાઇટ બંધ થતાં બંને દેશોના મુસાફરો વાયા બાંગ્લાદેશ, હોંગકોંગ, થાઇલેન્ડ અને સિંગાપોર જેવા કનેક્ટિંગ હબ દ્વારા આવનજાવન કરતા હતા. સ્વાભાવિક રીતે જ આ યાત્રા મોંઘી પડતી તેથી આ નિર્ણય પણ ભારતને ફાયદાકારક સાબિત થશે.

ચીનનો ભારત સાથેનો ટ્રેક રેકોર્ડ બહુ વખાણવા જેવો નથી પણ ડોનલ્ડ ટ્રમ્પના કારણે ચીન ખરેખર ભીંસમાં છે. આ કારણે આ વખતે ચીન ભારત સાથેના સંબંધો મજબૂત કરવા દિલથી પ્રયત્ન કરે એવી પૂરી શક્યતા છે.

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ

મંગળવાર, તા. ૨૯-૪-૨૦૨૫, પરશુરામ જયંતી, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૯, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૧૮-૪૬ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૩-૧૧, મધ્યરાત્રે ક. ૦૦-૫૭
- ઓટઃ સવારે ક. ૦૬-૨૯, રાત્રે ક. ૧૯-૧૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ - દ્વિતીયા. ચંદ્રદર્શન, મું. ૪૫, સમર્ઘ, દક્ષિણ શૃંગોન્નતિ ૧૩ અંશ, પરશુરામ જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ભગવાન પરશુરામ જયંતી, ઉત્સવ, યાત્રા, મેળો. શોભાયાત્રા, અગ્નિપૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મંગળ ગ્રહદેવતાનું પૂજન, વિશેષરૂપે ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ઉંબરાના વૃક્ષનું પૂજન, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, આચમનઃ ચંદ્ર-રાહુ અર્ધત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર-હર્ષલ યુતિ કાંઈક ચસ્કેલું મન
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ અર્ધત્રિકોણ, ચંદ્ર-હર્ષલ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

પહલગામ હુમલા મુદ્દે સર્વપક્ષીય બેઠકમાં હાજરી ન આપતા ખડગેના વડા પ્રધાન મોદી પર પ્રહાર

જયપુરઃ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે પહલગામ આતંકવાદી હુમલા અંગે ચર્ચા કરવા માટે બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી ન આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા. નોંધનીય છે કે આ હુમલામાં ૨૬ લોકોનાં મોત થયાં હતાં.

તેમણે અહીં બંધારણ બચાવો રેલીને સંબોધતા જણાવ્યું કે દેશનું દુર્ભાગ્ય છે કે જ્યારે દેશના ગૌરવને ઠેસ પહોંચી ત્યારે તમે (પીએમ મોદી) બિહારમાં ચૂંટણી ભાષણ આપી રહ્યા હતા. સર્વપક્ષીય બેઠકમાં તમામ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા, પરંતુ દુઃખની વાત છે કે પીએમ મોદી તે બેઠકમાં આવ્યા ન હતા. શું બિહાર દૂર હતું? પીએમએ સર્વપક્ષીય બેઠકમાં આવીને યોજના વિશે જણાવવું જોઇતું હતું. તેમને અમારી શું મદદની જરૂર છે?

વડા પ્રધાન પર વધુ પ્રહાર કરતાં તેમણે જણાવ્યું કે મોદીએ મોંઘવારી અને બેરોજગારી આપી છે. આવા લોકો દેશને નબળો પાડે છે. ૫૬ ઇંચની છાતી સંકોચાઇ ગઇ છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા મોદીએ કહ્યું હતું કે વિકાસની દ્રષ્ટિએ ઉત્તર પ્રદેશને ગુજરાત જેવું બનાવવા માટે ૫૬ ઇંચની છાતી જોઇએ. ખડગેએ કહ્યું કે કોંગ્રેસના નેતાઓએ નિર્ણય લીધો છે કે તેઓ સરકારને તેના કામમાં ટેકો આપશે કારણ કે રાષ્ટ્ર સર્વોપરિ છે. દેશ સર્વોપરિ છે, પછી પક્ષો અને ધર્મ આવે છે. દેશ માટે બધાએ સંગઠિત થવું જોઇએ. તેમણે કહ્યું કે કોંગ્રેસ એકતાની વાત કરે છે પરંતુ ભાજપ તેને તોડવાની વાત કરે છે. તપાસ એજન્સીઓના કથિત દુરુપયોગ અને કોંગ્રેસના નેતાઓને ત્યાં દરોડા પાડવા અંગે સરકાર પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે જ્યારે પણ કોંગ્રેસનો વિકાસ થાય છે ત્યારે આ લોકો તેને દબાવવાનો પ્રયાસ કરે છે.

પાકિસ્તાનના સુરક્ષા દળોએ વધુ ૧૭ અફઘાન આતંકવાદીનો ખાતમો બોલાવ્યો

પેશાવર : પાકિસ્તાનના સલામતી દળોએ સોમવારે પ્રતિબંધિત તેહરિક-એ-તાલિબાન (ટીટીપી) સાથે સંકળાયેલા વધુ ૧૭ આતંકવાદીને ઠાર માર્યા હતા. સલામતી દળોએ પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે કરેલી કાર્યવાહીમાં છેલ્લા ત્રણ દિવસમાં ૭૧ આતંકવાદી માર્યા ગયા હતા. પાકિસ્તાન લશ્કરના ઈન્ટર સર્વિસીસ પબ્લિક રિલેશન્સ (આઈએસપીઆર)ના જણાવ્યા પ્રમાણે અશાંત ખૈબર-પખ્તુનખવા પ્રાંતમાં ઉત્તર વઝિરાસ્તાનમાં કરાયેલા ઓપરેશનમાં આતંકવાદીઓ માર્યા ગયા હતા.

લશ્કરની મીડિયા વિન્ગે કહ્યું હતું કે ૧૭ વિદેશી આતંકવાદીઓ માર્યા ગયા હતા અને તેમની પાસેથી હથિયારો, ગોળી અને વિસ્ફોટક પદાર્થ મળી આવ્યા હતા. અફઘાનિસ્તાનથી ખૈબર પખ્તુનખવામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરનારા ટીટીપીના ૫૪ આતંકવાદીઓને સલામતી દળોએ મારી નાખ્યા હતા.

છેલ્લા ત્રણ દિવસના ઓપરેશનમાં માર્યા જનારા વિદેશી આતંકવાદીઓની સંખ્યા ૭૧ થઈ છે. (એજન્સી)

સુપ્રીમ કોર્ટે વક્ફ (સુધારા) કાયદાને પડકારતી નવી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે વકફ (સુધારા) કાયદા, ૨૦૨૫ની બંધારણીય માન્યતાને પડકારતી નવી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે તે આ મુદ્દા પર 'સેંકડો' અરજીઓ પર વિચાર કરી શકતી નથી.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બનેલી બેન્ચે અરજદાર સૈયદ આલો અકબરના વકીલને પાંચ કેસોમાં હસ્તક્ષેપ અરજી દાખલ કરવા કહ્યું જે ૫ મેના રોજ વચગાળાના આદેશો પસાર કરવા માટે લેવામાં આવશે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ એ કહ્યું કે, "તમે આ પાછું ખેંચો. અમે ૧૭ એપ્રિલે એક આદેશ પસાર કર્યો હતો કે સુનાવણી માટે ફક્ત પાંચ અરજીઓ લેવામાં આવશે."

"જો સલાહ આપવામાં આવે તો અરજદાર માટે પેન્ડિંગ અરજીઓમાં અરજી દાખલ કરી શકાશે."

૧૭ એપ્રિલના રોજ, બેન્ચે તેની સમક્ષ કુલ અરજીઓમાંથી ફક્ત પાંચ અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય લીધો હતો. આ કાયદા વિરુદ્ધ લગભગ એ વખતે ૭૨ અરજી દાખલ કરવામાં આવી હતી.

સ્પેન-પોર્ટુગલમાં મોટાપાયે વીજપુરવઠો ખંડિત

બાર્સેલોનાઃ સ્પૅન અને પોર્ટુગલમાં સોમવારે મોટાપાયે વીજપુરવઠો ખોરવાયો હતો અને તેને કારણે ટેલિફોન લાઈન, ટ્રાફિક લાઈટ, એટીએમ મશીન અને સબવે નેટવર્ક બંધ પડી ગયા હતા. ઈબેરિયન દ્વીપ પર પણ તેની અસર જોવા મળી હતી.

સ્પૅનની વીજઉત્પાદક કંપની રેડ ઈલેક્ટ્રિકે કહ્યું હતું કે આટલા મોટાપાયે વીજપુરવઠો ખોરવાઈ જવાની ઘટના ભાગ્યે જ બને છે.

દસ કલાક બાદ વીજપુરવઠો પૂર્વવત થયો હતો.

આ બંને દેશની સંયુક્ત વસતી પાંચ કરોડથી વધુ છે. જોકે કેટલા લોકોને આની અસર થઈ હતી તે જાણી શકાયું નહોતું.

સ્થાનિક સમય મુજબ મધ્યાહ્ન બાદ વ્યાપકપણે વીજપુરવઠો ખોરવાઈ જવાની ઘટના બની હતી અને તેને કારણે પ્રસારમાધ્યમના ન્યૂઝરૂમ, સ્પૅનની સંસદ અને દેશભરના સબવેમાં અંધારપટ છવાઈ ગયો હતો.

૧.૬ કરોડની વસતી ધરાવતા પોર્ટુગલની રાજધાની લિસબન અને તેની આસપાસના વિસ્તાર ઉપરાંત દેશના ઉત્તર અને દક્ષિણ ભાગમાં પણ વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો.

દેશની બહાર બનેલી ઘટનાને કારણે આ સમસ્યા સર્જાઈ હોવાનું પોર્ટુગલની સરકારે કહ્યું હતું.

યુરોપિયન ઈલેક્ટ્રીસિટી સિસ્ટમમાં તેમ જ સ્પૅનના ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્કમાં સર્જાયેલી ખામીને કારણે આ સમસ્યા સર્જાઈ હોવાનું તેમણે કહ્યું હતું.

નેટવર્કને સ્થિર કરવા ચોક્કસ વિસ્તારમાં વીજપુરવઠો ખંડિત કરવાની ફરજ પડી હોવાનું પોર્ટુગલની વીજવિતરણ કંપનીએ કહ્યું હતું. ફ્રાન્સ પર પણ આની અસર થઈ હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

ઉત્તર પ્રદેશમાં માટીનો ટેકરો ધસી પડતાં પાંચનાં મોત

કૌશાંબીઃ ઉત્તર પ્રદેશના કૌશાંબી જિલ્લામાં સોમવારે ઘરને પ્લાસ્ટર કરવા માટે માટી ખોદતી વખતે માટીનો ટેકરો ધસી પડતાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટનામાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમની જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સ્ટેશન હાઉસ ઓફિસર(એસએચઓ) ચંદ્રભૂષણ મૌર્યએ જણાવ્યું કે સોમવારે સવારે કોખરાજ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ટીકરડીહ ગામની કેટલીક મહિલાઓ તેમના ઘરનું પ્લાસ્ટર કરવા માટે ગામની બહાર એક ટેકરામાંથી માટી ખોદવા ગઇ હતી. ટેકરો પહેલેથી જ નબળો હતો અને તેમાં તિરાડો દેખાઇ રહી હતી. ખોદકામ કરતી વખતે અચાનક ટેકરાનો એક મોટો ભાગ તૂટી પડ્યો હતો, જેના કારણે બધા લોકો તેની નીચે દટાઇ ગયા હતા.

એસએચઓના જણાવ્યા અનુસાર મમતા (૩૫), કચરાહી (૭૦), ઉમા દેવી (૧૫) અને ખુશી (૧૭)ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

પંકજ ઉધાસ, શેખર કપૂર સહિત અનેકને પદ્મ એવૉર્ડ એનાયત કરાયા

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોમવારે ૭૧ વિખ્યાત વ્યક્તિઓને પદ્મ એવૉર્ડથી નવાજ્યા હતા. આ વિખ્યાત વ્યક્તિઓમાં સૂઝૂકી મોટરના દિવંગત પ્રમુખ ઓસામુ સૂઝૂકી, દિવંગત ગઝલ ગાયક પંકજ ઉધાસ, બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સુશીલકુમાર મોદી અને તમિળ દૈનિક દિનામાલારના પ્રકાશક લક્ષ્મીપતિ રામાસુબ્બાઐય્ર સહિતના લોકોનો સમાવેશ થાય છે. પચીસ જાન્યુઆરી પ્રજાસત્તાકદિન નિમિત્તે દેશના સૌથી પ્રતિષ્ઠિત ગણાતા પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રી એવૉર્ડ માટે કુલ ૧૩૯ વિશેષ વ્યક્તિઓનું નામાંકન કરવામાં આવ્યું હતું જેમાંથી ૭૧ જણને સોમવારે રાષ્ટ્રપતિ ભવનના મેજિસ્ટિક હૉલ ખાતે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ સહિતના મહાનુભવોની ઉપસ્થિતિમાં પદ્મ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. બાકીનાઓને જલદી જ યોજવામાં આવનારાં સમારોહમાં આ એવૉર્ડથી નવાજવામાં આવશે.

વરિષ્ઠ અભિનેતા શેખર કપૂર. ક્રિકેટર રવીચંદ્રન અશ્વિન, હોકી ખેલાડી પી. આર. શ્રીજેશ, એશિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ઍન્ડ એઆઈજી હૉસ્પિટલના અધ્યક્ષ ડી. નાગેશ્વર રેડ્ડી, વાયોલિનવાદક લક્ષ્મીનારાયણ સુબ્રમણિયમ અને બાલાયા તરીકે જાણીતા તેલુગુ સુપરસ્ટાર નંદામૂરી બાલકૃષ્ણને પણ પદ્મ એવૉર્ડથી સન્માનવામાં આવ્યા હતા. ચાર જણને પદ્મવિભૂષણ, સૂઝૂકી, સુબ્રમણિયમ રેડ્ડી અને મલયાલમ લેખક અને ફિલ્મ નિર્દેશક એમ. ટી. વાસુદેવન નાયરને મરણોત્તર પદ્મ એવૉર્ડ આપવામાં આવ્યો હતો. કુલ દસ જણને પદ્મભૂષણ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા જેમાં પંકજ ઉધાસ (મરણોત્તર), સુશીલકુમાર મોદી (મરણોત્તર), બાલાકૃષ્ણ, શેખર કપૂર, શ્રીજેસ, તમિળ અભિનેતા એસ. અજિતકુમાર, ઝાયડસ લાઈફસાયન્સિસના અધ્યક્ષ પંકજ પટેલ, ફાધર ઑફ પેન્ટિમ તરીકે જાણીતા ભારતીય-અમેરિકન એન્જિનિયર વિનોદ ધામનો સમાવેશ થાય છે.

૫૭ જણને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

યુટ્યૂબ ચેનલ

પાકિસ્તાને ભારતીય નાગરિકોના વિઝા રદ કર્યા હતા. આ અહેવાલને ભારત સરકારે વાંધાજનક લેખાવ્યો હતો.

એક મેસેજમાં ભારતીય સેનાના અત્યાધુનિકીકરણ, વૉર ઝોનના શહીદો અને ઈજાગ્રસ્ત સૈનિકો માટે દરેકને એક રૂપિયાનું યોગદાન આપવાની વાત કરવામાં આવી હતી.

વૉટ્સએપ પર ફરી રહેલા આ મેસેજને ભારત સરકારે ગેરમાર્ગે દોરનારો લેખાવી તેનાં પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. (એજન્સી)

પાકિસ્તાને

હતો. સંરક્ષણના પ્રવકતાએ કહ્યું હતું કે ૨૭ અને ૨૮ એપ્રિલની રાત્રે પાકિસ્તાન લશ્કરે અંકુશરેખાને અડીને આવેલા કુપવાડા અને પૂંચ જિલ્લામાં નાના હથિયારો વડે બિનઉશ્કેરણીજનક ગોળીબાર કર્યો હતો.

ભારતીય લશ્કરી દળોએ આનો ત્વરિત અસરકારક જવાબ આપ્યો હતો. કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી. પાકિસ્તાનના લશ્કરે અંકુશરેખા પર ભારતની પોઝિશન પર ગુરુવારે રાતે અને ૨૫-૨૬ એપ્રિલ અને ૨૬-૨૭ એપ્રિલની રાતે ગોળીબાર કર્યો હતો. દરેક વખતે ભારતે આનો યોગ્ય જવાબ આપ્યો હતો. (એજન્સી)

ભૂમિદળ

અધિકારીનું કહેવું છે કે સરહદ પર વધતા જોખમને ધ્યાનમાં રાખીને આમ કરવું આવશ્યક બની ગયું છે. કારણ કે દુશ્મન પર વિશ્વાસ રાખી શકાય એમ નથી.

અધિકારીને ચિંતાની વાત પાકિસ્તાને જવાનોની વધારેલી સંખ્યા અને યુદ્ધની તૈયારી છે. અધિકારી કહે છે કે પાકિસ્તાન લશ્કર એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદે મોરચાબંદીની સાથે ભારે હથિયારોને પણ તહેનાત કરી રહ્યું છે. અધિકારીએ કહ્યું હતું કે આના જવાબમાં ભારતીય પક્ષને પણ બધી તૈયારી કરવાનું કહેવામાં આવ્યું છે જેથી શત્રુના ઓચિંતા હુમલામાં જડબાતોડ જવાબ આપી શકાય. આથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉચિત સંખ્યામાં સીમા પર જવાનો અને બીજાં હથિયારો ગોઠવામાં આવી રહ્યાં છે. રક્ષા સૂત્રોનું કહેવું છે કે પાકિસ્તાન લશ્કરની તૈયારીને જોતાં અને સરહદ પર પાકિસ્તાનની હરકત અને હિલચાલને ધ્યાનમાં રાખીને ભારતીય હવાઈદળોને કોઈ પણ ખતરાનો સામનો કરવા બે મિનિટમાં તૈયાર થઈ જવાનું કહેવામાં આવ્યું છે.

ભારતીય નૌકાદળની

માટે ભારતનું પ્રતિનિધિત્વ સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે કર્યું હતું. આ દરમિયાન, નૌકાદળના નાયબ વડા, વાઇસ એડમિરલ કે. સ્વામીનાથન પણ હાજર હતા. આ ડીલની કિંમત ૬૩,૦૦૦ કરોડ રૂપિયા છે.

ભારત અને ફ્રાન્સ વચ્ચે થયેલી આ ડીલમાં ૨૨ સિંગલ-સીટ અને ચાર ટ્વીન-સીટ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ આ આ જેટ વિમાનો આઇએનએસ વિક્રાંત પર તૈનાત કરવામાં આવશે. આ એરક્રાફ્ટથી ઇન્ડિયન નેવીની શક્તિ વધશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી સીસીએસ તરફથી આ મહિનાની શરૂઆતમાં ફ્રાન્સથી રાફેલ મરીન વર્ઝન એરક્રાફ્ટ ડીલને મંજૂરી મળી હતી.

ભારત અને ફ્રાન્સ વચ્ચે ૨૦૧૬માં આ ડીલ કરવામાં આવી હતી, જે હેઠળ ભારતીય વાયુસેનાને ૩૬ રાફેલ વિમાનો મળ્યાં હતાં. ભારતીય વાયુસેનાના રાફેલ એરક્રાફ્ટ જેટ બે બેઝ, અંબાલા અને હાશિનારા પર તૈનાત છે. આ ૨૬ રાફેલ-એમના સોદા સાથે, ભારતના રાફેલ જેટની સંખ્યા વધીને ૬૨ થઈ જશે.

સુપ્રીમ કોર્ટે

સાંસદોએ આગળ આવવું જોઈએ.

આ બાબત અમારા અધિકારક્ષેત્ર હેઠળ ન આવતી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે સરકારની સત્તામાં અમે હસ્તક્ષેપ કરી રહ્યા હોવાનાં અનેક આક્ષેપો અમારાં પર કરવામાં આવી રહ્યા છે.

દેખીતી રીતે જ તાજેતરમાં જ ન્યાયતંત્ર પર સાંસદો દ્વારા કરવામાં આવેલા પ્રહારનો ઉલ્લેખ કરતાં ખંડપીઠે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

અમુક સામગ્રી માત્ર બીભિત્સ જ નહીં, પરંતુ વિકૃત હોવાનું કેન્દ્ર સરકાર વતી ઉપસ્થિત રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું. અરજકર્તાના વકીલ વિષ્ણુશંકર જૈને કહ્યું હતું કે કોઈપણ પ્રકારની ચકાસણી કે અંકુશ વિના આ સામગ્રી દર્શાવવામાં આવે છે. આ માટે સરકારે કંઈક કરવું જોઈએ કેમ કે વર્તમાન પરિસ્થિતિમાં બાળકો સરળતાથી તેનો ભોગ બને છે, એમ તેમણે કહ્યું હતું. બાળકો માટે આ પ્રકારની સામગ્રી બાળકો સરળતાપૂર્વક ઉપલબ્ધ ન બને તે માટે સોશિયલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મ યંત્રણા ન ઘડે ત્યાં સુધી તેનાં ઉપયોગ પર રોક લગાડવાની તેમણે માગણી કરી હતી.

આ મામલે કંઈક ઘટતું કરવામાં આવવું જોઈએ, એમ તુષાર મહેતાએ કહ્યું હતું. (એજન્સી)

અમદાવાદ

મેટ્રો નેટવર્ક ૬૨ કિલોમીટર સુધી પહોંચી ગયું છે, જે દિલ્હી, બેંગલુરુ અને હૈદરાબાદ પછી ભારતમાં ચોથું સૌથી લાંબું મેટ્રો નેટવર્ક બની ગયું છે. આ વર્ષના અંત સુધીમાં મેટ્રો સર્વિસ મહાત્મા મંદિર સુધી પહોંચશે. મેટ્રોને ગોધાવી અને અમદાવાદ એરપોર્ટ સુધી લંબાવવાના પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે.

એક એલિવેટેડ ટ્રેક કોટેશ્વર રોડને તાજ સર્કલ સાથે જોડશે, ત્યારબાદ મેટ્રો મુસાફરોને સીધી એરપોર્ટ ટર્મિનલ સુધી પહોંચાડશે. એરપોર્ટ પર અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન હશે, લિફ્ટ અને એસ્કેલેટર દ્વારા મુસાફરો ટર્મિનલ સુધી સીધા પહોંચી શકશે. કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધીના ટ્રેકનું કામ ટૂંક સમયમાં શરૂ થવાની અપેક્ષા છે, જેનો અંદાજિત ખર્ચ રૂપિયા ૧,૮૦૦ કરોડ છે. ગિફ્ટ સિટીની અંદર મેટ્રોનું કામકાજ શરૂ થઈ ગયું છે, અને ગિફ્ટ સિટીની અંદર રૂપિયા ૨,૦૦૦ કરોડના ખર્ચે ૧૦ કિલોમીટરની નવી લાઇન પણ આ વર્ષના અંત સુધીમાં શરૂ થઇ થશે. મેટ્રો ફેઝ-૨ પ્રોજેક્ટ ૨૦૨૫ ના અંત સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

ભાયખલાની આગમાં ગુજરાતી સહિત ચાર દાઝ્યાં

ડોમ્બિવલીમાં સાડી દીવાને લાગીને સળગતા મહિલાનું મૃત્યુ

મુંબઈઃ ડોમ્બિવલીમાં સાડી દીવાને લાગીને લાગેલી આગમાં એક મહિલાનું સોમવારે મૃત્યુ થયું હતું. તો મુંબઈમાં સોમવારે આગના બે જુદા જુદા બનાવ બન્યા હતા, જેમાં ભાયખલાની સુપર બેકરીમાં લાગેલી આગમાં ૪૬ વર્ષના ગુજરાતી જયેશ પારેખ સહિત અન્ય ત્રણ લોકો દાઝી ગયા હતા. તો વહેલી સવારે વરલીની બીડીડી ચાલમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની બિલ્ડિંગના મીટર બોક્સમાં આગ ફાટી નીકળી હતી, જેમાં સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું.

ભાયખલામાં શેઠ મોતીશા લેન પર સુપર બેકરી આવેલી છે. સોમવારે સાંજના ૫.૨૭ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. એ દરમ્યાન બેકરીમાં આવેલા ગ્રાહક સહિત ત્યાં કામ કરનારા કારીગરો ગંભીર રીતે જખમી થઈ ગયા હતા. ફાયરબ્રિગેડે ઘટનાસ્થળે પહોંચીને લગભગ સવા કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ જખમીમાં ૪૬ વર્ષના જયેશ પારેખ ૩૦ ટકા દાઝી ગયા હતા. તેમને ભાટિયા હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તો પચીસ વર્ષના ઝુબેર સિદ્દીકી ૧૫ ટકા દાઝી ગયો હતો અને ૨૩ વર્ષનો જબરીલ અહમદ ૨૦ ટકા દાઝી ગયો હતો તો ૩૬ વર્ષનો સરિયાર રઈસી ૩૫થી ૪૦ ટકા દાઝી ગયો હતો. ત્રણેય પર ભાયખલાની મસીના હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

વરલીમાં ડૉ.જી.એમ. ભોસલે માર્ગ પર આવેલી બીડીડી ચાલ નંબર ૪૫માં સોમવારે વહેલી સવારે ૫.૪૬ વાગે ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર રહેલા મીટર બોક્સમાં આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડે ઘટનાસ્થળે પહોંચીને લગભગ એક કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું હતું. આગનો ત્રીજો બનાવ ડોમ્બિવલીમાં બન્યો હતો, જેમાં શનિવારે ઘરમાં પૂજા કરવા દરમ્યાન ૪૮ વર્ષની અર્ચના ધર્મેન્દ્ર કુમાર નામની મહિલાની સાડી દીવાના સંપર્કમાં આવી જતા તે દાઝી ગઈ હતી. તેને તરત હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમ્યાન તેનું સોમવારે મૃત્યુ થયું હતું. ■

ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ડિપોઝિટરોના દેખાવો

વિરોધઃ ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના થાપણદારોએ ગઈ કાલે વિરોધ પ્રદર્શન કર્યું હતું. (પીટીઆઈ)

થાણેઃ કૌભાંડગ્રસ્ત ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ડિપોઝિટરોએ થાણેમાં સોમવારે વિરોધ પ્રદર્શન કરીને બૅંકને જલદીથી બેઠી કરવા અથવા બૅંકનું મર્જર કરવાની માગણી કરી હતી. એનઆઇસીબી ડિપોઝિટર્સ ફાઉન્ડેશનના બેનર હેઠળ પોતાની માગણીઓ સાથેના પ્લેકાર્ડ-બેનરો લઇને દેખાવકારો બૅંકની માજિવાડા બ્રાન્ચ ખાતે સુધી પરેડ કાઢી હતી.

બૅંકને ઝડપથી બેઠી કરવા અને આરબીઆઇએ ૧૩મી ફેબ્રુઆરીથી જે પ્રતિબંધો લાદ્યા છે તેમાંથી ખાતાધારકોને રાહત આપવાની માગણી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.

૧૨૨ કરોડ રૂપિયાના ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંક કૌભાંડ કેસમાં મુંબઈ પોલીસે અત્યાર સુધી આઠ જણની ધરપકડ કરી છે.

ડિપોઝિટરોનું પ્રતિનિધિમંડળ બૅંક મેનેજરને મળ્યું હતું તથા પોતાની માગણીઓ સાથેનું આવેદનપત્ર સોંપ્યું હતું જેમાં આરબીઆઇ દ્વારા નિમાયેલા સલાહકારો અને વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠક છતાં બૅંકના ભાવિ અંગે અસ્પષ્ટતા હોવા પર ભાર આપવામાં આવ્યો હતો.

ડિપોઝિટરોએ તેમની ડિપોઝિટ, ખાસ કરીને ડિપોઝિટ ઇન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન (ડીઆઇસીજીસી) હેઠળ પાંચ લાખથી વધુ રૂપિયાની ડિપોઝિટ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ચોક્કસ સમયમાં બૅંકને બેઠી કરવા અથવા તેના મર્જર વિશે નિર્ણય લેવાની માગણી કરી હતી. આ સિવાય પૈસા ઉપાડવાની મર્યાદા ૨૫,૦૦૦થી વધારીને દોઢ લાખ રૂપિયા કરવાની માગણી પણ કરાઇ હતી. ■

સ્કૂલ વૅનમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મની ઘટનાથી વાલીઓ ભડક્યાઃ શાળા બહાર વિરોધ પ્રદર્શન

થાણેઃ સ્કૂલ વૅનમાં ચાર વર્ષની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મની ઘટનાની જાણ થતાં ભડકેલા વાલીઓ નવી મુંબઈની પ્રતિષ્ઠિત સ્કૂલ બહાર ભેગા થયા હતા અને શાળાના સત્તાવાળાઓ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્લેકાર્ડ્સ સાથે સૂત્રોચ્ચાર કરનારા વાલીઓએ પ્રિન્સિપાલની હકાલપટ્ટી કરવાની માગણી કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ વિદ્યાર્થિની સાથે કથિત ઘટના ૨૨ એપ્રિલે બની હતી. આ પ્રકરણે ફરિયાદને આધારે આરોપી ડ્રાઈવર સંજીત દાસ વિરુદ્ધ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન સ્કૂલ વૅનમાં વિદ્યાર્થિની સાથે કુકર્મની વાત ફેલાતાં સોમવારની સવારે નવી મુંબઈની સ્કૂલ બહાર મોટી સંખ્યામાં વાલીઓ એકઠા થયા હતા.

વાલીઓના જણાવ્યા મુજબ આ ગંભીર મુદ્દો હોવા છતાં શાળાના વ્યવસ્થાપકો અને પ્રિન્સિપાલે ઢીલું વર્તન અપનાવી રહ્યા છે. તેમણે કોઈ પણ બાંયધરી આપી નથી. તેથી અમારાં સંતાનો સાથે આવી ઘટના ફરી ન બને તેની અમે કઈ રીતે ખાતરી રાખી શકીએ?

આ મુદ્દે શાળાના વ્યવસ્થાપકોની પ્રતિક્રિયા લેવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ પત્રકારોની વિનંતીનો કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નહોતો. (પીટીઆઈ)■

અભિનેત્રીના ફ્લૅટમાંથી ₹ ૩૪.૫૦ લાખના દાગીના પર હાથફેરો કરી નોકરાણી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બેડરૂમની સાફસફાઈ કરી આપવાને બહાને અભિનેત્રી નેહા મલિકના ફ્લૅટમાંથી ૩૪.૫૦ લાખ રૂપિયાના સોના-હીરાના દાગીના પર હાથફેરો કરી નોકરાણી રફુચક્કર થઈ ગઈ હતી.

અંધેરી પશ્ચિમમાં ચાર બંગલા ખાતેની ઈમારતના ૧૨મા માળે રહેતી અભિનેત્રી કમ મૉડેલ નેહા મલિકની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે અંબોલી પોલીસે શેહનાઝ મુસ્તફા શેખ (૩૭) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. મલાડમાં રહેતી શેખની પોલીસ શોધ ચલાવી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર શેખ અભિનેત્રીના ફ્લૅટમાં સાફસફાઈનું કામ કરતી હતી. રોજ સવારે ૭.૩૦ વાગ્યે આવીને શેખ પોતાનું કામ પતાવી ૯ વાગ્યાની આસપાસ પાછી જતી રહેતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે મૉડેલ નેહાની માતા તેના દાગીના બેડરૂમમાં લાકડાના ડ્રોઅરમાં મૂકતી હતી. આ ડ્રોઅરને લૉક નહોતું. ૨૪ એપ્રિલે દાગીના ડ્રોઅરમાં મૂકવામાં આવ્યા પછી બીજી સવારે દાગીના ગુમ હોવાનું જણાયું હતું. વળી, એ દિવસથી નોકરાણી શેખે પણ કામે આવવાનું બંધ કરી દીધું હતું.

એફઆઈઆર અનુસાર ફરિયાદીએ નોકરાણીની સામે જ દાગીના ડ્રોઅરમાં મૂક્યા હતા. એ સિવાય ૨૪ એપ્રિલે નવ હજાર રૂપિયા તેણે ફરિયાદી પાસેથી એડ્વાન્સમાં લીધા હતા. એ જ દિવસે નોકરાણીએ બેડરૂમની વ્યવસ્થિત સાફસફાઈ કરી આપવાની તૈયારી દાખવી હતી. દાગીના ગુમ થયા પછી નોકરાણીનો મોબાઈલ ફોન સતત સ્વિચ ઑફ આવતો હોવાથી ફરિયાદીએ તેના પર શંકા વ્યક્ત કરી હતી. ■

સિમેન્ટના ગોદામમાંથી ₹ ૮.૧૫ કરોડનું મેફેડ્રોન જપ્તઃ બેની ધરપકડ

મુંબઈઃ વસઈના સિમેન્ટના ગોદામમાં ધમધમતા મેફેડ્રોન (એમડી) ડ્રગ બનાવવાના કારખાના પર કાર્યવાહી કરી મુંબઈની સાકીનાકા પોલીસે ૮.૧૫ કરોડ રૂપિયાનું મેડી જપ્ત કર્યું હતું. આ કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. પકડાયેલા બન્ને આરોપીની ઓળખ બાન્દ્રામાં રહેતા સાદીક સલીમ શેખ (૨૮) અને મીરા રોડમાં રહેતા સિરાજ પંજવાની (૫૭) તરીકે થઈ હતી. આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. મળેલી માહિતીને આધારે પોલીસે સાકીનાકાના કાજુપાડા વિસ્તારમાંથી ગયા સપ્તાહે શેખને તાબામાં લીધો હતો. ■

પહલગામ હુમલોઃ થાણેના બ્રાહ્મણો પરશુરામ જયંતી નહીં ઉજવે

મુંબઈઃ પહલગામ આતંકવાદી હુમલાના પીડિતોના શોકમાં થાણેના બ્રાહ્મણોની વિવિધ સંસ્થાઓએ ૩૦મી એપ્રિલે ભગવાન પરશુરામ જયંતીની ઉજવણી ન કરવાનું નક્કી કર્યું છે. ઘણા વર્ષોથી આ સંસ્થાઓ દ્વારા ભગવાન પરશુરામ જયંતીની તથા અન્ય જાહેર તહેવારોની પણ ઉજવણી ન કરવાનો નિર્ણય લેવાયો છે. બ્રાહ્મણ સમાજના અગ્રણીઓએ સંયુક્ત રીતે તહેવારોની ઉજવણી રદ કરવાનો નિર્ણય લીધો છે. 'તહેવારોની ઉજવણી કરવાને બદલે અમે ભગવાન પરશુરામને પુષ્પાંજલિ અર્પીને તેમની વ્યક્તિગત રીતે પૂજા કરવામાં આવશે', એમ સંસ્થાઓ તરફથી એક નિવેદનમાં જણાવાયું હતું. ■

સંસ્થા સમાચાર

ગમી જઈએ બધાને એ પણ ક્યાં ગમે છે બધાને? ધીરગુરુદેવ
ચંદ્રવદન દેસાઈનું ૨૭ લાખનું અનુદાન

રાજકોટના આંગણે ડૉ. સી. જે. દેસાઈ મહાવીર ભવન, જૈન બોર્ડિંગ પરિસરમાં પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ઋણ સ્વીકાર - સ્નેહ મિલન પ્રસંગે ગુરુદેવે કહેલ કે - ગમી જઈએ બધાને એ પણ ક્યાં ગમે છે બધાને? વધુમાં દેસાઈ પરિવારની ઉદારતાનો પરિચય આપતાં જણાવેલ કે - મને શું મળશે એના કરતાં હું શું આપી શકીશ. એ ભાવ જ આપણને પ્રગતિ તરફ લઈ જાય છે. કેમકે ઘણી વખત જે દોડવાથી નથી મળતું એ છોડવાથી મળી જાય છે. યુવાદાતા પ્રણય સી. દેસાઈએ દાદાજી ડૉ. સી. જે. દેસાઈની પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ કરી ટ્રસ્ટી મંડળે નજરાણા સમાન સંકુલના નિર્માણમાં સહભાગી થવા બદલ ઋણ સ્વીકાર કરેલ. નીલેશ મહેતા (કલકત્તા)એ દેસાઈ પરિવારની દાન ગંગોત્રીને બિરદાવી હતી. પૂ. ઉષા - વીણાબાઈ મ.સ. ઠાણા-૩ પધાર્યા હતાં. મહાવીર હોલમાં નવકાર મહામંત્ર નામકરણમાં ૨૭ લાખનું દાન જશવંતીબેન અને ડૉ. સી. જે. દેસાઈએ ઘોષિત કરતાં ઉમંગ છવાયો હતો. જીતુભાઈ બેનાણી, મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ વગેરેએ દેસાઈ પિતા-પુત્રનું સન્માન કરેલ.

ન્યૂઝવીક અને સ્ટેટિસ્ટા દ્વારા કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલને વર્લ્ડ્સ બેસ્ટ હૉસ્પિટલ્સ ૨૦૨૫ની ગ્લોબલ રેન્કિંગમાં સ્થાન

પ્રતિષ્ઠાસભર વૈશ્વિક સન્માન જે ક્લિનિકલ શ્રેષ્ઠતા અને દર્દીઓ પર કેન્દ્રિત નવીનતાને મજબૂત બનાવે છે

મુંબઈ, ૨૪ એપ્રિલ, ૨૦૨૫ મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટને સ્ટેટિસ્ટાના સહયોગમાં ન્યૂઝવીક દ્વારા પ્રતિષ્ઠિત વર્લ્ડ્સ બેસ્ટ હૉસ્પિટલ્સ ૨૦૨૫માં સ્થાન મળ્યું છે જે હોસ્પિટલની ક્લિનિકલ ઉત્કૃષ્ટતા, ટેક્નોલોજીકલ નવીનતા અને દર્દી-પ્રથમ અભિગમનું નોંધપાત્ર સન્માન છે.

ન્યૂઝવીક અને સ્ટેટિસ્ટા દ્વારા વૈશ્વિક મૂલ્યાંકનમાં ૩૦ દેશોની ૨,૪૪૫ હૉસ્પિટલોની આકારણી કરવામાં આવી હતી જે આ સન્માનને વૈશ્વિક સ્તરે હૉસ્પિટલની પ્રતિષ્ઠાનો સંકેત આપે છે. તે નવીનતા, પર્સનલાઇઝેશન અને દર્દી-પ્રથમ સંભાળ થકી વિશ્વમાં શ્રેષ્ઠ હોય તેની સમકક્ષના હેલ્થકેર માપદંડોને પુનઃવ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખે છે. કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ભારતમાં શ્રેષ્ઠ ક્રમની હૉસ્પિટલ્સમાં ગર્વભર્યું સ્થાન ધરાવે છે.

વિશ્વની શ્રેષ્ઠ હૉસ્પિટલોની રેન્કિંગ એ ખૂબ જ વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત વૈશ્વિક મૂલ્યાંકન છે જે ક્લિનિકલ પર્ફોર્મન્સ, દર્દીઓના અનુભવ, હૉસ્પિટલ ક્વોલિટી ઇન્ડિકેટર્સ અને મેડિકલ પ્રોફેશનલ્સની ગ્લોબલ પેનલ તરફથી ઇનપુટ્સ સહિતના વિવિધ મહત્ત્વનાં પરિબળો પર હૉસ્પિટલ્સનું મૂલ્યાંકન કરે છે. કોકિલાબેન હૉસ્પિટલનો આ પ્રતિષ્ઠિત યાદીમાં સમાવેશ હૉસ્પિટલ કેર અને સુરક્ષામાં વૈશ્વિક માપદંડો સાથે સંસ્થાની સંલગ્નતા દર્શાવે છે.

બનાવટી નોટોના રૅકેટનો પર્દાફાશ: પાંચની ધરપકડ

પુણે: પુણેની બૅન્કના કૅશ ડિપોઝિટ મશીનમાં ૨૦૦ રૂપિયાની પંચાવન બનાવટી નોટો જમા કરાવવામાં આવ્યા પછી આ પ્રકરણે તપાસ હાથ ધરી શિવાજીનગર પોલીસના સાયબર સેલના અધિકારીઓએ બનાવટી નોટોના રૅકેટનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી ૨૮.૬૬ લાખના મૂલ્યની બનાવટી નોટો જપ્ત કરી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી ટીમે બીજે જ દિવસે મનીષા સ્વપ્નિલ થાણેકર, ભારતી તાનાજી ગાવંડ અને સચિન યમગરની ધરપકડ કરી હતી, એવું ડીસીપી સંદીપ ગિલે જણાવ્યું હતું.

પહલગામને પગલે સુરક્ષાની તૈયારી ચકાસવા રેલવે પોલીસની મૉક ડ્રિલ

પહલગામમાં આતંકવાદી હુમલા બાદ મુંબઈમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવીછે. મુંબઈમાં રેલવે પોલીસે રવિવારે (૨૭ એપ્રિલ) રેલ્વે સ્ટેશનો અને ટ્રેનોમાં કટોકટીની પરિસ્થિતિઓને પહોંચી વળવા માટેની તૈયારી ચકાસવા માટે એક વ્યાપક મૉક ડ્રિલ હાથ ધરી હતી. આ મૉક ડ્રિલમાં, સુરક્ષા એજન્સીઓ, રેલવે પોલીસ અને અન્ય કટોકટી સેવાઓએ સાથે મળીને મુંબઈના મુખ્ય રેલવે સ્ટેશનો પર કટોકટી સમયે ઝડપી પ્રતિભાવનો અભ્યાસ કર્યો હતો.

આ મૉક ડ્રિલ દરમિયાન, ટ્રેનમાં આગ, બોમ્બ વિસ્ફોટ અને આતંકવાદી હુમલા વખતે રેલવે પોલીસ અને અન્ય સુરક્ષા દળોની સંકલિત કાર્યવાહી જેવા વિવિધ પ્રકારના સંકટનો સામનો કરવામાં આવ્યો હતો.

રેલવે પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કવાયતથી માત્ર કટોકટીની પરિસ્થિતિમાં પ્રતિભાવ આપવાની ક્ષમતામાં વધારો જ નહીં, પરંતુ વિવિધ વિભાગો વચ્ચે વધુ સારા સંકલન અને સંદેશાવ્યવહારની ખાતરી પણ થઈ છે.

બાળકના કલ્યાણની વાત હોય ત્યારે ધર્મ નિર્ણાયક પરિબળ નથી: હાઇ કોર્ટ

આમ કહી દીકરીની કસ્ટડી મુસ્લિમ પિતાને આપવાની ના પાડી

મુંબઈ: નાનકડી દીકરીને પત્ની દ્વારા જબરદસ્તીથી લઇ જવામાં આવી હોવાનો આક્ષેપ કરનાર મુસ્લિમ વ્યક્તિને કોઇ પણ રાહત આપવાનો ઇનકાર કરતા બૉમ્બે હાઇ કોર્ટે સોમવારે કહ્યું હતું કે બાળકનાં કલ્યાણનો સવાલ હોય ત્યારે ધર્મ એ નિર્ણાયક પરીબળ નથી.

અરજદારે કોર્ટમાં દાખલ કરેલી હેબિયસ કોર્પસ (વ્યક્તિ રજૂ કરે) અરજીમાં જણાવાયું હતું કે તે અને તેની પત્ની મુસ્લિમ છે તથા મુસ્લિમ પર્સનલ લો પ્રમાણે બાળકના કુદરતી વાલી તેના પિતા હોય છે. તેથી તેની ત્રણ વર્ષની દીકરીની કસ્ટડી તેને સોંપવામાં આવે. પત્નીનો જન્મ પાકિસ્તાનમાં થયો હતો, પરંતુ ૧૯૯૫માં ભારતનું નાગરિકત્વ મેળવ્યું હતું. હાલમાં તે દિલ્હીમાં રહે છે, પરંતુ તે દીકરીને લઇને દેશ છોડી દેશે એવો ડર છે, એમ અરજીમાં જણાવાયું હતું.

હાઇ કોર્ટે સોમવારે અરજીને ફગાવતા કહ્યું હતું કે કોર્ટ દ્વારા બાળકના કલ્યાણ વિશે વિચારવામાં આવે છે. વાલીની ક્ષમતા, પાત્ર અને ધર્મ એ ઘણા પરિબળોમાંથી એક છે જે ધ્યાનમાં લેવાની જરૂર છે. સગીરના ધર્મ વિશે પણ વિચારણા થવી જોઇએ, પણ ધર્મ એ નિર્ણાયક મુખ્ય પરિબળ નથી, એમ હાઇ કોર્ટે કહ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

એલ્ફિન્સ્ટ પુલ

પ્રમાણે હવે ફક્ત બે ઇમારત બાધિત થવાની છે. તેમ છતાં પુલનું કામ કરતી વખતે ૧૭ ઇમારત સામે પણ જોખમ ઊભું થવાની ભીતિ સ્થાનિકોમાં હોવાથી બધી ૧૯ ઇમારતનો જ પુનર્વિકાસ કરવો એવી વિનંતી ભાજપના નેતા દ્વારા કરવામાં આવી હતી. સંબંધિત બે ઇમારતના રહેવાસીઓને પહેલા કુર્લામાં ટ્રાન્ઝિટ કેમ્પમાં આશરો આપવામાં આવશે. ત્યાર બાદ બાકીની ૧૭ ઇમારતના પુનર્વિકાસ બાદ આ બે ઇમારતના રહેવાસીઓને પણ ત્યાં જ ઘર આપવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

અંધેરી બ્રિજ

ગુમાવ્યો હતો. બેકાબૂ કાર ડિવાઈડ સાથે ભટકાઈને સામેની દિશામાં જતી રહી હતી. એકાએક કાર વિરુદ્ધ દિશામાંથી આવતાં બાન્દ્રા તરફ જતાં વાહનો એકબીજાને અથડાયાં હતાં. પોલીસના જણાવ્યા મુજબ ચાર કાર અને એક ટેમ્પો સાથે આ ટક્કર થઈ હતી. ઘટનાને પગલે આ વાહનોને પણ નુકસાન થયું હતું. સવારના સમયે મોટા ભાગના નોકરિયાતો અને વ્યાવસાયિકો દક્ષિણ મુંબઈની દિશામાં પ્રવાસ કરતા હોય છે. અકસ્માતને કારણે કલાકો સુધી બધા રઝળી પડ્યા હતા. હાઈવે પર વાહનોની લાંબી લાઈન નજરે પડતી હતી.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તાને કિનારે ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે સાનપને ગંભીર ઇજા થતાં તેને ટ્રોમા હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યારે તેના મિત્રને નજીવી ઇજા થઈ હતી. એ સિવાય ગંભીર જખમી પ્રશાંત વાયંગરકર (૩૨)ને સારવાર માટે કૂપર હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

બેસ્ટની બસનું ભાડું

મુદ્દે શુક્રવારે બેસ્ટ પ્રશાસને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે ચર્ચા કરી હોવાનું માનવામાં આવે છે. બેસ્ટની સતત ખોટને કારણે આર્થિક રીતે તેને સદ્ધર કરવા ભાડા વધારો જરૂરી હોવાથી બેસ્ટ ઉપક્રમ તે બાબતે મક્કમ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ભાડાં વધારાને પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ મૂંજૂરી આપી દીધી છે. હવે રાજ્યના ટ્રાન્સપોર્ટ એન્ડ અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

બેસ્ટના જનરલ મેનેજર એસવીઆર શ્રીનિવાસે આ વર્ષે બેસ્ટ ઉપક્રમનો ચાર્જ લીધા બાદ તેને ખોટમાંથી બહાર કાઢવા માટે ભાડાવધારો કરવાની સલાહ આપી હોવાનું કહેવાય છે. ભાડાંવધારાને કારણે બેસ્ટ ઉપકરણને લગભગ ૫૯૦ કરોડ રૂપિયાની વધારાની આવક થઈ શકે છે. ભાડાંમાં વધારો આગામી થોડા દિવસમાં અમલમાં આવી શકે છે. જો આ ભાડાવધારા સામે યુબીટી સેનાના નેતા આદિત્ય ઠાકરે સહિત સમાજવાદી પાર્ટીના નેતા રઈસ શેખ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.

ધર્મ પૂછવાનો

અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ પણ વડેટ્ટીવારની ટીકા કરતા તેમના નિવેદનને અસંવેદનશીલતાની ચરમસીમા સમાન ગણાવ્યું હતું. 'વારંવાર સાબિત થયું છે કે કાશ્મીરમાં હિન્દુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તો કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવાર કઈ દુનિયામાં રહે છે? 'આતંકવાદીઓની કોઈ જાતિ કે ધર્મ હોતો નથી' એમ કહીને વડેટ્ટીવાર કોને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે?' એમ તેમણે પૂછ્યું હતું.

'વિજય વડેટ્ટીવારનું નિવેદન આતંકવાદીઓના ચહેરા ઢાંકવા અને તેમને રક્ષણ આપવાનો ઘૃણાસ્પદ પ્રયાસ દર્શાવે છે. દેશને પ્રેમ કરતા દરેક ભારતીયે વડેટ્ટીવારના નિવેદનની સખત નિંદા કરવી જોઈએ. કોંગ્રેસના નેતાઓ ભારતીયોની લાગણીઓ સાથે રમી રહ્યા છે, ઘા પર મીઠું ભભરાવી રહ્યા છે અને રાજકારણ કરી રહ્યા છે, લોકો આ ક્યારેય ભૂલી શકશે નહીં,' એવો દાવો બાવનકુળેએ કર્યો હતો.

વિરારથી પાલઘર

મોકલવામાં આવી હોવાનું પાલઘર પોલીસે કબૂલ્યું હતું.

જોકે બે એડવાન્સ ડ્રોન બોટની ગરજ સારી રહ્યા હોવાની ચોખવટ પાલઘર પોલીસે કરી છે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈ રિજનમાં દરિયાઈ સુરક્ષા માટે ડ્રોનનો ઉપયોગ કરનારી પાલઘર પોલીસ એકમાત્ર છે. બન્ને ડ્રોનની મદદથી વિરારથી પાલઘર સુધીના દરિયા પર નજર રાખવામાં આવી રહી છે. દર આઠ કલાકે બેક-અપ બૅટરી ચાર્જ કરી રાખવા પર અધિકારીઓ ધ્યાન આપી રહ્યા છે.

અધિકારીના જણાવ્યા મુજબ આ ડ્રોન ૫૦ નોટિકલ માઈલ સુધીનો વિસ્તાર કવર કરી શકે છે. તેનાથી ૮૧ કિલોમીટરના પટ્ટા પર અસરકારક રીતે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ડ્રોનમાં હાઈટેક કૅમેરા લગાવવામાં આવ્યા છે, જે સહેલાઈથી શંકાસ્પદ ગતિવિધિ અને બોટને શોધી શકે છે. પહલગામના હુમલા પછી ખાસ કરીને વિરારથી પાલઘર વચ્ચેના ચાર મુખ્ય જંક્શન કેળવે, દહાણુ, સાતપાટી અને સફાળે નજીકની દાતિવરે જેટ્ટી ખાતેની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. પેટ્રોલિંગમાં કોસ્ટ ગાર્ડ અને ખાનગી બોટની પણ મદદ મળી રહે છે, જેમાં સ્થાનિક માછીમારોનો પણ સમાવેશ થાય છે. પહેલાં પેટ્રોલિંગ માટે ચાર ટ્રોલર બોટનો ઉપયોગ પાલઘર પોલીસ કરતી હતી, પરંતુ એનો કોન્ટ્રાક્ટ પૂરો થઈ જતાં ગયા મહિને જ એ બોટ પાછી આપી દેવી પડી હતી.

જૈન સાધુ

જૈન સમાજમાં સોપો પડી ગયો હતો અને આ સાધુ તથા બન્ને સાધ્વીને સંસારમાં પાછા ધકેલી દેવાની માગણી ઊઠી છે. સાગરચન્દ્રસાગરના ગુરુ અચાર્ય અશોકસાગર આ અશ્લિલ તસવીરો બોગસ હોવાનો નિર્ણય જાહેર કરતા અમુક જૈન અગ્રણીઓ વીફર્યા હતા અને એમાના એક અમદાવાદના જગતભાઈ હસમુખલાલ પરિખે કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. જગતભાઈ અમદાવાદના જૈન સંઘોના ઉપ-પ્રમુખ પણ છે. તેમણે કહ્યું હતું કે મેં પાલડી પોલીસ સ્ટેશનમાં મારી ધાર્મિક લાગણી દુભાઈ હોવાની સાગરચન્દ્રસાગર સામે માર્ચમાં લેખિત અરજી કરી હતી, પણ પોલીસે મારું નિવેદન તો લીધું હતું, પણ એફઆઈઆર દાખલ કરવાની ના પાડી હતી. આને પગલે પોલીસને ફરિયાદ દાખલ કરવાની ફરજ પડે એ માટે મેં મજિસ્ટ્રેટ કોર્ટમાં ફરિયાદ કરી હતી. કોર્ટમાં સાગરચન્દ્રસાગર ઉપરાંત આ અશ્લિલ તસવીરોમાં દેખાતી બે સાધ્વી દેવાંશીતા અને દેવર્શિતાને પણ આરોપી બનાવવામાં આવી છે. આ અશ્લિલ તસવીરોમાં અજ્ઞાત મહિલા પણ દેખાય છે અને એને પણ આરોપી બનાવવામાં આવી છે. તમામ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૫૪ (ગુનામા મદદગારોને સજા કરવાની), કલમ ૬૧-૨ (ફોજદારી કાવતરુ રચવાની) અને કલમ ૨૯૬ (અશ્લિલ હરકતો) હેઠળ સજા ફટકારવાની માગણી કરાઈ છે. આ ઉપરાંત આરોપીઓ સામે ઈન્ફર્મેશન ટેકનોલોજી પણ કલમો લગાડવાની પણ કોર્ટને અરજ કરાઈ છે.આ અરજીની સુનાવણી ગયા અઠવાડિયે થઈ હતી અને એડિશલન ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે પાલડી પોલીસ સ્ટેશનને સાગરચન્દ્રસાગર વિશેની ફરિયાદની તપાસ પેન્ડિંગ છે કે કેમ એનો રિપોર્ટ પાંચમી જૂન સુધીમા મોકલી આપવાનો આદેશ આપ્યો છે.

ઈડીની ઓફિસની

એકેએક દસ્તાવેજ સુરક્ષિત છે. પ્રત્યેક દસ્તાવેજ માટે મિરર ઇમેજિંગ અને સ્ટોરેજ છે, એમ ફડણવીસે પત્રકારોને જણાવ્યું. આગને કારણે કોઈ કેસની ચાલુ તપાસ પર અસર નથી પડી, એમ ફડણવીસે કહ્યું હતું. બીજી તરફ એનસીપીનાં સાંસદ સુળેએ કહ્યું હતું કે, આવા મહત્ત્વના બિલ્ડિંગનું ફાયર ઓડિટ થયું હતું કે નહીં? ત્યાંની ફાઇલ્સનું બેક-અપ હતું કે નહીં? જગત હવે ડિજિટલના પંથે છે ત્યારે ત્યાં બળી ગયેલી ફાઇલ્સનું બેક-અપ તો હશે જ. પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે, જો ત્યાં બેક-અપ ન હોય તો એ ખરેખર આઘાતજનક છે. (પીટીઆઈ)

ક્લાસિફાઈડ

૧૭. જગ્યા આપવી છે

ખાર (વેસ્ટ)
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

TARDEO, BIG LAUNCH
Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ - કામણ
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

૩૧. નાણાંકીય

FUNDING / LOAN
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

૩૩. ધંધાદારી

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10%નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨/૮૪૫૨૦૩૭૨૩૮. (બી-૧૫૮૮૭)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રીનાથજી જ્યોતીષ
(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-ડી)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

એસ પેસ્ટીસાઈડ
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૫૮૩૪-સી)

મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

જૈન મરણ

ઝાલાવાડ શ્વેતાંબર મૂ. પૂ. વિશા શ્રીમાળી જૈન

દેવચરાડી નિવાસી હાલ મુંબઇ સ્વ. હરજીવનદાસ ઓઘડદાસ શાહના સુપુત્ર હસમુખભાઇ (ઉં. વ. ૭૯) તે કુંદનબેનના પતિ. પિયુષ, નીતિન, અલ્પાબેન યોગેશકુમાર તથા મયૂરીબેન દીપેશકુમારના પિતા. ભાવિકા તથા કવિતાના સસરા. કોકીલાબેન તથા નવીનભાઇના ભાઇ. સ્વ. મનસુખલાલ સાંકળચંદના જમાઇ. તા. ૨૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

વાગડ વિ. ઓ. જૈન

ગામ મનફરાના સ્વ. દમયંતીબેન સત્રા (ઉં. વ. ૧૦૧) શુક્રવાર તા.૨૫-૪-૨૫ના અવસાન પામેલ છે. માંઇબેન કાનજીના પુત્રવધૂ. ડાહ્યાલાલના ધર્મપત્ની, ડો. ધરમશી, પ્રવીણ, સિદ્ધાર્થ, લક્ષ્મી, હેમલતાના માતુશ્રી. લક્ષ્મી, સુશીલા, હીરાવંતી, વેલજીભાઇ, ધીરજભાઇના સાસુ. રીના, દિપેન, ટીના, લીસા, દિપ્તી, શાન, હર્ષ, યશના દાદી. આધોઇના જશોદાબેન ભારમલ છેડાના દીકરી. પ્રાર્થનાસભા મંગળવાર, તા.૨૯-૪-૨૫ના ૪થી ૫.૧૫. ઠે. યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ).

૧૦૮ના ગોળનું જૈન

ચાણસમા નિવાસી હાલ ભાયંદર શશીકાંતભાઇ શાહ (ઉં. વ. ૭૮) જયંતીલાલ પોપટલાલ શાહના સુપુત્ર તા. ૨૮-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દેવીલા બેનના પતિ. ગાર્ગીબેન, સ્વ. આરાધનભાઇના પિતાશ્રી. કલ્પેશકુમારના સસરા. હસમુખભાઇ, જીતેન્દ્રભાઇ, રાજેન્દ્રભાઇ, પંકજભાઇ, નિર્મલાબેન, મૃદુલાબેન, જયબાળાબેન, નિલાબેનના ભાઇ. શેઠ હિંમતલાલ હરખચંદ મહેતા વઢવાણના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

કચ્છી વિશા ઓશવાળ જૈન

ગોધરાના મણીલાલ લીલાધર વોરા (ઉં. વ. ૮૨) તા. ૨૭/૪/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. ભાનુમતીના પતિ. સ્વ. લક્ષ્મીબેન લીલાધર ભારમલના પુત્ર. મધુ, વિણા, રાજેશના પિતાશ્રી. સ્વ. હિરજી, પ્રેમજી, દામજી સ્વ. હરખચંદ, ભિંસરા લીલાવંતી લક્ષ્મીચંદ, સરોજ શાંતીલાલ, ઝવેર દિનેશ, મંજુલા જીતેન્દ્રના ભાઇ. રાયણના મણીબેન ટોકરશી ભીમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. નિ. રાજેશ વોરા, રેશમ એપાર્ટમેન્ટ, નં. ૧૦૧, વાકોલા બ્રીજ, સાંતાક્રુઝ (ઇસ્ટ).

ગોધરા હાલે વિદિશા (એમ.પી.) ના દેવકુંવર (બેબીબાઇ) પદમશી લખમશી ગોસર (ઉં. વ. ૮૬) તા. ૨૫/૪/૨૫ના અવસાન પામેલ છે. ભચીબાઇ લખમશી પાસુના પુત્રવધૂ. પદમશી લખમશીના પત્ની. હાલાપુરના લક્ષ્મીબેન મોનજી કલ્યાણજીના પુત્રી. વસુંધરા શીલા, મહેશ અનિલના માતુશ્રી. કાંતિલાલ, પ્રફુલ્લભાઇ, ડો. તિલક ગિરીશના બહેન. પ્રાર્થના રાખેલ નથી.

દેશલપુર કંઠી હાલે વરલી-મલાડના બા. બ્ર. ભાનુમતી (મેનાબેન) સોની (ઉં. વ. ૬૫) તા. ૨૭/૦૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પાનબાઇ રામજી હદ્દુ સોનીના સુપુત્રી. લખમશી, મણીલાલ, જયંતીલાલ અમૃતબેન હીરજી, લક્ષ્મીબેન લાલજી, હેમલતા ખીમજી, મંજુલા રસિક, શાંતા વસંતના બેન. રતનબેન કેશવજીના દોહિત્રી. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. જયંતીલાલ સોની, ૮૦૧, વાસુપૂજ્ય દર્શન, મામલતદાર વાડી રોડ નં. ૩, મલાડ-વે..

નાના ભાડિયાના લખમશી ભાણજી ગડા (ઉં. વ. ૮૩) તા.૨૭-૪-૨૫ ના અવસાન પામેલ છે. મમીબાઈ, મુરીબાઈ ભાણજીના પુત્ર. પ્રભાના પતિ. મીના, ભાવેશ, જયશ્રી, જીગ્નેશના પિતા. પ્રેમજી, સુર્યકાંત, ગિરીશ, મંજુલા અમૃતલાલ, જયવંતી અમૃતલાલ, ભાવના હસમુખલાલના ભાઈ. દેવકાંબેન લાલજીના જમાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦. નિ. લખમશી ગડા. ૧૬/૪૦, બી.આઈ.ટી. ચાલ, રેડક્રોસ સ્ટ્રીટ, આગ્રીપાડા, મું - ૧૧.

રામાણીયાના વર્ષાબેન વલ્લભજી રાંભીયા (ઉં. વ. ૮૧) તા. ૨૭/૪/૨૫ ના અવસાન પામ્યા છે. મેઘબાઈ ખીમજી રામજીના પુત્રવધૂ. વલ્લભજી ખીમજીના ધર્મપત્ની. કીર્તિ, પ્રીતિના માતુશ્રી. દેશલપુરના ઉમરબાઈ વીરજી નાનજી દેઢિયાના સુપુત્રી. મગનલાલ, કુંવરજી, વસુમતિબેન ગાંગજી નાનજી, હંસાબેન પ્રેમચંદ વલ્લભજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કીર્તિ વી. રાંભીયા : એ-૧૧૦૨, સમૃદ્ધિ ગાર્ડન, ઈશ્વર નગરની સામે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે).

કપાયાના વીરચંદ રામજી લાલજી કેનીયા (જાલનાવાલા) (ઉં. વ. ૭૭) તા. ૨૭.૪.૨૫ ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન રામજી લાલજીના સુપુત્ર. દમયંતીબેનના પતિ. પરિન, જીજ્ઞાના પિતા. જાદવજીભાઈ, જેઠાલાલભાઈ, રમણીકલાલ, કાંતિલાલ, વિમળાબેન ઠાકરશી પ્રેમજીના ભાઈ. દેશલપુર-કંઠીના લાછબાઈ રતનશી કચરાના જમાઈ. પ્રાઃ શ્રી સુમતિનાથ જૈન દેરાસર, ગુજરાત કલબની બાજુમાં, માટુંગા-સે.રે., ટા. ૩.૩૦ થી ૫.૦૦. નિ. વીરચંદ રામજી કેનીયા : ૧૫૦૧, અનવયા, તેલંગ રોડ, માટુંગા-સે.રે., મુંબઈ-૧૯.

કુંદરોડીના અમૃતબેન પ્રેમજી લાપસીયા (ઉં. વ. ૭૫) તા. ૨૭-૪-૨૫, રવિવારે અવસાન પામેલ છે. લક્ષ્મીબેન લઘુ કુંવરજીના પુત્રવધૂ. સ્વ. પ્રેમજી (માસ્તર) ના ધર્મપત્ની. સોનલ, અમિત, જીગ્નેશના માતુશ્રી. વડાલાના દેવકાબેન દેવશી જેઠાના સુપુત્રી. જીવીબેન, લાલજી, લક્ષ્મીચંદના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ નીસર હોલ, ટા. ૨ થી ૩:૩૦ નિ. જીગ્નેશ લાપસીયા, ૧૦૧, રીના એપા., મામલતદરવાડી રોડ નં. ૬, મલાડ (વે).

મોટા આસંબીયાના ભરતભાઈ રવજી ગાલા (ઉં. વ.૬૫) તા. ૨૭/૪/૨૫ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. સંઘમાતા મણીબાઇ રવજી જેસંગ ગાલા ના સુપુત્ર. હીનાબેનના પતિ. અમી, ઊમંગના પિતા. વિમળાબેન, હરખવંતીબેન, જેઠાલાલભાઇ, પ્રવિણભાઈ, પ્રભાબેનના ભાઇ. દેવકાંબેન લક્ષ્મીચંદના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ફોન રૂબરૂ મલ્યા તુલ્ય. નિ. ભરત ગાલા, બી-૨૦૧, દોસ્તી બેલેઝા, જી.ડી. આંબેકર રોડ, પરેલ વીલેજ, મું. ૧૨.

ઘોઘારી દશા શ્રીમાળી જૈન

થોરડી નિવાસી હાલ બોરીવલી, હિતેશ ગાંધી (ઉં. વ. ૬૧) તા. ૨૭-૦૪-૨૫ને રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે. સ્વ. ચંદ્રાબેન નગીનદાસ ગાંધીના પુત્ર. બીનાબેનના પતિ. વત્સલના પિતા. સ્વ.મનોજભાઈ, મીનાબેન, સોનીબેન, મીતાબેનના ભાઈ. સ્વ. કનુભાઈ, ભરતભાઇ, જ્યોત્સનાબેન તથા સ્વ. ભારતીબેનના ભત્રીજા. સ્વ. મુક્તાબેન રતિલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

પારસી મરણ

રયોમંદ હોસી ઇરાની તે અનાહીતા રયોમંદ ઇરાનીના ખાવીંદ. તે મરહુમો દોલી તથા હોસી ઇરાનીના દીકરા. તે સનાયા રયોમંદ ઇરાનીના બાવાજી. તે અરઝાન જમશેદ જેસીયાનાં સસરાજી. તે પરવેઝ હોસી ઇરાનીના ભાઇ. તે હવૌવી યશાન ખંબાતા તથા રૂસ્તમ હોશેદર ટપાલના ફુવાજી (ઉં.વ. ૫૫) રે. ઠે. સી-૮, નવરોઝ બાગ, ડો. એસ.એસ.રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૯-૪-૨૫ એ બપોરના ૩.૪૫ વાગે એમ. જે. વાડીયા અગિયારીમાં છેજી. (લાલબાગ-મુંબઇ).

હુતોકસી જીમી ઝાઇવાલા તે જીમી ના ધનિયાની. તે મરહુમો દૌલત ફેરેદુન મહાવાના દીકરી. તે રોની ને ઝવેરના માતાજી. તે બીનાઇશા ને મીથીલના સાસુજી. તે વીરાઝ ને દીનાઝના બહેન. તે વેહેઝાન ને વીવાનના બપઇજી. (ઉં.વ.૬૫) રે. ઠે. ૧૨-બી કાવસજી પીટીટ બિલ્ડિંગ, રૂમ નં.૯, બીજે માળે, ગીલ્ડર લેન, નવજીવન સોસાયટીની સામે, મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ-૪૦૦૦૦૮.

હિન્દુ મરણ

ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક

મહુવા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રમાબેન મનસુખલાલ મહેતાના સુપુત્ર જયંતભાઈ મહેતા (રાઠોડ) (ઉં. વ. ૮૩) તા. ૨૬-૪-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તેઓ સ્વ. ઈલાબેન (ઈન્દુબેન)ના પતિ. સ્વ. બીનાબેન શૈલેષકુમાર દેસાઈ તથા ગૌરાંગના પિતા. શૈલેષકુમાર તથા અમીના સસરા. વૃદ્ધિ શિવકુમાર શર્માના દાદા. મહેન્દ્રભાઈ તથા બિપીનભાઈના ભાઈ. સ્વ. ચંદ્રાબેન કરસનદાસ મોદીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૯-૪-૨૫ મંગળવારે, ૫ થી ૭. બીજે માળે, શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

હાલાઈ લોહાણા

કુકસ વાળા નિવાસી હાલ થાણા, સ્વ. ભોવનભાઈ માવજી તન્નાના પૌત્ર છબીલદાસ મથુરાદાસ તન્ના (ઉં. વ. ૮૭) તે સ્વ. કુંદનબેનના પતિ. સ્વ. મંછાબેન મોરારજીભાઈ પુજારા (પૌઆવાળા)ના જમાઈ. તે હિતેષ, સંગીતા હી કામદાર, કવિતા જ. શેઠીયા, પ્રિતી દિ. માખેચા, હેતલ રા. રાયઠઠાના પિતાશ્રી. મીતાના સસરા તા. ૨૭-૪-૨૫ રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

હાલાઈ લોહાણા

અ.સૌ. ગીતાબેન ભગદેવ રાજકોટ, હાલ મુંબઈ નિવાસી (ઉં. વ. ૬૪) તે હરીશ હરકિશનદાસ ભગદેવના પત્ની. તે ભાવિક અને શમીકના માતુશ્રી. સ્વ. ભારતીબેન પ્રમોદરાય રાછ, જીતેન્દ્ર, માલતી શશાંક મહાકાલ તથા ચેતના નિલેશકુમાર ઝવેરીના ભાભી. સ્વ. હરીશભાઈ માધવજી એન્જિનિયર (કારિયા)ના સુપુત્રી. સ્વ. ભરતભાઈ તથા નીતિનભાઈના બેન. જેરિલ અને મિયાના દાદી. રવિવાર તા. ૨૭-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવારે તા. ૨૯-૪-૨૫ ૧૦ થી ૧૧. શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ.વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

કચ્છી લોહાણા

ગામ મોરકોબો કચ્છ હાલ મુલુંડ વિજયાબેન ગણાત્રા (ઉં. વ. ૭૬) તે વસંતભાઇના પત્ની. સ્વ. મેઘબાઇ ને સ્વ. માણેકબેન કુંવરજી નારાયણજી ગણાત્રા (ગોદામવાળા)ના પુત્રવધૂ. સ્વ. સૌ. લક્ષ્મીબાઇ મુલજી કારીઆ (કોટેશ્વર કચ્છ)ની પુત્રી તા. ૨૭-૪-૨૫ના રવિવારના રામશરણ પામ્યા છે. શિલ્પા, સૌ. દિપ્તી મનીષ પટેલ, ચૈતાલી, સ્વ. સૌ. પ્રિયા રિકિન દનક, ચિ. નકુલની માતા. ચિ. આરુષ દનકની નાની. વિનોદભાઇ ગણાત્રા, સ્વ. રતનબેન કાનજી, સ્વ. પ્રભાબેન હરીરામ, સ્વ. લતાબેન કાકુભાઇ, સ્વ. દમયંતીબેન ચત્રભુજ, સૌ. બીનાબેન ધ્રુવેન્દ્રનાથ, ભગવતી ભરતભાઇ, સૌ. દેવીબેન રમેશભાઇના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૪-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. પદ્માવતી હોલ, એં. જિ. રોડ શિવસેના ઓફિસની ઉપર, મુલુંડ, લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

દશા સોરઠિયા વણિક

સ્વ. દમયંતીબેન મનુભાઇ શાહ (મધ્યમ)ના પુત્રવધૂ. હરીશભાઇ શાહના પત્ની અ. સૌ. જ્યોતિબેન હાલ ન્યૂજર્સી અમેરિકા (ઉં. વ. ૭૦) તે સ્વ. ઇંદુબેન હરિદાસ વખારિયાની પુત્રી બુધવાર તા. ૨૩-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વીરલ-જીજ્ઞા, ધવલ-હેતલના માતુશ્રી. શ્યામા, ઇશા, શ્રેયા હતિકાના દાદી. તે સંજય હરિદાસ વખારિયા, સ્વ. રાજુ હરિદાસ વખારિયા, મંજરી એચ. ગાંધીના બેન. લૌકિક પ્રથા બંધ છે.

ઘોઘારી દશા શ્રીમાળી વણિક

ગારીયાધર હાલ કાંદિવલી સ્વ. હિંમતલાલ ગોકળદાસ દાણી તથા મંગળાબેનના સુપુત્ર જિતેન્દ્રભાઇ (ઉં. વ. ૭૮) તે સ્વ. જયોત્સનાના પતિ. અંકુરના પિતાશ્રી. બેલાના સસરા. તે ઉર્મિલાબેન, ઉપેન્દ્રભાઇ, પ્રફુલાબેન, કિરીટભાઇ તથા જયેશભાઇના ભાઇ. સ્વ. ધનજીભાઇ સુંદરજી શાહના જમાઇ શનિવાર તા. ૨૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા

ગામ કચ્છ માંડવીવાળા (હાલ ઘાટકોપર) સ્વ. બચુબેન કુંવરજી નારાયણજી પીપરાણી (સોમૈયા)ના પુત્ર ચંદ્રકાંત (ઉં. વ. ૭૮) તા. ૨૬-૪-૨૫ના શનિવારના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. મધુકાંતાબેનના પતિ. ઉમંગના પિતા. સ્વ. નરેન્દ્ર, સ્વ. મહેન્દ્ર, સ્વ. શશીકાંત તથા સરલા અરવિંદ દૈયાના ભાઇ. સ્વ. નિર્મલાબેન કિશોરચંદ્ર રામજી દૈયાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

હાલાઇ લોહાણા

મૂળ ગામ દ્રાફા હાલ નાલાસોપારા, સ્વ.પાર્વતીબેન ઈશ્વરલાલ કરમશી તન્નાના પુત્ર મધુસુદન તન્ના (ઉં. વ. ૭૯) ૨૬/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નયનાબેનના પતિ. અસ્મિતા રવિ ઓછીયા તથા બીના જીતેન્દ્રભાઈ સોનવણેના પિતા. પ્રવીણભાઈ, નરેશભાઈ, સુનિલભાઈ, ઉષાબેન ધ્રુવકાંત પરીખના ભાઈ. સ્વ. મંજુલાબેન નરોત્તમદાસ ઘટેચાના જમાઈ. અર્ણવના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

નાઘેર દશાશ્રીમાળી વણિક

સીમર નિવાસી હાલ ઘાટકોપર, હસમુખલાલ બાલુભાઈ લક્ષ્મીચંદ ચૌહાણ (ઉં. વ. ૮૬) જે સ્વ. ગોમતીબેન ચૌહાણના સુપુત્ર. સ્વ. મધુકાંતાના પતિ. રેખા, નિતીન, જયશ્રી, રાજુના પિતાશ્રી. હરેશભાઈ, શૈલેષભાઈ, સ્મિતા, પલ્લવીના સસરા. ડૉલી, ધવલ, કૃપા, મેઘના, હર્ષના દાદા. ઉના નિવાસી ચંચળબેન છગનલાલ શેઠના જમાઈ. તા.૨૬/૦૪/૨૫ શનિવારના શ્રીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

માર્કેટ ટાઈમિંગનાં જોખમથી પણ જાળવજો...

'મનુષ્યના જીવનમાં એવું બે જ વખત થાય છે જ્યારે એણે સટ્ટો કરવો જોઈએ નહીં. એક, જ્યારે એમ કરવા એ સક્ષમ ન હોય અને બે, જ્યારે એમ કરવા એ સક્ષમ હોય. !'
– માર્ક ટ્વેઈન (વિખ્યાત હાસ્ય લેખક)

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'અત્યારે માર્કેટ કેવું લાગે છે?'

તમે નાણાકીય ક્ષેત્ર સાથે સંકળાયેલા હો અને આ સવાલ પુછાય નહીં તો જ નવાઈ કહેવાય. આ સવાલ શેરબજારની ચાલને પકડવાની વાત છે. ખરું પૂછો તો આ સવાલનો કોઈ જવાબ હોઈ શકે નહીં. જો કોઈ માણસ બજારને વશમાં કરી શકતો હોય તો એ માણસ વિશ્વની સૌથી વધુ શ્રીમંત વ્યક્તિ બની જાય.

બજારમાં હંમેશાં કેટલાંય પરિબળો એકસાથે કામ કરતાં હોય છે. તેમાંથી અમુક પરિબળો હકીકતો પર આધારિત હોય છે. દાખલા તરીકે : સરકારે કરેલી નોટબંધીની જાહેરાત. આવા નિર્ણયો પ્રત્યે બજારમાં ઘણી તીવ્ર પ્રતિક્રિયા આવી શકે છે. અમુક નિર્ણયોની અવગણના પણ કરવામાં આવી શકે છે.

'તુંડે તુંડે મતિઃ ભિન્ના' એવું કહેવાયું છે. કયું મગજ કયો વિચાર કરશે એના વિશે કંઈ કહેવાય નહીં. લોકોના મનમાં જન્મેલી લાગણીઓના આધારે પ્રતિક્રિયાઓ થતી હોય છે.

રોકાણની વાત કરીએ તો તેમાં ક્યારેય લાગણીના આધારે નિર્ણયો લેવાના ન હોય. આપણે પોતાનું જ ઉદાહરણ લઈએ. કરન્સી ડિમોનેટાઇઝેશન-નોટબંધીની જાહેરાત કરવામાં આવી ત્યારે આપણા મગજમાં શું ચાલી રહ્યું હતું? શું આપણી મનઃ સ્થિતિ આજે પણ એ જ છે? તમે જ વિચારો, એ વખતે ત્રણ મહિના પછી શું પરિસ્થિતિ હતી એવું શું આજે છે.?

આ તો ફક્ત એક મનની વાત થઈ. બજારમાં તો આવા પુષ્કળ લોકો હોય છે અને દરેકના મનમાં એક જ સમયે અનેક વિચારો અને લાગણીઓ જન્મતાં હોય છે. આપણે એ બધી જ લાગણીના આધારે રોકાણના આપણા નિર્ણયોને બદલી શકીએ નહીં.

બજારને વશમાં કરવું એટલે કે બજારની ચાલને પકડવી એ અટકળ બાંધવા જેવી વાત છે. આપણી જરૂરિયાતો બજારની પરિસ્થિતિને અનુરૂપ હોતી નથી. ધારો કે કોઈ એક રોકાણકારના ઘરમાં લગ્નપ્રસંગ છે. જો લગ્નના સાત કે દસ દિવસ પહેલાં સરકારના કોઇ નીતિવિષયક નિર્ણયને લીધે સ્ટોક માર્કેટમાં કે સોનાની બજારમાં કડાકો બોલાઈ જાય તો શું એ પોતાના ઘરનો લગ્નપ્રસંગ રદ કરશે?

થોડાં વર્ષો પહેલાં આધેડ વયના એક રોકાણકાર મારી પાસે સલાહ-મસલત કરવા આવ્યા હતા. પોતાની દીકરીને વિદેશમાં ભણાવવાના ભવિષ્યમાં આવનારા ખર્ચની જોગવાઈ કરવા માટે સ્ટોક માર્કેટમાં મોટી રકમનું રોકાણ કર્યું હતું. એમને આશા હતી કે જે સમયે એમને પૈસાની જરૂર પડશે તે સમયે બજાર ઊંચે હશે અને ત્યારે એ શેર વેચીને નાણાં મેળવી શકશે. કમનસીબે એમને એવી કોઈ તક મળી નહીં. એ ખુદ ઘણા શ્રીમંત હતા એટલે દીકરીના ભણતર માટે બીજેથી પૈસાની વ્યવસ્થા કરી શક્યા, પરંતુ જો એવું ન હોત તો? બધા માણસો એમના જેટલા ધનવાન નથી હોતા. આના પરથી એક

વાત સ્પષ્ટ થાય છે કે આપણે બજારની ચાલને પકડવાને બદલે પોતાને ક્યારે નાણાંની જરૂર પડવાની છે તેનો વિચાર કરવો જોઈએ.

એક દિવસ હું મેનેજમેન્ટના વિદ્યાર્થીઓના સમૂહને સંબોધી રહ્યો હતો. એક યુવતીએ પૂછ્યું, 'હું રોકાણ તો યોગ્ય સમયે કરી લઉં છે, પરંતુ તેને કાઢવાનું પગલું યોગ્ય સમયે લઈ શકાતું નથી. આવામાં મારે શું કરવું જોઈએ? હું ખરીદી કરું ત્યારે શેરના ભાવ વધતા હોય છે અને ખરીદી કરી લીધા પછી પડવા લાગે છે.'

રોકાણકારે બજારની ચાલને પકડવી હોય તો બે વખત પકડવી પડે છે, એક વખત ખરીદી કરતી વખતે અને બીજી વખત વેચાણ કરતી વખતે.

ખરું પૂછો તો એક વખત પણ સાચી અટકળ બાંધવાનું મુશ્કેલ હોય છે, બે વખતની વાત તો લગભગ અશક્ય જ છે. કોઈક માણસની અટકળ એકાદ વખત સાચી પડે એવું બને, પરંતુ દર વખતે એવું બનવું અશક્ય છે. એક વખત અટકળ સાચી પડવાનું પણ અડસટ્ટે બની જતું હોય છે, માણસની કોઈ આવડતને લીધે નહીં. નસીબજોગે આવું બની જાય તેને પોતાની આવડત માની લેવાની ભૂલ કરનાર માણસ પછીથી પેટ ભરીને પસ્તાય છે.

વાસ્તવિક જીવનમાં ખરું વળતર આપણે કેટલો લાંબો સમય રોકાણ રાખીએ છીએ તેના પર આધારિત હોય છે. આમ, બજારમાં સમય આપવાનું મહત્ત્વ હોય છે સમયને વશ કરવાનું નહીં. ■

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

રોકાણકારો પર મનોવૈજ્ઞાનિક પ્રભાવ પડે ખરો?

'બિહેવિયરલ ફાઇનાન્સ' શું કહે છે...

મનોવિજ્ઞાનનાં પાસાંને જ્યારે નાણાકીય બાબતો સાથે સાંકળવામાં આવે છે ત્યારે બનતો વિષય 'બિહેવિયરલ ફાઇનાન્સ' તરીકે ઓળખાય છે. રોકાણકારો પરંપરાગત ફાઇનાન્શિયલ અને ઈકોનોમિક થિયરીઓમાં દર્શાવેલી અમુક ધારણા અનુસાર ભાગ્યે જ વર્તે છે. આવું કેમ છે એ પ્રશ્નનો જવાબ શોધવા માટે બિહેવિયરલ ફાઇનાન્સના અભ્યાસુઓએ ઘણી મહેનત કરી છે.

આ ઉદ્યોગના લોકો શેરબજારની હિલચાલ પાછળ મનુષ્યના ડર અને લોભ કેવી રીતે કામ કરી જાય છે એ દર્શાવે છે. નિર્ણયો લેવામાં લોકોના પૂર્વગ્રહો કેવી રીતે વચ્ચે આવે છે એનું વિશ્લેષણ પણ તેમાં થાય છે. મનુષ્યનું વર્તન તર્કબદ્ધ ધારણાઓ કરતાં વિરુદ્ધ દિશામાં કેમ ચાલ્યું જાય છે એનાં કારણ બિહેવિયરલ ફાઇનાન્સ આપે છે. દરેક જણ વધુ તર્કબદ્ધ અને વ્યવહારુ નિર્ણયો લેવા કેવી રીતે સક્ષમ બની શકે એની માર્ગરેખા આ વિષય પૂરી પાડે છે.

કોગ્નિટિવ એરર્સ

કોગ્નિટિવ એરર્સ એટલે બીજું કંઈ નહીં, પણ વિચારબુદ્ધિની ચૂક. રોકાણકારો પોતાના વિચારોને કારણે થાપ ખાઈ જતા હોવાથી ખોટા નિર્ણયો લેવાઈ જાય છે. તેને કારણે બજાર પણ અસરકારક રીતે કામ કરી શકતું નથી. આમ થવા માટે લોકોના પૂર્વગ્રહો કારણભૂત હોય છે. આ જ કારણ છે કે બિહેવિયરલ ફાઇનાન્સમાં કોગ્નિટિવ સાયકોલોજી (વિચારબુદ્ધિસંબંધી મનોવિજ્ઞાન)ના ક્ષેત્રે ઊંડું સંશોધન થયું છે.

પૂર્વગ્રહ એટલે શું?

આપણે પોતાનાં મંતવ્યો અથવા માન્યતાઓને સાચાં ઠેરવવા માટે અમુક માહિતીને સાચી ગણી લઈએ છીએ અથવા તો એને પોષે એવી જ માહિતી મેળવવા જઈએ ત્યારે એને પૂર્વગ્રહ કહેવાય. આ જ કારણ છે કે આપણે ખરી રીતે તાર્કિક વ્યવહાર કેવી રીતે કરવો અને વાસ્તવમાં આપણે કેવી રીતે કરીએ છીએ એ બન્ને વચ્ચે તફાવત રહી જાય છે. પરિણામે, પૂર્વગ્રહોને લીધે આપણાથી ભૂલભરેલા નિર્ણયો લેવાઈ જતા હોય છે.

દરેક વ્યક્તિનું મનોજગત એની પોતાની વિચારસરણી, મંતવ્યો, દૃષ્ટિકોણ, ભૂતકાળના અનુભવો, પારિવારિક પાર્શ્વભૂ, વગેરેને કારણે ઘડાય છે. 'માણસ માત્ર ભૂલને પાત્ર' કહેવાય છે એ જ રીતે માણસમાત્ર પૂર્વગ્રહને પાત્ર. આપણા પૂર્વગ્રહો આપણે સવારે જાગીએ એ ઘડીથી રોજિંદા જીવન પર અસર કરતા હોય છે.

ધારો કે તમે સવારના પહોરમાં જિમ્નેશિયમમાં જવાનું નક્કી કરીને સૂઈ ગયા છો. જે માણસને કસરત ખરેખર વહાલી છે એ માણસ સવારે વહેલો ઊઠીને સીધો જિમ્નેશિયમમાં પહોંચી જશે, પણ જેણે નિર્ણય લીધો એ જ વખતથી એના મનમાં અવઢવ હતી માટે એ માણસ જિમમાં નહીં જવા માટે હજાર બહાનાં શોધી કાઢશે. આને જ કહેવાય પૂર્વગ્રહ. બિહેવિયરલ ફાઇનાન્સ ખરેખર મહત્ત્વનું છે?

તુલના

દરેક વ્યક્તિ અલગ હોય છે અને તેથી જ દરેકનો રોકાણનો પોર્ટફોલિયો પણ અલગ હોવાનો, પણ લોકો આ વાત સમજતા નથી. બધા અલગ અલગ હોવા છતાં લોકો એકબીજા સાથે તુલના કરતા રહે ય છે :

'તમારો પોર્ટફોલિયો મારા કરતાં વધારે વળતર કેવી રીતે આપી જાય છે' એવો સવાલ લોકો બીજાનો પોર્ટફોલિયો જોઈને અથવા એના વિશે અંદાજ બાંધીને કરતા હોય છે. પસંદગીની ઍસેટ બીજો અગત્યનો મુદ્દો એ છે કે દરેક વ્યક્તિની પોતાની પસંદગીની ઍસેટ હોય છે. અમુક લોકોને રિયલ એસ્ટેટમાં ફાયદો દેખાયો હોય અથવા થયો હોય તો એને એ વધારે પસંદ કરશે. એ સ્ટોક્સ કે બીજાં સાધનોમાં રોકાણ કરવાને પ્રાથમિકતા નહીં આપે.

બ્રૅન્ડ પ્રત્યેની વફાદારી

દરેક વ્યક્તિને કેટલીક બ્રૅન્ડ પ્રત્યે પણ વફાદારી થઈ જતી હોય છે. તમે કોઈને પૂછો કે એમનું ફેવરિટ ટૂથપેસ્ટ કયું છે તો પોતાના અનુભવના આધારે જ જવાબ આપશે. પોતાના ઘરમાં વપરાતું હોવાને લીધે અમુક ટૂથપેસ્ટ જ ઉત્તમ કહેવાય એવું આગ્રહપૂર્વક કહેવાતું હોય એ વાતનો અનુભવ તમે કર્યો હશે.

બ્રૅન્ડ પ્રત્યેની આવી વફાદારીને કારણે જ તમે જોઈ શકશો કે બજારમાં કેટલીક બ્રૅન્ડ અન્યો કરતાં વધારે ઊંચા ભાવ લેતી હોય છે. લોકો આ જ વફાદારીને લીધે ફરી ફરી એ જ બ્રૅન્ડની વસ્તુઓ ખરીદે છે. તત્કાળ સુખ કોઈ પણ વસ્તુ તત્કાળ મળી જાય અને એનો ઉપભોગ કરીને આનંદની પ્રાપ્તિ થઈ જાય એને તત્કાળ સુખ એટલે કે 'ઇન્સ્ટંટ ગ્રેટિફિકેશન' કહી શકાય. લોકોને સેલમાં સસ્તા ભાવે વસ્તુઓ મળતી હોય ત્યારે લોકો એની ખરીદી કરવા પડાપડી કરે એ ઇન્સ્ટંટ ગ્રેટિફિકેશનનું ઉત્તમ ઉદાહરણ છે. પોતાને જરૂર ન હોવા છતાં વસ્તુઓ ખરીદવામાં આવતી હોય છે. કહેવા ખાતરના એક ડિસ્કાઉન્ટને કારણે આપણું વર્તન કેવી રીતે બદલાઈ જાય છે એનું આ ઉદાહરણ છે.

વિશ્વાસનો અભાવ

ભૂતકાળમાં કોઈ કામ ઊંધું થઈ ગયું હોય અથવા કોઈ અપ્રિય અનુભવ થઈ ગયો હોય તો લોકોનો એમાંથી વિશ્વાસ ઊડી જાય છે. આ વાત પણ બિહેવિયરલ ફાઇનાન્સમાં આવે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

એ સામાન્ય તાવ મગજનો ખતરનાક મલેરિયા હોઈ શકે!

તાજેતરમાં આ ૨૫ એપ્રિલે 'વિશ્વએ મલેરિયા દિવસ' ઉજવ્યો. તેનો ઉદ્દેશ્ય આ બીમારી અંગે જાગૃતિ ફેલાવવાનો અને તેના રક્ષણાત્મક ઉપાયોની લોકોને સમજ આપવાનો રહ્યો છે.

મલેરિયા એક પરોપજીવી રોગ છે જે એનોફિલિસ મચ્છરના કરડવાથી ફેલાય છે. આ એનોફિલિસ મચ્છર પ્લાઝમોડિયમ નામના પરોપજીવીનું વાહક છે. જ્યારે આ મચ્છર તમને કરડે છે, ત્યારે પરોપજીવી તમારા લોહીના પ્રવાહમાં પ્રવેશ કરે છે અને લાલ રક્તકણોનો નાશ કરવાનું શરૂ કરે છે.

આ એનોફિલિસ મચ્છર ઉષ્ણકટિબંધીય અને સમશીતોષ્ણ કટિબંધ વિસ્તારોમાં જોવા મળે છે.

મલેરિયા ચાર પ્રકારના જોવા મળે છે.

પ્લાઝમોડિયમ વિવેક્સ (પી.વી.) – સૌથી વધુ પ્રચલિત

પ્લાઝમોડિયમ ઓવેલ (પી.ઓ.) – દુર્લભ પ્રકાર

પ્લાઝમોડિયમ મલેરિયા (પી.એમ) – દરેક જગ્યાએ જોવા મળતો નથી

પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ (પી.એફ.) – સૌથી ખતરનાક

આ ઉપરાંત પ્લાઝમોડિયમ નોલેસી એ તાજેતરમાં ઓળખાયો છે અને તે દક્ષિણપૂર્વ એશિયામાં જોવા મળે છે.

આપણે ત્યાં ભારતમાં બે પ્રકારના મલેરિયા જોવા મળે છે: પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ અને પ્લાઝમોડિયમ વિવેક્સ આ બંને પ્રકાર ખતરનાક છે. જોકે આજકાલ મલેરિયાની સારવાર એકદમ સરળ થઈ ગઈ છે, પરંતુ જો કોઈને પણ મલેરિયા



થાય તો એણે ઘણા દિવસો સુધી તકલીફ સહન કરવી પડી શકે છે. આજે આપણે મલેરિયાની ખતરનાક અવસ્થા ગણાતા 'મગજના મલેરિયા' વિશે જાણીએ.

મગજ મલેરિયાને 'સેરેબ્રલ મેલેરિયા' પણ કહેવામાં આવે છે. આ મલેરિયાનું એક ગંભીર સ્વરૂપ છે, જે આપણા મગજ પર ખરાબ અસર કરે છે. જ્યારે મલેરિયાના પરોપજીવી આપણા મગજમાં નાની રક્ત વાહિનીઓને અવરોધે છે ત્યારે મગજમાં મલેરિયા થાય છે. એના કારણે આપણું મગજ ફૂલી જાય છે અને આપણને સ્ટ્રોક (મગજનો લકવે) આવી શકે છે. ગંભીર કિસ્સાઓમાં, દર્દી કોમામાં જઈ શકે છે અને મૃત્યુ પણ થઈ શકે છે. નાનાં બાળકોની ઇમ્યુનીટી નબળી હોવાના કારણે મગજના મલેરિયાનો ભોગ નાનાં બાળકો વધુ બને છે. આ જ કારણ છે કે બાળકો માટે આ બીમારી ખતરનાક ગણાય છે.

બ્રેન મલેરિયાનાં લક્ષણ

મગજના મલેરિયાનું સૌથી સામાન્ય લક્ષણ ભારે તાવ છે. જો તમને મગજનો મલેરિયા હોય, તો તમને માથાનો તીવ્ર દુખાવો થઈ શકે છે. મગજના મલેરિયાના કેટલાક કિસ્સામાં, હુમલા (સ્ટ્રોક) આવી શકે છે. મગજ પર સોજો પણ આવી શકે છે.

કેવી રીતે બચવું?

આ માટે કેટલાક સરળ પણ મહત્ત્વપૂર્ણ પગલાં છે, જેમ કે મચ્છરદાનીનો ઉપયોગ કરવો, સાંજે સંપૂર્ણ કપડાં પહેરવા, ઘરની આસપાસ પાણી જમા ન થવા દેવું અને સ્વચ્છતા જાળવવી. ઉપરાંત ઘરની અંદર પણ ખૂણેખાંચરે મચ્છરોનો ઉપદ્રવ ન થાય તેની તકેદારી ખાસ લેવી. બાળકને તાવ આવે તો થોડા વધુ સતર્ક રહો, કારણ કે એની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે. જો બાળકને તાવની સાથે મૂંઝવણ, સુસ્તી અથવા વારંવાર ઊલટી જેવાં લક્ષણો દેખાય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરો.

ખુલ્લી ત્વચા ઉપર મચ્છર વિરોધી ક્રીમ લગાવવું એ પણ એક સારો ઉપાય છે. ઉપરાંત જંતુનાશક સારવારવાળી મચ્છરદાની પણ મળે છે. તેનો ઉપયોગ ખૂબ અસરકારક છે. ઘરના દરવાજા અને બારીઓ ઉપર પણ મચ્છર વિરોધી જાળીઓ લગાવી રાખવી જોઈએ.

યાદ રાખો, જો મગજના મલેરિયાનું સમયસર નિદાન થાય તો જીવન બચાવી શકાય છે. મલેરિયાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે ડોકટરો સામાન્ય રીતે મલેરિયા વિરોધી દવાઓની ભલામણ કરે છે માટે મુસાફરી કરતા પહેલાં ડોક્ટરની સલાહ લેવી મહત્ત્વપૂર્ણ છે.

આમ અસરકારક વ્યવસ્થાપન અને મજબૂત દેખરેખ માટે મલેરિયાનું વહેલું નિદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

રક્ત પરીક્ષણ

ડોકટરો સામાન્ય રીતે મલેરિયા પરોપજીવીઓનાં ચિહ્નો તપાસવા માટે રક્ત પરીક્ષણોનો ઉપયોગ કરે છે. એક ઝડપી નિદાન રક્ત પરીક્ષણ (રેપિડ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ) જે મલેરિયા પરોપજીવી દ્વારા મુક્ત થતા પ્રોટીનને શોધી કાઢે છે. (આ પરીક્ષણ માટે રક્ત નમૂના અને ચોક્કસ રસાયણો ટેસ્ટ કાર્ડ પર મૂકવામાં આવે છે અને લગભગ ૨૦ મિનિટ પછી, જો વ્યક્તિને મલેરિયા હોય તો કાર્ડ પર વિશિષ્ટ પટ્ટાઓ દેખાય છે).

જોકે, કેટલીક વાર ઓછી ઘનતાવાળા ચેપ શોધી શકતા નથી, તેથી પુષ્ટિ માટે અને પરોપજીવી ઘનતા નક્કી કરવા માટે માઇક્રોસ્કોપી જરૂરી છે. ઝડપી ડાયગ્નોસ્ટિક રક્ત પરીક્ષણ પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ મલેરિયાને માઇક્રોસ્કોપિક તપાસ જેટલી અસરકારક રીતે શોધી શકે છે, પરંતુ તે અન્ય પ્લાઝમોડિયમ પ્રજાતિઓને શોધવા માટે પૂરતું વિશ્વસનીય નથી અને એક કરતાં વધુ પ્રકારના મલેરિયાથી સંક્રમિત લોકોને એક સાથે ઓળખતું નથી. આ જ કારણ છે કે જો ઉપલબ્ધ હોય તો, ઝડપી નિદાન પરીક્ષણ અને રક્તની સૂક્ષ્મ તપાસ બંને કરવી જોઈએ.

મોટાભાગના લોકો મલેરિયાની સારવાર શરૂ કર્યા પછી ૨૪ થી ૪૮ કલાકમાં બહેતર થાય છે, પરંતુ પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમથી થતા મલેરિયા સાથેનો તાવ ૫ દિવસ સુધી ટકી શકે છે. તીવ્ર મલેરિયાની સારવાર માટે, દવાની પસંદગી, વ્યક્તિની લાક્ષણિકતાઓ, પ્લાઝમોડિયમની ચેપગ્રસ્ત પ્રજાતિઓ, પરોપજીવી પ્રતિકારની શક્યતા પર આધારિત છે.

મલેરિયા સંભવિત રીતે જીવલેણ છે તેથી લોકોની તાત્કાલિક સારવાર કરવામાં આવે છે. આવા મોટાભાગના કેસની સારવાર મોં દ્વારા દવાથી કરી શકાય છે. જે લોકો તેને મોં દ્વારા લઈ શકતા નથી, તેમને દવા આર્ટેસુનેટ નસમાં આપી શકાય છે. ■



કાચી કેરીમાં છુપાયેલો છે આરોગ્યનો ખજાનો...

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

ઉનાળો શરૂ થાય તેની સાથે કાચી કેરીની માગ વધી જતી હોય છે. ફળોના રાજા તરીકે કેરી પ્રત્યેક વ્યક્તિનું મનપસંદ ફળ મનાય છે. કેરીના વૃક્ષ ઉપર મોર (ફૂલ) ઊગે તેની સાથે વૃક્ષ ઉપર કેરીનો પાક કેટલો આવશે તેની અટકળો લગાવવામાં આવે છે. વૃક્ષ ઉપર લટકતી કાચી કેરીને તોડીને ખાવાની મજા કાંઈક હટકે જ હોય છે. શું આપને જાણ છે કે ભારતીય અથાણાંની માગ વિદેશમાં ઘણી છે. અથાણાંના નિકાસકારો સંપૂર્ણ કેરીની વાડીનો સોદો કરે છે. વાડીમાં પોતાના માણસો દ્વારા સારી ગુણવત્તાના મોટા પ્લાસ્ટિકના પીપ ગોઠવે છે. કેરીને વૃક્ષ ઉપરથી ઊતારીને બરાબર સાફ કર્યા બાદ વાડીમાં જ ટૂકડાં કરે છે. કેરી તથા અથાણાંનો મસાલો એક ઉપર એક ગોઠવી દે છે. ઉપરથી થોડું તેલ રેડીને સિલ પૅક કરીને ઉચ્ચ ગુણવત્તાની કાચી કેરીનું સ્વાદિષ્ટ અથાણું વિદેશમાં મોકલી આપે છે. વિદેશની ધરતી ઉપર ઊતરે ત્યારે અથાણું ખાવા માટે તૈયાર થઈ ગયું હોય છે.

પાકી કેરીના બંધાણીની જેમ જ કાચી કેરીના સ્વાદના બંધાણી અનેક રસિયાઓ જોવા મળે છે. બજારમાં નાની અમથી કાચી કેરી આવે તેની કાગડોળે વાટ જોતાં હોય છે. માન્યું કે મોટાં શહેરોમાં તોતાપુરી કાચી કેરી બારેમાસ મળી રહે છે. તેમ છતાં મોસમી ફળ ખાવાનો આનંદ અનેરો હોય છે. લૂથી બચવા કાચી કેરી ખાવાની ટેવ બાળપણથી પ્રત્યેક વ્યક્તિમાં જોવા મળે છે. તેનું મુખ્ય કારણ છે કેરીની તાસીર શરીરને ઠંડક પહોંચાડે છે. વિટામિન સીની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ગરમીના દિવસોમાં આગવો સ્વાદ તથા સોડમ ધરાવતી કાચી કેરીનો ઉપયોગ વિવિધ પ્રકારે કરવામાં આવે છે. કાચી કેરીની વાત નીકળી છે ત્યારે તેને સૌથી સરળ રીતે ખાવાની રીત તો આપ સર્વેને ખબર જ હશે. કુણી કુણી કાચી કેરીની પાતળી ચિપ્સ કરી લેવી. તેની ઉપર મીઠું-મરચું છાંટીને ખાવાનો આનંદ જરા હટકે હોય છે. કાચી કેરી અનેક બીમારીથી બચાવે છે. તેનું મુખ્ય કારણ છે તેમાં પોષક તત્ત્વો પર્યાપ્ત માત્રામાં સમાયેલાં હોય છે. જેવા કે વિટામિન એ, વિટામિન સી, કૅલ્શિયમ, આયર્ન, મેગ્નેશ્યિમ, ફોસ્ફરસ. ગરમીમાં કાચી કેરીનું સેવન વિવિધ રીતે કરી શકાય છે. કોઈ કેરીનું શરબત(આમ પન્ના), કેરીની ચટણી, કેરીનું કચુંબર, કેરીનું અથાણું વગેરે બનાવે છે. કાચી કેરીનો ઉપયોગ દાળ-શાકને સ્વાદિષ્ટ બનાવવા કરી શકાય છે. કેરીના સ્વાદની વાત કરીએ તો લાડવા કેરીમાં ખટાશ વધુ હોય છે. રાજાપુરી કેરી મીઠાશ ધરાવતી ગણાય છે.

ચટપટી કાચી કેરીના સ્વાસ્થ્ય લાભ

નિર્જલીકરણ (ડિહાઈડ્રેશન)થી બચાવે છે : ગરમીમાં પરસેવા દ્વારા તથા વાતાવરણમાં ગરમાવાને કારણે વારંવાર પાણી પીતા રહેવાનું મન થયા કરે છે. કાચી કેરીનો ઉપયોગ વિવિધ રીતે ઉનાળામાં ખાસ કરવામાં આવે છે. કાચી કેરીમાં સોડિયમ ક્લૉરાઈડ તથા આયર્નની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. તેથી કાચી કેરીનું સેવન ઉનાળામાં કરવાથી શરીરમાં પાણીની ઊણપ થતાં અટકે છે. અનેક વખત ગરમીને કારણે વ્યક્તિને ઊલટી ઉબકા આવવા લાગે છે. આવા સંજોગોમાં કાચી કેરી ઉપયોગી બને છે. કાચી કેરીનું શરબત બહાર જતી વખતે સાથે લઈ જવું ઉત્તમ વિકલ્પ ગણાય છે.

પાચન તંત્રને સુધારે છે : કાચી કેરીમાં ફાઈબરનું પ્રમાણ ભરપૂર હોય છે. તેથી તેના સેવન બાદ કબજિયાત, અપચો જેવી તકલીફથી રાહત મેળવી શકાય છે.

રોગપ્રતિકારક શક્તિ વધારે છે : કાચી કેરીમાં વિટામિન સીની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેથી તેનું સેવન કરવાથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. ઉનાળુ રોગોના ચેપથી બચી શકાય છે. એવું પણ કહેવાય છે કે કાચી કેરીનું નિયમિત સેવન કરવાથી હાર્મોનલ સિસ્ટિમમાં સુધારો થતો જોવા મળે છે.

હૃદયની તંદુરસ્તી જાળવવામાં લાભકારી : કાચી કેરીમાં ભરપૂર માત્રામાં પોટેશ્યિમ સમાયેલું હોય છે. જે બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. કાચી કેરીમાં નિયાસિન નામક ખનીજ હોય છે. જેને કારણે હૃદય સંબંધિત બીમારીથી બચાવી શરીરમાં હેલ્થી કૉલેસ્ટ્રોલની માત્રાને વધારે છે. ઍન્ટિ-ઑક્સિડન્ટ, વિટામિન બી-૨ તથા ફાઈબરનું પ્રમાણ સારી માત્રામાં હોય છે. જે હાર્ટ ઍટેક, ડાયાબિટીસ તથા સ્ટ્રોકના ખતરાને ઘટાડવામાં મદદ કરે છે.

ગરમીમાં લૂથી બચાવે છે : ગરમીમાં કાચી કેરીનું સેવન લૂથી રાહત મેળવવા માટે લાભકારક ગણાય છે. કાચી કેરીનું વિવિધ રીતે ગરમીમાં સેવન કરવું જ જોઈએ. જેમ કે કાચી કેરીનો બાફલો, કાચી કેરીની ચટણી કે પછી કાંદા-કેરીનું કચુંબર બનાવીને ખાસ ખાવું જોઈએ.

ત્વચા માટે ગુણકારી : કાચી કેરીમાં વિટામિન સી તથા વિટામિન એની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. વિટામિન એ સ્વસ્થ ત્વચા જાળવી રાખવામાં ઉપયોગી બને છે. કોશિકાના ઉત્પાદનમાં તથા તેના સમારકામમાં ઉપયોગી બને છે. કેરીના નિયમિત સેવન થકી વ્યક્તિની ત્વચા કોમળ બની જાય છે. કેમ કે શરીરને પૂરતું પોષણ મળી રહે છે.

વજન ઘટાડવામાં લાભકારી : નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ દ્વારા બહાર પાડવામાં આવેલાં એક રિપોર્ટ મુજબ પાકી કેરીનું અતિ સેવન વજન વધારી દે છે જ્યારે કાચી કેરીનું સેવન વજન ઘટાડવામાં મદદ કરે છે. કેમ કે કાચી કેરીમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. જેને કારણે કેરીના સેવન બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. વળી વ્યક્તિ કાચી કેરીનું સેવન કર્યા બાદ તૃપ્ત બની જાય છે. અન્ય વસ્તુ વારંવાર ખાવાની ઈચ્છા થતી નથી. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. પાકી કેરીમાં શર્કરાની માત્રા વધી જાય છે. તેથી વધુ પડતી પાકી કેરીનું સેવન વ્યક્તિના વજનને વધારવામાં જવાબદાર ગણાય છે.

ગર્ભાવસ્થામાં ગુણકારી : ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીએ પૌષ્ટિક આહાર લેવો જોઈએ. કાચી કેરીમાં ફૉલેટ પર્યાપ્ત માત્રામાં હોય છે. વળી ગર્ભાવસ્થામાં વિટામિન બી-૯ તથા ફૉલેટ સ્વાસ્થ્ય માટે ઘણું જ આવશ્યક છે. કેમ કે તે નવજાત શિશુમાં ન્યૂરલ્સ ટ્યૂબ દોષને રોકવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

ડાયાબિટીસમાં ગુણકારી: એવી માન્યતા છે કે કાચી કેરીનું સેવન કરવાથી ડાયાબિટીસની વ્યાધિથી બચી શકાય છે. કાચી કેરીનું સેવન લૉ શુગર લેવલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. તેનું સેવન કરવાથી ઍન્ટિ-ઓક્સિડન્ટના લાભ શરીરને મળી રહે છે. જેથી લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રીત રાખવામાં મદદ મળે છે.

કૅલ્શિયમની જરૂરિયાત પૂર્ણ કરે છે : કાચી કેરીનું સેવન કરવાથી હાડકાં મજબૂત બને છે. કેરીમાં કૅલ્શિયમની માત્રા ભરપૂર હોય છે. જે હાડકાંને સ્વસ્થ તથા મજબૂત બનાવવામાં મદદ કરે છે. તેથી જ કેરીનું પ્રમાણભાન રાખીને સેવન કરવાથી હાડકાં સંબંધિત સમસ્યા જેવી કે બરડ બનવાથી રાહત મેળવી શકાય છે. મુંબઈ જેવા શહેરના ભેજવાળા વાતાવરણમાં કાચી કેરીનું સેવન હાડકાંમાં કળતર કરી શકે છે. તેથી સ્વયંના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને પ્રમાણભાન સાથે સેવન કરવું.

કાચી કેરીના શરબતની રીત :

૪ નંગ કાચી કેરી, ૭૫૦ ગ્રામ ખાંડ અથવા ૫૦૦ ગ્રામ ગોળનો ભૂકો, ચપટી કેસર, ૫ નંગ એલચીનો ભૂકો, જરૂર મુજબ સંચળ પાઉડર, ૧ નાની વાટકી ફૂદીનાના પાન, ૧ નાની ચમચી શેકેલાં જીરાનો પાઉડર,૧ મોટો ટૂકડો આદું, ૧ નંગ લીંબુનો રસ, ૧ ચમચી દૂધ.

બનાવવાની રીત : સૌ પ્રથમ કેરીની છાલ કાઢીને બાફી લેવી. હવે ગોટલા કાઢીને માવો અલગ કરવો. હવે મિક્સરમાં માવાની અંદર ફૂદીનાના પાન, આદુંનો ટૂકડો, શેકેલા જીરાનો પાઉડર, સંચળ વગેરે મિક્સ કરીને વાટી લેવું. ગોળથી શરબત બનાવતાં હોવ તો ગોળની અંદર કેરીનો માવો ભેળવીને એક ઊભરો લેવો. એક વાસણમાં ૭૫૦ ગ્રામ ખાંડની અંદર ખાંડ ડૂબે તેટલું પાણી ઉમેરીને ગરમ કરવા મૂકવું. ખાંડ ઓગળવા લાગે ત્યાં સુધી બરાબર હલાવતા રહેવું. ખાંડ ઓગળી જાય ત્યારબાદ તેમાં ૧ ચમચી દૂધ ઉમેરવું. થોડીવારમાં ખાંડના પાણીની ઉપર મેલ તરી આવશે. તેને બહાર કાઢી લેવો. એક તારની ચાસણી બનાવવી. તેમાં કેસર, એલચીનો ભૂકો તથા કેરીનો માવો ઉમેરી બરાબર હલાવી લેવું. ઠંડું થાય ત્યારબાદ ૧ લીંબુનો રસ ઉમેરી દેવો. સ્વાદિષ્ટ કેરીનું શરબત ગ્લાસમાં ૩ ચમચી લેવું બાકી બરફ તથા પાણી ઉમેરીને ગટગટાવી જવું. ■

ફ્લેવર્ડ વૉટર પીવું હોય તો ઘરનું પીવો...

feedback@bombaysamachar.com
ફોકસ
રેખા દેશરાજ

ફ્લેવર્ડ વૉટર એટલે એક એવા પ્રકારનું પાણી કે જેમાં કુદરતી કાં તો કૃત્રિમ ફ્લેવર ભેળવવામાં આવે છે. સામાન્ય રીતે એમાં ફળ, ઔષધિઓ, મસાલા અથવા મીઠાશ વધારવા માટે મધ કાં તો કૃત્રિમ સ્વીટનર મિક્સ કરવામાં આવે છે. આવા પીણાં પિવાથી શરીર હાઇડ્રેટ રહે છે. આરોગ્ય જાળવી રાખવા માટે આપણે દિવસમાં ૮થી ૧૦ ગ્લાસ પાણી પીવું જોઈએ. જોકે કેટલાક લોકોને સાદું પાણી ગળા નીચે ઊતરતું નથી. એથી તેઓ જરૂરત કરતાં ઓછું પાણી પિવે છે. આવા લોકો માટે ફ્લેવર્ડ વૉટર એક સારો પર્યાય છે. જોકે એક વાતનું ખાસ ધ્યાન રાખવું એ આ પાણી ઘરે બનાવેલું હોવું જોઈએ, કેમ કે બહાર મળતાં ફ્લેવર્ડ વૉટરમાં કૃત્રિમ તત્ત્વો ભળેલા હોવાથી એ નુકસાન કરે છે.

અનેક પ્રકારના ફ્લેવર્ડ વૉટર

ફ્લેવર્ડ વૉટર વિવિધ પ્રકારના હોય છે. પહેલો આવે છે નૅચરલ ફ્લેવર્ડ વૉટર, જેમાં તાજા ફળો, કાકડી, લીંબુ, ફુદીના અને તુલસી જેવા હર્બ્સ ભેળવેલા હોય છે. બીજુ હોય છે ઇન્ફ્યુઝ્ડ વૉટર. એને પણ કુદરતી રીતે બનાવવામાં આવે છે. એમાં ફળ અને જડીબુટ્ટીઓને થોડા સમય માટે પાણીમાં પલાળવામાં આવે છે. ત્રીજુ છે બજારમાં મળતા બોટલમાં પૅક ફ્લેવર્ડ વૉટર. એમાં સ્વાદ વધારવા માટે કૃત્રિમ ફ્લેવર અને સ્વીટનર નાખવામાં આવે છે. ચોથું હોય છે સ્પાર્કલિંગ ફ્લેવર્ડ વૉટર. એમાં કાર્બોનેટેડ વૉટર અને સ્વાદ ઉમેરવામાં આવે છે, જેને સોફ્ટ ડ્રિન્કનો હેલ્ધી પર્યાય માનવામાં આવે છે.

પાણીને ફ્લેવર્ડવાળુ બનાવવાથી એમાં વિટામિન્સ અને મિનરલ્સની માત્રા પણ વધી જાય છે. ગરમીમાં આવા પાણીને વધારે પ્રમાણમાં પીવાથી તમે આખો દિવસ હાઈડ્રેટ રહો છો. પાણીને ફ્લેવરવાળુ બનાવવાથી એટલે કે એમાં ફળો, હર્બ્સ અને તાજા મસાલાનો ઉમેરો કરવાથી શરીરને પૂરતા પ્રમાણમાં પોષક તત્ત્વો મળી રહે છે. લેમન, લાઈમ, ઓરેન્જ, દ્રાક્ષ અને તમામ પ્રકારની બેરીઝમાં વિટામિન સીનો ભરપૂર માત્રામાં સ્રોત હોય છે. એમાં જો આદું અને ફુદીના ઉમેરવામાં આવે તો એ સ્વાસ્થ્ય માટે ખૂબ ગુણકારી હોય છે.

- પાણીને ફ્લેવર્ડ બનાવવા માટે હંમેશાં તાજા ફળોનો ઉપયોગ કરવો. કરમાયેલા હર્બ્સ કે પછી વધુ પાકેલા ફળોનો ઉપયોગ ન કરવો.
- એમાં વસ્તુઓને નાખીને રાતના સમયે ફ્રીજમાં રાખીને સવારે પીવું જોઈએ.
- લેમન અને લાઇમ જેવા ફ્રુટ્સ લાંબા સમય સુધી પાણીને તાજા અને ફ્લેવર્ડ રાખે છે. બેરીઝ અને ફુદીના જલદી ખરાબ થાય છે એથી એનો ઉપયોગ એ પ્રમાણે કરવો.
- લીંબુ, સંતરા, હર્બ્સ અથવા અન્ય મસાલા નાખીને એને ફ્રીજમાં સ્ટોર કરવા.
- ફ્લેવરને લાંબા સમય સુધી જાળવી રાખવા માટે કન્ટેનરમાં પાણીને બે-ત્રણ વખત નાખવું જોઈએ. શરત માત્ર એટલી કે એનો સ્વાદ બદલાયો ન હોવો જોઈએ.

વજન ઘટાડે છે

ફ્લેવર્ડ વૉટર વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. આ પાણી આપણે વારંવાર પીવાથી પેટ ભરેલું રહે છે અને વધુ જમવાની તીવ્ર ઈચ્છા પણ નથી થતી. ઘરનું બનાવેલું ફ્લેવર્ડ વૉટર હોય તો એ ખનીજ તત્ત્વો અને વિટામિન સીથી ભરેલું હોય છે, જે શરીરને ડિટોક્સ કરે છે.

શું સ્વાસ્થ્ય માટે એ ગુણકારી છે?

હા, આ ફ્લેવર્ડ વૉટર આરોગ્ય માટે ખૂબ ગુણકારી છે. ફ્લેવર્ડ વૉટર સોફ્ટ ડ્રિંકની સરખામણીએ વધુ હેલ્ધી છે. ફ્લેવર્ડ વૉટરમાં અનેક પ્રકારના ફળ અને જડીબુટ્ટીઓના તત્ત્વો હોય છે. એમાં પણ જો બજારમાં વેચાતું ફ્લેવર્ડ વૉટર તમે પીવો તો એ તંદુરસ્તી માટે હાનિકારક હોય છે. કેમ કે એમાં પ્રિઝર્વેટિવ્સ અને કૃત્રિમ મીઠાશ માટે તત્ત્વો ઉમેરવામાં આવે છે. બજારમાં મળતા આવા પીણાં પીવાથી એ દાતની સમસ્યા વધારે છે. કેટલાક ફ્લેવર્ડ વૉટર સ્વાદમાં ખાટા હોય છે એનાથી એસિડિટી થાય છે. એ દાતના ઈનેમલને પણ નુકસાન કરે છે. એથી ઘરનું બનેલું ફ્લેવર્ડ વૉટર જ સારું છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

આયુર્વેદિક દિનચર્યા એટલે શું?

એનું પાલન આપણા માટે કેટલું અગત્યનું એ જાણવું જરૂરી છે

ભારત દેશના ઋષિમુનિઓ ખૂબ જ દિર્ઘદૃષ્ટિવાળા હતા. એમનું જીવનલક્ષ્ય સર્વના ભોગે એક પરમાત્માને પ્રાપ્ત કરવાનું જ હતું, પરંતુ તે ધ્યેયને સિદ્ધ કરવા માટે સ્વસ્થ અને સક્ષમ શરીરની ખૂબ જ આવશ્યકતા હોય છે. એ બધા એમ સમજતાં કે, રોગનો ઈલાજ કરવાં કરતાં તે રોગ શરીરમાં પ્રવેશે જ નહીં, તેની પૂર્વ સાવધાની રાખવી ખૂબ જ જરૂરી છે. તે હેતુને ધ્યાનમાં રાખીને એમણે રોજબરોજ કેવી રીતે જીવન જીવવું જોઈએ, તેની આદર્શ દિનચર્યા આપણને વારસામાં આપી છે.

જોકે, આપણી જીવનશૈલી આજે ખૂબ જ અનિયમિત થઈ ગઈ છે. આપણે એમ માનીએ છીએ કે, આયુર્વેદમાં દર્શાવેલ દિનચર્યા મુજબ જીવવું આજે ખૂબ જ મુશ્કેલ અને અશક્ય છે. અનિયમિત જીવનશૈલીમાં સુધારો કરવાને બદલે આજના યુગનો વાંક કાઢીએ છીએ. હા, તે વાત પણ સાચી છે કે આજના યુગમાં બધા જ નિયમોનું પાલન કરવું થોડું મુશ્કેલ જરૂર છે, પરંતુ અશક્ય તો નથી.

આપણે ખરેખર સ્વસ્થ રહેવું છે, પરંતુ સ્વસ્થ રહેવા માટેની સરળ જીવનશૈલીનું પાલન કરવું પસંદ નથી. આપણે જેટલી આયુર્વેદિક દિનચર્યાને અનુસરીને વર્તીએ તેટલા લાંબા સમય સુધી ઔષધ વિના કુદરતી રીતે સ્વસ્થ રહી શકીએ છીએ. એને જો ઉલ્લંઘીએ અને પોતાની સ્વેચ્છા અનુસાર વર્તનાર જરૂર રોગના શિકાર બને છે માટે સ્વાસ્થ્ય ઈચ્છનાર વ્યક્તિએ તે દિનચર્યાને આદર આપવો જોઈએ.

સૂર્યોદય પહેલાં જાગવું

શ્રીસ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, 'સહુએ નિત્યે સૂર્ય ઊગ્યા પહેલાં જ જાગવું અને ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું.'

ભગવાને આપણને જે જે આજ્ઞા કરી છે તે આપણા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે. સૂર્યોદય પહેલાનો સમય શરીરને સ્ફૂર્તિલું, મનને પ્રફુલ્લિત અને આત્માને ઈશ્વરમાં જોડવા માટે ખૂબ જ સાનુકૂળ હોય છે. અનેક સંશોધનો દ્વારા એ સાબિત થયું છે કે, જે બ્રહ્મમુહૂર્તમાં જાગે છે એ લાંબા સમય સુધી નિરોગી, સતેજ યાદશક્તિવાળા, હકારાત્મક વલણવાળા, દીર્ઘાયુ અને ક્રોધાદિક દોષોથી રહિત હોય છે, પરંતુ આજે આપણને મોડા જાગવાની કુટેવ પડી ગઈ છે. સવારે વહેલા જાગવાના અનંત લાભોથી વાકેફ હોવા છતાં, આપણે ઘણીવાર આળસના કારણે મોડા જાગતા હોઈએ છીએ. અને તેથી આપણું શરીર અનેક રોગને આધીન બને છે. માટે આપણા સહુ માટે આળસનો ત્યાગ કરી સૂર્યોદય પહેલાં જાગવું વધુ લાભદાયક છે.

સવારે જાગતાની સાથે જ હરિસ્મરણથી દિનારંભ કરવો

આજે અનેક લોકો ચિંતા, સ્ટ્રેસ, ડિપ્રેશન, ભય અને કાર્યભારની મૂંઝવણમાં જ દિવસ વ્યતીત કરતા હોય છે. એ ભગવાને આપેલા દિવસનો ભરપૂર આનંદ લૂંટી શકતા નથી. કેમ કે, એમને દિવસની શરૂઆત કેવી રીતે કરવી, તેનો ખ્યાલ જ હોતો નથી.

ભારતીય વૈદિક ગ્રંથો ભગવાનનું સ્મરણ અને એમનો આભાર વ્યક્ત કરીને જ દિવસની શરૂઆત કરવાનું શીખવે છે. આધુનિક સંશોધનો પણ પુરવાર કરે છે કે, જે લોકો દિવસની શરૂઆત ભગવાનનો આભાર વ્યક્ત કરવાથી કરે છે એ તણાવ, ડિપ્રેશન અને ભયમાં ઓછા જીવતા હોય છે. તેટલું જ નહીં, એમની અંદર હકારાત્મક ઊર્જા ઉત્પન્ન થાય છે, જેથી એમની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને એ લાંબા સમય સુધી નિરોગી રહી શકે છે.

શૌચક્રિયા

નિયમિત મળત્યાગ ઉપર જ આરોગ્ય નિર્ભર છે. મળ બરાબર સાફ ન આવે તે શરીરમાં રોગના આગમનની ચેતવણી છે, પરંતુ આજે દુનિયામાં કબજિયાતનો રોગ સર્વવ્યાપી થઈ ગયો છે. નાનાં બાળકોથી લઈને વૃદ્ધો આ રોગથી ત્રાસિત છે. તેનું એક મુખ્ય કારણ એ છે કે, મળત્યાગ કરવા માટે કુદરતે જે સમય ગોઠવેલ છે, તે સમયે આપણે બીજું જ કાંઈક કરતા હોઈએ છીએ.

મળત્યાગ કરવાનો શ્રેષ્ઠ સમય સવારના ૪થી ૬ દરમિયાન હોય છે, કેમ કે તે સમયે મોટું આંતરડું ખૂબ જ સક્રિય હોય છે, પરંતુ આજે આપણને સવારે મોડા જાગવાની જ આદત પડી ગઈ છે. તે સમયે આંતરડું સક્રિય હોતું નથી. તેથી તેવા સમયે મળત્યાગ કરવા માટે આંતરડાને ખૂબ જ બળ કરવું પડે છે, તેમ છતાં પણ સંપૂર્ણ મળત્યાગ થતો નથી અને અંતે આંતરડામાં લાંબા સમય સુધી મળ પડ્યો રહેવાથી શરીરમાં અલગ-અલગ રોગ ઉત્પન્ન થાય છે.

આ ઉપરાંત, ઘણાં લોકોને રોજ સવારે જાગીને તરત જ છાપું વાંચવું, ધૂમ્રપાન કરવું, ચા-કોફી પીવી વગેરે કુટેવો હોય છે, પછી તેઓ ફરિયાદ કરતા હોય છે કે, 'સવારમાં સરખું પ્રેશર આવતું જ નથી', ક્યાંથી આવે? આ રીત તદ્દન ખોટી છે. માટે જાગીને તરત જ શૌચક્રિયા કરવા જવાની ટેવ પાડવી. ભલે પ્રેશર આવે કે ન આવે, પરંતુ સવારે સંડાસમાં કોઈપણ જાતના બળ વિના એમ ને એમ બેસી રહેવાથી થોડા દિવસોમાં આપોઆપ તે સમયે મળત્યાગ થવાની આદત પડી જશે.

શૌચક્રિયા કર્યા બાદ હાથ અને પગને વ્યવસ્થિત સાબુ કે જંતુનાશક લિક્વિડથી ધોવા, કે જેથી હાથ-પગમાં બેક્ટેરિયા રહી ન જાય.

દંતધાવન

તે પછી ચહેરાને અને આંખને ઠંડા પાણીથી ધોવાં, અને શુદ્ધ જળથી બે-ત્રણ કોગળા કરવા. ત્યારબાદ યોગ્ય જગ્યાએ બેસી મુખશુદ્ધિ માટે બ્રશ અથવા તો દાતણ કરવું. ત્યારબાદ જીભનું રોજ નિરીક્ષણ કરવું. જીભ એ પાંચનતંત્રનું દર્પણ છે. એટલું જ નહીં, શરીરની અન્ય બીમારીઓનો ખ્યાલ પણ જીભનિરીક્ષણ દ્વારા આવી શકે છે. જો મોઢામાંથી દુર્ગંધ આવતી હોય તો તે ખોરાકના અપાચનનું સૂચન છે. તે શરીરમાં આમ અને ઝેરી પદાર્થોના સંગ્રહ થવાનો સંકેત છે. તેથી તે દિવસે સવારના નાસ્તાનો અચૂક ત્યાગ કરી દેવો.

વિવિધ બીમારીઓમાં જીભ પર થતી અસર

(માલિશ - શ્રમ - ભોજન વિશે હવે પછી)

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

આલ્કોહોલથી બચવું જરૂરી છે...

આલ્કોહોલ પીવાના શોખીન લોકો દુનિયાભરમાં હાજર છે. આલ્કોહોલ પીનારાની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

પહેલાની સરખામણીમાં હાલમાં આલ્કોહોલનું સેવન વધ્યું છે. આલ્કોહોલ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક સાબિત થયું છે. આલ્કોહોલથી બચવું બહું મુશ્કેલ છે. સીધેસીધું આલ્કોહોલ પીનારાને તો નુકસાન છે જ પણ લગભગ દરેક વ્યક્તિ આડકતરી રીતે આલ્કોહોલ (દારૂ)નું સેવન કરે છે. આ બાબત ન જાણનારાને ચોંકાવનારી કદાચ લાગી શકે. આલ્કોહોલ લગભગ બધી જ પ્રોડક્ટ્સમાં વપરાય છે. જેને કારણે શરીરમાં રોગોનું પ્રમાણ મોટા પાયે વધ્યું છે. યુવાપેઢી નબળી પડી રહી છે. શારીરિક અને માનસિક રીતે નબળાઈનું પ્રમાણ વધ્યું છે. આલ્કોહોલ શરીરમાં પાચન થતું નથી તે સીધું રક્તપ્રવાહમાં અવશોષિત થાય છે. આલ્કોહોલમાં ઑક્સિજન નથી હોતું તે ફક્ત કાર્બનિક યોગિક જેના ચાર પ્રકાર છે. મિથાઈલ, આઈસોપ્રોપલ, ઈથનોલ ઓર્થલ, અન્ય મેથિલ પ્રોપેન-૨, પ્રોપેનલ-૨, ચીની આલ્કોહોલ. આ બધા જીવાણુ નાશક એજન્ટ છે. મનુષ્ય કેવળ અનાજના એથિલ પચાવી શકે છે. બીજા આલ્કોહોલ શરીરમાં પચતા નથી. જેને કારણે ગંભીર બીમારીઓ થઈ રહી છે. આલ્કોહોલ એ એક ડિપ્રેસેન્ટ છે જે બધી પ્રક્રિયાને ધીમી કરી નાખે છે. આલ્કોહોલ ડિહાઈડ્રોજનેસ (ADH) દ્વારા એસ્ટિટોલિનને ઉત્પાદિત કરે છે, શરીરના ઑક્સિજનનો નાશ કરે છે. કોષોમાં કાર્બનનું પ્રમાણ અધિક થઈ જાય છે. જેથી ઘણીએ વ્યાધિઓ થાય છે. વ્યાધિ થતાં દવાઓનું સેવન કરવું પડે છે, દવાઓ પણ આલ્કોહોલથી બને છે. તેથી શરીરને હાનિથી બચાવી શકાતું નથી. બીમારીઓ વધુને વધુ ગંભીર થતી જાય છે.

દરેક વર્ગના કે દરેક ઉંમરના વ્યક્તિઓને આલ્કોહોલથી બચવું બહુ જ મુશ્કેલ છે. આનું કારણ છે કે સવારથી રાત સુધીની વપરાતી દરેક વસ્તુઓમાં આલ્કોહોલનો ઉપયોગ થાય છે ખાદ્ય-પદાર્થ જેવા કે કોલ્ડડ્રીંક, બેવરેન્ડ, કેન જ્યુસ, કેનડ્રીંક, આઈસક્રીમ, ચોકલેટ, અમુક પ્રકારના બિસ્કીટ, કેક, યોગર્ટ, વિનેગર, અમુક બ્રેડ, સોયાસોસ, અન્ય અમુક સોસ, ચ્યુઈંગગમ, ડેઝર્ટ, કુકીઝ, સીરપ, લિક્વીડ સુગર, એસેન્સ, સુકવેલા ફળ, વેનીલા એસેન્સ, જેવી ઘણીયે ઉત્પાદનમાં આલ્કોહોલ વપરાય છે.

પરફ્યુમ, બોડી સ્પ્રે બધી જ બ્યુટી પ્રોડક્ટસ, એન્ટિસ્પ્ટીક, બધા જ પ્રકારના ક્રીમ, લિક્વિડસોપ, માઉથવોશ, પેસ્ટ, રંગવાના પદાર્થ, બધા જ પ્રકારની દવાઓ હોમિયોપથીમાં લગભગ બાણું ટકા જેટલો આલ્કોહોલ હોય છે. ઉધરસની બધી જ સીરપ ઘાસતેલ અને આલ્કોહોલથી જ બને છે. આયુર્વેદિક આસવ અને આરિષ્ટ આલ્કોહોલ જ છે. (આયુર્વેદિક દવાઓ આથો આવવાથી બને છે જેથી આલ્કોહોલ જેવી જ છે) બધા જ પ્રકારની સફાઈની વસ્તુઓમાં પણ આલ્કોહોલ જ છે.

શરીરમાં આલ્કોહોલ જતાં એક બે દિવસમાં આની અસર જણાય છે. ઉબકા, ઊલટી, પેટમાં મરડો , માથુંભારી થવું, થાક લાગવો, શરીરમાં દુખાવો થવાથી જ શરૂઆત થાય છે. ઘણીવાર થોડા જ કલાકોમાં આની અસર વર્તાય છે. પેટને પ્રભાવિત કરે છે સોજા આવવા કે ગેસ્ટ્રાઈટસ થાય છે લાંબો સમય સુધી આલ્કોહોલ કે આલ્કોહોલ વપરાતી વસ્તુઓનું સેવન પેટમાં અલ્સર કરે છે. પછી કેન્સરમાં પરિવર્તિત થાય છે.

આંતરડામાં જતાં ત્યાં અલ્સર અને ગેસની સમસ્યા થાય છે સોજા આવતા દુખાવો થાય છે જે ઊર્જા અને વજનને પ્રભાવિત કરે છે.

લીવર ફેટી લીવરમાં પરિવર્તિત થાય છે. લીવર દારૂ કાઢવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેને તોડી ને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે. અસમર્થ થતાં પિત્તની થેલીમાં પથરી થાય છે. બહારના ઠંડા પીણા આઈસક્રીમ કે ડેઝર્ટ ને કારણે થાય છે.

હાડકાં ભંગુર થાય છે એટલે પોચા પડી જાય છે અને ઓસ્ટ્રિયોપોરીસીસની સમસ્યા થાય છે. નખ વાળ તૂટે છે દાંતનો ક્ષય અને મોઢામાંથી દુર્ગંધ આવે છે. વિટામિન-ડી બગડી જાય છે.

ગર્ભાવસ્થા દરમ્યાન આલ્કોહોલીક પદાર્થનું સેવન કરવાથી ભ્રૂણ ને આલ્કોહોલ સ્પેક્ટ્રમ વિકાર થાય છે જેને કારણે તેમાં શારીરિક અને માનસિક ખામીઓ જણાય છે. જેને (FASD) કહેવાય છે.

મસ્તિષ્કમાં અવસાદ, ચિંતા, તાણ, ભય, મનોભ્રંશ (જેને વર્નિકર અન્સેફેલોપેથી કહેવાય છે.) બીજી આવી જ બીમારી જેને કોરોસ્કકોફો કહેવાય છે, જેમાં મેમરી ડિફીકલ્ટી થાય, વિટામિન બી-૧ની સમસ્યા થાય છે, ઈટિંગ ડીસઓર્ડર થાય છે. (ખાવાનો કોળિયો ગળી ન શકાય) સ્ટ્રોક આવે છે.

હૃદયરોગ, સોરાયસીસ (ગંભીર બીમારી) ડાયાબિટીસ, કેન્સર જેવા રોગોની શક્યતા વધી જાય છે. અંગ વિકાર, કોમા જેવી પરિસ્થિતિ સર્જાય છે.

આજની યુવા પેઢી દ્વારા બહારના ખાદ્ય-પદાર્થ તેમજ કેફેનનો વધુ ઉપયોગ, પરફ્યુમ બોડી સ્પ્રેના ઉપયોગથી પ્રજનનક્ષમતા ઘટી ગઈ છે. તેમ જ તેઓને લગ્નબંધન પણ ગમતાં નથી. કારણ કે આ પદાર્થોના સેવનને લીધે શારીરિક અને માનસિક ક્ષમતા ઘટી ગઈ છે. દારૂ સાથે સોડાનું સેવન કે કોમ્બિનેશન DAN પર સીધી અસર કરે છે. સોડામાં સામાન્ય રીતે કાર્બોરેટેડ પાણી, રંગ, કેફીન, ફોસ્ફારિક એસિડ, સાઈટીક એસિડ હોય છે આવી સ્થિતિમાં વધુ પડતાં સોડાથી સ્થૂળતાથી લઈને ડાયાબિટીસ, ઉચ્ચ કોલેસ્ટ્રોલ અને હૃદયની સમસ્યાઓ થઈ શકે છે. જેથી અચાનક મૃત્યુ થાય છે.

આલ્કોહોલીક ખાદ્ય-પદાર્થથી છાતીમાં જલન અને બળતરા થાય છે. ગળાની માંસપેશી શિથિલ થાય છે જેથી એસિડ ગળામાં પાછું જાય છે ને સોજા અને જલન થાય છે. ઘણીવાર ઊલટી આવે છે અને ગંભીર પરિસ્થિતિમાં રક્તસ્ત્રાવ થાય છે.

હોટલો, ધાબા કે બહારના ફેક્ટરીના ખાદ્ય-પદાર્થ આલ્કોહોલ અને કેમિકલ વગર બનતાં નથી. સારાં સ્વાસ્થ્ય માટે ઘરના ભોજન સિવાય કોઈ વિકલ્પ નથી ઘરમાં બનતાં ભોજનમાં પણ બહારની રેડી પેકેટનો ઉપયોગ ન થવો જોઈએ. સ્વાદ માટેની દોડાદોડ બંધ કરવી જરૂરી છે. ગૃહિણી આળસ ત્યાગે અને શુદ્ધ ભોજન બનાવાની પરંપરાગત વ્યવસ્થાને શીખી લેવી જરૂરી છે. એ આગળની પેઢી માટે ખૂબ જ જરૂરી છે.

આલ્કોહોલ સીધું જ લોહીમાં જતાં હિમોગ્લોબીન પર ખૂબ જ માઠી અસર કરે છે. રક્ત વિકાર થાય છે અંતે લોહી ચડાવાની જરૂર પડી જાય છે.

આલ્કોહોલ પેટમાં જતાં એસ્ટીટાઈડ બને તેથી લીવરમાં સોજા અને સડવાનું શરૂ થાય પછી ફોરમીક એસિડ બને તેથી લીવર વધુ બગડે. એસ્ટીટાઈડ નાબૂદ કરવા પિત્ત જરૂરી છે. પિત્તનું પાવર ફૂલ હોવું જરૂરી છે તે બગડતા લીવરની સાથે સાથે બીજી બીમારીઓ વધી જાય છે. પ્રોટીન પચવા ભારે થઈ જાય. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

પુસ્તક વાંચ્યું પણ મસ્તકમાં ઉતર્યું?

'આ જોયો, આ મારા ઢગાની ચોપડીઓનો ઢગલો?' ઇલાને કબાટનાં પુસ્તકો બતાવતા સરોજ બોલી. 'વાઆઆઆઉઉઉ..' અંધેરીથી બોરીવલી જેવડું 'વાઉ' ઇલાના કંઠમાંથી સરી પડ્યું. લોકલ ટ્રેનની ભીડમાં ચપોચપ ચીપકીને ઊભેલા પ્રવાસીઓની જેમ ચોપડીઓની થપ્પી જોતાં જ ઇલાની આંખની કીકીઓ અડધા સેન્ટિમીટર જેટલી પહોળી થઈ ગઈ :

'ઓહ માય ગોડ, સરોજ આટલી બધી ચોપડીઓ તારા વરે લખી ક્યારે? ગ્રેટ'

'હે અજ્ઞાની જીવ, આ બધી 'મુડદેકી જાન ખતરેમે' પુસ્તકની જ ૨૯૭ નકલ છે. ગયા અઠવાડિયે પુસ્તકદિનના દિવસે આ પુસ્તકનું લોકાર્પણ હતું, પણ એ પહેલાં મે સુભાષને ચેતવ્યો : 'સુભુ, તું ઘરનો હિસાબ બરાબર લખી શક્તો નથી ને પુસ્તક બહાર પાડવાના ધખરા ક્યાંથી ઊપડ્યા? યે પુસ્તક કા બિહામણા મુખપૃષ્ઠ દેખકે બચ્ચે લોગ ડર જાયેંગે ઓર વાંચક લોગ ગભરા જાયેંગે, ઐસા અખતરા કરકે ખુદકી જાન ખતરેમે મત ડાલો. ચોપડીકા ઐસા નામસે અપની ઈજ્જતકા ધજાગરા ઉડેગા, લોકો ભલે કહેતા કે 'સાચો મિત્ર પુસ્તક' પણ આપણો તો એ દુશ્મન બની જશે. એ દિવસે આ પુસ્તકની ૩૦૦ પ્રતમાંથી ત્રણ નકલ ત્રણ મિત્રને ભેટીને ભેટ આપી. આ ત્રણમાંથી એકને વાંચતાં વાંચતાં અટેક આવ્યો, બીજાએ આત્મહત્યા કરી ને ત્રીજાએ દેશ છોડી દીધો. હવે આ પુસ્તક કોણ લે? મેં એમ પણ કીધું અક્ષર ખરાબ છે તો ડોક્ટર બનો પણ માને કોણ? મને કહે છે 'ચિંતા ન કર સૂરુ, દરેક નિષ્ફળતા એક સફળતાનું પગથિયું છે. જીવનમાં એક મહાન લેખકની પત્ની બનવાનું સૌભાગ્ય તારા જેવી દરેક નારીના નસીબમાં નથી લખ્યું. ઇતિહાસ મારી નોંધ લેશે ત્યારે તું મારા જ્ઞાનની કદર કરીશ? અરે ઈશ્વરને જ્યારે લાગ્યું કે હું ઘરે ઘરે પહોંચી નઇ વળું એટલે માનું સર્જન કર્યું એમ મને લાગ્યું કે મારા અંતરમાં પ્રગટેલું જ્ઞાન હું ઘરે ઘરે પહોંચાડી નઇ શકું એટલે આ 'મોજની ખોજ' પુસ્તકનું પણ સર્જન કર્યું, વ્હાલી, મારા અંતરમાં પ્રગટ થયેલા કેવળજ્ઞાનને હું લોકો સુધી ન પહોંચાડું તો મારી જણનારી લાજે. અરે વિધાતા જેવી વિધાતા દરેકના નસીબ લખે પણ પોતે પોતાનું એક પણ પુસ્તક પ્રગટ કરી શકી? જ્યારે લોકોના ચહેરા પર હાસ્યની હેલી વરસે એટલે મેં..મોજની ખોજ...'

'ખબરદાર, જો હવે એક શબ્દ આગળ બોલ્યા તો' મારી છટકી : 'સાલું, ઘરમાં છ-છ દિવસ સુધી પાસબુક જડતી નથી ને 'મોજની ખોજ' કરવા નીકળી પડ્યા... હાસ્ય કોને કહેવાય એ જાણવું હોય તો પહેલા લેખક રાહુલ ગાંધી લિખિત 'દુલ્હા બિકતા હૈ' અને કેજરીવાલની 'ભટકતી આત્મા' અથવા બાબા રામદેવની 'ચટ્ટાઇ કહાં બિછાઉ?' ને 'યમથી પ્રાણાયમ સુધી' વાંચો તો ખબર પડે.'

-તો એ બોલ્યા : 'તને ખબર છે કે મારા બે પુસ્તક 'આપણું કઈક કરોને' અને 'બાપરે! હવે શું થશે?' તો મિત્ર ચંબુએ પચ્ચીસ મિનિટમાં તો બંને પૂરાં પણ કરી નાખ્યા..'

'અરે પૂરાં કરી નાખ્યાં એટલે ફાડી નાખ્યાં!. તમારા પુસ્તક કરતાં પસ્તીનાં પૈસા વધુ આવે છે. જુઓ, અક્ષર સુધાર્યા વગર અક્ષરજ્ઞાન દેવા નીકળી પડ્યા છો તો અક્ષરવાસી થતાં વાર નઇ લાગે, સમજ્યા?' તો મને એ કહે :

'આ તું બોલી? અપમાન, ઘોર અપમાન, આ મારી કોલમ અને કલમનું જ નઇ પણ સમગ્ર સાહિત્ય જગતનું

ખતરનાક અપમાન છે, મને પ્રોત્સાહન આપવાને બદલે મારી હિંમતને તોડી ન નાખ. હિંમતે મર્દા તો મદદે ખુદા'

'અરે ખુદા ક્યારેક ખુડદા કાઢી નાખશે ખબર પણ નઇ પડે, હું તમારી હિંમતને તોડીશ નઇ તો લોકો તમને તોડી નાખશે પછી રિપેર ક્યાં કરાવશો, સમજો જરા..' મેં કીધું

'ભ્રષ્ટ તદ્દન ભ્રષ્ટ વિચાર. આવા અક્ષમ્ય અને અભદ્ર વિચારો?. અરે, મારા દિમાગમાં જન્મેલા ને નીકળેલા જ્ઞાની વિચારો, મારા કરકલમથી લખાયેલા શબ્દો, ને લોકોના ચર્મચક્ષુ દ્વારા વંચાઈ લોકહૃદયમાં પ્રવેશે ત્યારે તારો આ ક્રોધ અસ્થાને છે. તારાથી..'

'હા..હા.હા મારાથી સહન નથી થતું. નાઉ બંધ કરો આ બધું તમારી અંદર ભદ્રંભદ્રનો આત્મા પ્રવેશ્યો છે કે શું? મને તો આત્મહત્યા કરવાનું મન થાય છે '

'તો કરવાની. કારણકે શરીર, મન, આત્મા ને વિચાર બધુ તારું છે. હું ન રોકી શકું, પણ ગીતામાં લખ્યું છે કે આત્મા અમર છે તો એની હત્યા કેમ થાય? જેને અગ્નિ બાળી ન શકે, પાણી પલાળી ન શકે, શસ્ત્રો છેદી ન શકે, પવન સૂકવી ન શકે .. તું જે કરીશ એ દેહહત્યા હશે. આત્મા તો સીમકાર્ડ છે અને દેહ એ મોબાઈલ છે મોબાઈલ બદલાય તો પણ સીમ કાર્ડ તો એનું એજ રહે છે. તું મને ધમકી આપીને ડરાવ નઇ.'

'હે પરમાત્મા, આ પ્રેતાત્મા આગળ વધે એ પહેલાં તું તારા આત્મા વિશેના ગીતાના શબ્દો પાછા ખેંચી લે' એ મનમાં આવું કંઈક બોલી પછી ટેબલફેનની જેમ મારી તરફ વળી બોલી :

'હે મારા માલવપતિ મુંજપતિ, આપના પરમ જ્ઞાન બદલ આપનો આભાર, પણ તમારી ભાષા મારા પ્રાણ હરી લઇ હરી પાસે મોકલશે પ્રાણનાથ.'

'જો આ દેહનો રચયતા ઈશ્વર છે ને દેહત્યાગ કરીએ એ ઈશ્વરનું અપમાન છે. તું વિચાર કે તારો પતિ જ્યાં જાય ત્યાં કેટલું માન મળે છે. એનો ગર્વ હોવો જોઈએ.'

'અરે, જ્યાં જાઓ ત્યાં માન મળે એ મહત્ત્વનું નથી પણ જ્યાંથી જાઓ શું ત્યાં તમારી કેટલી ખોટ વર્તાય છે એ મહત્ત્વનું છે. સમજ્યા? બાકી પુસ્તકના ઢગલા કરશો પણ મસ્તક સુધી ન પહોંચે અને ચોપડીમાંથી ખોપરીમાં ન ઊતરે તો લખાણ શું કામનું.? એક સારું પુસ્તક માણસને પસ્તી થતો બચાવે છે.'

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

રાજયોગ પદ્ધતિસરનો સાધનમાર્ગ છે!

(ગતાંકથી ચાલુ)

હઠયોગના અનેક ગ્રંથોમાં ધારણા, ધ્યાન અને સમાધિ વિષયક વર્ણન જોવા મળે છે. આ વર્ણન યોગસૂત્રના વર્ણનથી અનેક રીતે જુદું પડે છે, એ હકીકત પણ નોંધનીય છે.

(૫) હઠયોગ અને રાજયોગના આધારભૂત તત્ત્વજ્ઞાનમાં પણ ભિન્નતા છે. પાતંજલ યોગસૂત્ર વિશેષતઃ થોડા પરિવર્તન સાથે સાંખ્યના દ્વૈતવાદી તત્ત્વજ્ઞાનને અનુસરે છે, જ્યારે હઠયોગના ગ્રંથોમાં અદ્વૈતવેદાંતના તત્ત્વજ્ઞાનનો સ્વીકાર થયો હોય તેમ જોવા મળે છે.

(૬) હઠયોગમાં પ્રાણવિજ્ઞાનનો બહુ વિશદ વિચાર થયો છે. પ્રાણ, નાડીઓ, ચક્રો, ગ્રંથિઓ, કુંડલિની વગેરે બાબતો અંગેના વર્ણનથી હઠયોગના ગ્રંથો ભરપૂર છે અને તેના આધારે હઠયોગની સાધનાપદ્ધતિ ગોઠવાઈ છે. પતંજલિપ્રણિત રાજયોગમાં આ વિષય અંગે ઉલ્લેખો જોવા મળતા નથી. તેમાં વૃત્તિઓ, કલેશો, સમાપત્તિ, ધારણા, ધ્યાન અને સમાધિ અંગે વિશદ વર્ણન જોવા મળે છે. આ ઉપરથી આપણે કહી શકીએ કે રાજયોગનો અભિગમ વધુ મનોવૈજ્ઞાનિક છે અને હઠયોગનો અભિગમ વિશેષતઃ પ્રાણવૈજ્ઞાનિક છે.

આ બંને સાધનમાર્ગો વચ્ચે ભિન્નતા હોવા છતાં રાજયોગ અને હઠયોગ વચ્ચે સામ્ય અને સંબંધ પણ ખૂબ છે. કોઈ પણ બે સાધનપદ્ધતિઓ વચ્ચે આટલો ઘનિષ્ઠ સંબંધ અને આટલું સામ્ય ભાગ્યે જ જોવા મળે છે. અને તેથી જ સામાન્ય રીતે આ બંને એક જ છે, તેમ માની લેવામાં આવે છે અને બંને વચ્ચેની ભિન્નતાને પારખવાનું કાંઈક કઠિન બની ગયું છે.

રાજયોગની મહત્તા - વિશિષ્ટતા

(૧) રાજયોગ પદ્ધતિસરનો સાધનમાર્ગ છે. પાતંજલ યોગસૂત્રમાં સર્વત્ર એક વિશિષ્ટ વૈજ્ઞાનિક અભિગમ જોવા મળે છે. યમથી આરંભીને એક એક અવસ્થામાં વિકસતો વિકસતો સાધક કૈવલ્ય સુધી પહોંચે છે. સાધનપથમાં આવતાં બધાં સોપાનો, વિઘ્નો અને તેમનાં નિવારણના ઉપાયો આદિ સાધના વિષયક બધી જ બાબતો અંગે રાજયોગમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

(૨) યોગના તાત્ત્વિકપક્ષનું ખંડન કરનાર આચાર્યોએ પણ યોગના સાધનપક્ષનો સ્વીકાર કર્યો છે. આ ઉપરથી રાજયોગની સાધનપદ્ધતિ કેટલી મૂલ્યવાન, શાસ્ત્રીય અને મહત્ત્વપૂર્ણ છે, તે સૂચિત થાય છે.

(૩) ભારતમાં અને ભારતની બહાર પણ બ્રહ્મવિદ્યાના અનેક માર્ગોનો વિકાસ થયો છે. પદ્ધતિસરતાની દૃષ્ટિએ જોઈએ તો આ સર્વમાં રાજયોગ શિરમોર છે. આથી જ આ સાધનપથને 'રાજયોગ' જેવું ગૌરવપૂર્ણ નામ મળ્યું છે.

(૪) કોઈ પણ સાધનમાર્ગને તેના આધાર સ્વરૂપે પોતાનું તત્ત્વદર્શન હોવું આવશ્યક છે. રાજયોગ માત્ર સાધનપથ જ નથી, સાંખ્ય પર આધારિત એવું તેનું એક વ્યવસ્થિત અને સુંદર તત્ત્વજ્ઞાન પણ છે. રાજયોગ પોતાના દાર્શનિક પક્ષમાં મહદ્ અંશે સાંખ્યને અનુસરે છે. આમ છતાં કેટલાક મુદ્દાઓમાં તે સાંખ્યથી ભિન્ન પણ છે.

(૫) સાધનમાર્ગ અને તત્ત્વજ્ઞાનની જેમ રાજયોગને પોતાનું ઊંડું, વિશદ અને વ્યવસ્થિત મનોવિજ્ઞાન પણ છે. સંભવતઃ મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં રાજયોગ કોઈપણ ભારતીય દર્શનને અતિક્રમી જાય છે.

અધ્યાત્મપથને અનુલક્ષીને યૌગિક મનોવિજ્ઞાનનું સમગ્ર ભવન ચણાયું છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો આ મનોવિજ્ઞાન સમગ્ર વિશ્વના મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં વિશિષ્ટ ભાત પાડનારું છે.

યમ-નિયમનું સ્વરૂપ, મહત્તા અને ફલશ્રુતિ, આસન - પ્રાણાયામનું મૂલ્ય, પ્રત્યાહાર, ધારણા, સમાપત્તિ, ધ્યાન, સમાધિનાં સ્વરૂપો, સાધનમાર્ગનાં વિઘ્નો, ચિત્તનું સ્વરૂપ, ચિત્તવૃત્તિઓ, કલેશો વગેરે અનેકવિધ મુદ્દાઓ અંગે યૌગિક મનોવિજ્ઞાનમાં વિશદ, મૂલગામી અને અંતર્દષ્ટિયુક્ત સમજ જોવા મળે છે.

(૬) રાજયોગને પોતાની વિશિષ્ટ એવી ગુહ્યવિદ્યા (OCCULTISM) પણ છે. આ બાબતમાં પણ રાજયોગનું પ્રદાન ઘણું મહત્ત્વપૂર્ણ છે.

પ્રકૃતિના નિયમો અને પરિબળોને જાણવાં, અતિપ્રાકૃતિક સમજવાં તથા તેમના પર નિયંત્રણ મેળવવું - આ ગુહ્યવિદ્યાનો હેતુ છે. યોગસૂત્રનો વિભૂતિપાદ આવાં રહસ્યોથી ભરપૂર છે.

(૭) પાતંજલ યોગસૂત્રના અભ્યાસ પરથી લાગે છે કે ભગવાન પતંજલિનો દૃષ્ટિકોણ સાંપ્રદાયિક નહીં, પરંતુ વ્યાપક અને સમન્વયાત્મક છે. પ્રણવોપાસના, ક્રિયાયોગ, ઈશ્વર પ્રણિધાન, અભ્યાસ, વૈરાગ્ય વગેરે અધ્યાત્મપથમાં સહાયક એવા અનેકવિધ સાધનોનો તેમણે યોગસૂત્રમાં સમાવેશ કરી લીધો છે. પરિણામે રાજયોગનો સાધનમાર્ગ વ્યાપક અને સમન્વયાત્મક બની શકયો છે.

(૮) રાજયોગમાં પ્રયોજિત 'રાજ' શબ્દ વિશાળ અને શ્રેષ્ઠ - એમ બે અર્થમાં વપરાય છે. આ બંને તત્ત્વ રાજયોગમાં છે. સાધનમાર્ગ તરીકે રાજયોગ એક વિશાળ રાજમાર્ગ જેવો છે, જે બધા માટે ખુલ્લો છે. કોઈ પણ જિજ્ઞાસુ ગુરુના માર્ગદર્શન પ્રમાણે આ પથ પર ચાલી શકે છે. વળી વ્યવસ્થિત સાધનમાર્ગ (System) તરીકે તે શ્રેષ્ઠ સાધનમાર્ગ પણ છે જ.

(૯) રાજયોગમાં જે કાંઈ તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સાધનમાર્ગ અને ગુહ્યવિદ્યા છે તે માત્ર નિરીક્ષણ કે બૌદ્ધિક વિચારણાનું જ પરિણામ નથી. વિશેષ દૃષ્ટિસંપન્ન ઋષિઓ અને યોગીઓએ આંતર્દષ્ટિથી જે જોયું, અનુભવ્યું તેના પરિણામમાંથી એક વ્યવસ્થિત શાસ્ત્ર બન્યું, જે રાજયોગરૂપે આપણી સમક્ષ આવેલ છે.

હઠયોગનું સ્વરૂપ

૧. પ્રસ્તાવઃ

વ્યાપક દૃષ્ટિકોણથી જોઈએ તો અધ્યાત્મ સાધનના સર્વસ્વરૂપો માટે 'યોગ' શબ્દનો પ્રયોગ થઈ શકે છે. આ દૃષ્ટિકોણથી જોઈએ તો યોગ એટલે અધ્યાત્મ સાધન પથ. આ અર્થમાં ભક્તિયોગ, કર્મયોગ, જ્ઞાનયોગ આદિ પણ યોગના જ સ્વરૂપો ગણાય.

આમ છતાં વ્યવહારમાં અને પરંપરાગત રીતે પણ 'યોગ' શબ્દનો પ્રયોગ હઠયોગ અને રાજયોગ માટે થાય છે. તેથી યોગ એટલે હઠયોગ-રાજયોગ, આ અર્થ સ્વીકારીને આપણે હઠયોગનું સ્વરૂપ સમજવા માટે હવે પ્રવૃત્ત થઈએ છીએ.

સામાન્ય જનસમાજમાં હઠયોગની સાધના વિશે ઘણી ગેરસમજ પ્રવર્તે છે. અન્ય સાધન પ્રણાલીઓના પ્રમાણમાં હઠયોગ વધુ ગેરસમજનો ભોગ બન્યો છે. હઠયોગની સાધનપ્રણાલી અનેક રહસ્યોનાં જાળાંમાં ખોવાઈ ગઈ હોય એવી સ્થિતિ છે. સંનિષ્ઠ અને પ્રામાણિક સાધકોના મનમાં પણ હઠયોગ અંગેની સાચી સમજનો અભાવ જણાય છે.

હઠયોગની સાધના સાચી, સમજપૂર્વક અને યોગ્ય પદ્ધતિથી તેમજ યોગ્ય માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ ન કરવામાં આવે તો અન્ય સાધન પ્રણાલિકાઓના પ્રમાણમાં તે વધુ જોખમી બની શકે તેમ છે. કારણ કે હઠયોગમાં આપણે શરીરના બહુ નાજુક તંત્રો સાથે કામ લેવાનું હોય છે અને એથીયે વિશેષ તો આ સાધના પ્રાણમય શરીરની સાધના છે.

આમ હોવાથી તે આવશ્યક જ નહીં, પરંતુ અનિવાર્ય છે કે હઠયોગની સાધના કરનાર સાધકના મનમાં આ સાધનાપથ વિશે સ્પષ્ટ સમજ હોય. હઠયોગનો સાધક જાણતો હોવો જોઈએ કે હઠયોગનું યથાર્થ સ્વરૂપ શું છે.

હવે આપણે હઠયોગના યથાર્થ સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ.

૨. હઠયોગ શું નથી?

કોઈ પણ સાધનપથની યથાર્થ સમજ મેળવવા માટે તદ્‌વિષયક ગેરસમજનું નિવારણ કરવું આવશ્યક છે, તેથી પહેલાં તો આપણે એ જોઈએ કે હઠયોગ શું નથી.

(૧) હઠયોગ હઠપૂર્વક કરવાનો યોગ નથી :

હઠયોગમાં આવતા 'હઠ' શબ્દ પરથી ઘણા લોકોના મનમાં એવી ગેરસમજ બંધાઈ ગઈ છે કે હઠયોગ એટલે હઠપૂર્વક કરવાનો યોગ. ખૂબ જોરપૂર્વક કે મારીમચડીને કોઈક સાધના કરવાની આ પદ્ધતિ હશે, એમ ઘણા લોકો માનતા હોય છે. હઠ એટલે જીદ, એવો અર્થ નથી જ. હઠયોગ એટલે હઠપૂર્વક કરવાનો યોગ, એવી માન્યતા તદ્દન ભ્રામક છે. વસ્તુતઃ અહીં 'હઠ' શબ્દનો અર્થ તદ્દન જુદો જ છે.

'હઠ'- શબ્દ અહીં યોગ વિદ્યાના પારિભાષિક અર્થમાં વપરાયો છે. 'હ' સૂર્યવાચક અક્ષર છે અને 'ઠ' ચંદ્રવાચક અક્ષર છે. તેથી 'હઠ' શબ્દને અહીં તેના સામાન્ય અર્થમાં અર્થાત્ 'જીદ'ના અર્થમાં લેવાનો નથી. અહીં તે તદ્દન ભિન્ન અર્થમાં વપરાયો છે. 'હઠ' શબ્દના યથાર્થ યૌગિક અર્થ વિશે આપણે આગળ વિચારશું. અહીં તો આ ગેરસમજનું નિરાકરણ થાય એટલું પર્યાપ્ત છે કે હઠયોગ એટલે હઠપૂર્વક કરવાનો યોગ.

(૨) હઠયોગ શરીરકેન્દ્રી સાધના નથી :

એવો એક ભ્રામક ખ્યાલ ઘણા લોકોના મનમાં પ્રવર્તે છે કે હઠયોગ શરીરની આળપંપાળ કરનારી સાધના છે.

હઠયોગીઓ શરીરની સંભાળ લેવામાંથી ઊંચા નથી આવતા, એવું ઘણા સમજદાર માણસો પણ બોલતા હોય છે. સાધ્ય-સાધનનો વિવેક ન રાખવામાં આવે તો કોઈ પણ સાધનમાર્ગમાં મૂળ વાત બાજુમાં રહી જાય અને બિનમહત્ત્વની બાબતો મહત્ત્વની બની જાય, એ જોખમ રહેલું છે જ. એમાં દોષ સાધનપદ્ધતિનો નહીં, પણ સાધકનો ગણવો જોઈએ. એ વાત સાચી છે કે હઠયોગની સાધનાનો પ્રારંભ શરીરથી કરવાનો હોય છે, પરંતુ તે તો પ્રારંભ છે. હઠયોગ શરીરથી પ્રારંભ કરીને શરીર પર જ અટકી જાય છે, એ ખ્યાલ તદ્દન ભ્રામક છે. હઠયોગના પ્રમાણભૂત ગ્રંથ 'હઠ પ્રદીપિકા'માં સ્વાત્મારામ સૂરિ પ્રારંભમાં જ કહે છે :

प्रणम्य श्रीगुरुं नाथं स्वात्मारामेण योगिना ।
केवलं राजयोगाय हठविद्योपदिश्यते ।।

'શ્રીમાન ગુરુ નાથને પ્રણામ કરીને યોગી સ્વાત્મારામ કેવળ રાજયોગ માટે હઠવિદ્યાનો ઉપદેશ કરે છે.' (ક્રમશઃ)■

કોહલી રવિવારે વિશ્વવિક્રમ તોડતાં પહેલાં આઉટ હતો?

દિલ્હીના કોઈ ફીલ્ડરે અપીલ ન કરી એટલે નસીબથી બચી ગયો

નવી દિલ્હીઃ રવિવારે અહીં અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુના વિરાટ કોહલી (૫૧ રન, ૪૭ બૉલ, ચાર ફોર)એ કેટલાક વર્લ્ડ રેકોર્ડ સહિત કેટલાક વિક્રમો રચ્યા હતા અને અમુક સિદ્ધિ પણ મેળવી હતી, પરંતુ એ પહેલાં તે એક બોલમાં ક્રિકેટના કાયદા મુજબ આઉટ હતો. જોકે કોઈએ અપીલ ન કરી હોવાથી નસીબથી તે બચી ગયો હતો.

અક્ષર પટેલના સુકાનમાં દિલ્હી (૨૦ ઓવરમાં ૧૬૨/૮)ની ટીમ બેંગલૂરુના ભુવનેશ્વર કુમારની ત્રણ, હેઝલવુડની બે તેમ જ કુણાલ પંડ્યાની એક અને યશ દયાલની એક વિકેટને લીધે મર્યાદિત રહી હતી અને બેંગલૂરુને જીતવા ૧૬૩ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો જે તેમણે ૧૮.૩ ઓવરમાં ૧૬૫/૪ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

સ્પિન-ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યા (૭૩ અણનમ, ૪૭ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)એ આ મેચમાં બોલર તરીકે નહીં, પરંતુ બેટ્સમેન તરીકે બેંગલૂરુને વિજય અપાવ્યો હતો અને મેન ઑફ ધ મેચનો અવોર્ડ જીતી ગયો હતો. તેની અને કોહલી વચ્ચે ૧૧૯ રનની ભાગીદારી થઈ હતી.

કોહલીએ રવિવારે બોલને હાથથી રોકવાનો પ્રયત્ન કર્યો હતો, પણ...

રવિવારની મેચમાં બેંગલૂરુનો સ્કોર જ્યારે ત્રણ વિકેટે ૩૫ રન હતો અને કોહલી ૧૫ રને રમી રહ્યો હતો ત્યારે તે દિલ્હીના ફીલ્ડર્સની અપીલના અભાવે બચી ગયો હતો. વિપ્રજ

નિગમના પહેલા બોલને કોહલીએ મિડ-વિકેટ તરફ મોકલ્યો હતો. ત્યાંથી ફિલ્ડરે થ્રો કરીને બોલ વિકેટકીપર કેએલ રાહુલ તરફ ફેંક્યો ત્યારે કોહલીએ વચ્ચે આવીને બોલ પોતાના કબજામાં લઈને સીધો બોલરને આપવાના પ્રયત્નની ભૂલ કરી હતી. દિલ્હીના ફીલ્ડર્સે ગંભીરતાથી અપીલ કરી હોત તો કોહલીને અમ્પાયરે આઉટ આપ્યો હોત. કોહલી એમ સમજ્યો હતો કે બોલ ડેડ થઈ ગયો હતો. હકીકતમાં એ બોલ વિકેટકીપરના ગ્લવ્ઝમાં ન પહોંચ્યો ત્યાં સુધી ડેડ નહોતો.

કોહલીએ વચ્ચેથી જ બોલને આંતરી લેવાની ભૂલ પહેલી વાર નથી કરી. તાજેતરની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન સામેની મેચમાં પણ કોહલીએ આવું કર્યું હતું. પાકિસ્તાનની ટીમમાંથી કોઈએ અપીલ નહોતી કરી એટલે તે બચી ગયો હતો. ત્યારે સુનીલ ગાવસકરે કૉમેન્ટરી બૉક્સમાંથી કહ્યું હતું કે 'કોહલી નસીબવાળો છે.'

ગઈ આઈપીએલમાં રવીન્દ્ર જાડેજાને 'ઓબસ્ટ્રક્ટિંગ ધ બોલ'ના ક્રિકેટલક્ષી ગુના બદલ આઉટ આપવામાં આવ્યો હતો. અગાઉની આઇપીએલમાં યુસુફ પઠાણ અને અમિત મિશ્રાએ પણ આ રીતે વિકેટ ગુમાવી હતી.

કોહલીએ કયો વિશ્વવિક્રમ કર્યો?:

ટી-૨૦ ક્રિકેટમાં કોઈ એક જ ટીમ વિરુદ્ધ સૌથી વધુ રન કરનારા વિશ્વભરના બેટ્સમેનોમાં હવે વિરાટ કોહલી પ્રથમ છે. તે મૂળ દિલ્હી શહેરનો જ છે, પરંતુ દિલ્હી કેપિટલ્સ સામે તેણે સૌથી વધુ રન કર્યા છે અને એ વર્લ્ડ રેકોર્ડ છે. વિરાટ કોહલીએ દિલ્હી કેપિટલ્સ સામે કુલ ૧,૧૫૪ રન કર્યા છે અને એ રીતે તેણે ડેવિડ વૉર્નર (પંજાબ સામે ૧,૧૩૪ રન)નો વિશ્વ વિક્રમ તોડી નાખ્યો છે.

કોહલી નવી સિદ્ધિ સાથે નંબર વન, સૂર્યકુમાર નંબર ટૂ:

આઈપીએલની એક જ સીઝનમાં ૪૦૦-પ્લસ રનની સિદ્ધિ ૧૧ વખત મેળવનાર વિરાટ કોહલી એકમાત્ર બેટ્સમેન છે. વર્તમાન આઈપીએલમાં (સોમવારની ગુજરાત-રાજસ્થાન મેચ પહેલાં) તે ૪૪૩ રન સાથે મોખરે હતો. મુંબઈ ઇન્ડિયન્સનો સૂર્યકુમાર યાદવ ૪૨૭ રન સાથે બીજા નંબરે હતો.

ટી-૨૦ ફૉર્મેટમાં કોઈ એક ટીમ સામે સૌથી વધુ રન કરનારાઓની યાદીઃ

- ૧ વિરાટ કોહલી, દિલ્હી કેપિટલ્સ સામે ૧,૧૫૪ રન
- ૨ ડેવિડ વૉર્નર, પંજાબ કિંગ્સ સામે ૧,૧૩૪ રન
- ૩ શિખર ધવન, ચેન્નઈ સુપર કિંગ્સ સામે ૧,૧૦૫ રન
- ૪ વિરાટ કોહલી, પંજાબ કિંગ્સ સામે ૧,૧૦૪ રન
- ૫ વિરાટ કોહલી, ચેન્નઈ સુપર કિંગ્સ સામે ૧,૦૯૮ રન ■

રાજસ્થાન રોયલ્સે ગુજરાતને આઠ વિકેટથી હરાવ્યું

૧૪ વર્ષના વૈભવની રેકોર્ડબ્રેક સદી

જયપુરઃ ઈન્ડિયન પ્રિમિયર લીગની જયપુર ખાતે રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઇટન્સને ૮ વિકેટે હરાવ્યું હતું. આ રાજસ્થાનનો ૧૦ મેચમાં ત્રીજો વિજય છે. આ જીત સાથે તેમણે પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી છે. રાજસ્થાનની જીતનો હીરો ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી રહ્યો હતો. વૈભવ સૂર્યવંશીએ ફક્ત ૩૫ બોલમાં તોફાની સદી ફટકારી હતી. આ સદી સાથે વૈભવ આઇપીએલના ઇતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારનાર ભારતીય ખેલાડી બની ગયો છે. તે સિવાય વૈભવે આઇપીએલના ઇતિહાસમાં બીજી સૌથી ઝડપી સદી ફટકારી છે. વૈભવ સૂર્યવંશીથી આગળ ફક્ત ક્રિસ ગેઇલ છે, જેણે ૩૦ બોલમાં સદી ફટકારી હતી. તેણે સૌથી નાની ઉંમરે સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો. આ મેચમાં ટોસ જીત્યા બાદ રાજસ્થાને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ગુજરાતની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦૯ રન ફટકાર્યા હતા. શુભમન ગિલે ૮૪ રનની તોફાની ઇનિંગ રમી હતી. જવાબમાં રાજસ્થાને ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીની સદી અને યશસ્વી જયસ્વાલની અણનમ અડધી સદીની મદદથી ૧૬મી ઓવરમાં જીત હાંસલ કરી હતી. ૨૧૦ રનના લક્ષ્યાંકના જવાબમાં રાજસ્થાનની શરૂઆત શાનદાર રહી હતી. વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે ઇનિંગ્સની સારી શરૂઆત કરી હતી. ૧૪ વર્ષના વૈભવે માત્ર ૩૫ બોલમાં સદી ફટકારી હતી. તેણે ૧૧ સિક્સ અને સાત ચોગ્ગા ફટકાર્યા હતા. વૈભવ ૧૦૧ રન કરી આઉટ થયો હતો. યશસ્વી જયસ્વાલે ૪૦ બોલમાં ૭૦ રનની અણનમ ઇનિંગ રમી હતી.

ગુજરાતે પ્રથમ બેટિંગ કરતા શુભમન ગિલ અને સાઈ સુદર્શને શાનદાર બેટિંગ કરી હતી. સુદર્શને ૩૯ રન ફટકાર્યા હતા. ગિલે ૫૦ બોલમાં ૮૪ રનની ઇનિંગ રમી હતી. ■

આજે દિલ્હી કેપિટલ્સ અને કોલકાતામાં મુકાબલોઃ પ્લે ઓફની રેસમાં ટકી રહેવા કેકેઆર માટે જીત જરૂરી

નવી દિલ્હીઃ દિલ્હી કેપિટલ્સ મંગળવારે અહીં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સામે રમાનારી મેચમાં મિડલ ઓર્ડર્સમાં વધુ સારું બેટિંગ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. દિલ્હીએ તેમની છેલ્લી ચાર મેચોમાંથી બે હારી છે, જેમાં રવિવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની હારનો સમાવેશ થાય છે અને ટીમ લીગ તબક્કાની અંતિમ મેચોમાં હાર ટાળવા માગશે.

ટોચના ક્રમમાં અભિષેક પોરેલ આક્રમક બેટિંગ કરી રહ્યો છે પરંતુ અનુભવી ફાફ ડુ પ્લેસિસને અરુણ જેટલી સ્ટેડિયમની ધીમી પિચ પર સંઘર્ષ કરવો પડ્યો છે અને તેણે ઝડપથી તેની સાથે અનુકૂલન સાધવું પડશે. લોકેશ રાહુલ વર્તમાન સીઝનમાં દિલ્હીનો સૌથી સફળ બેટ્સમેન રહ્યો છે, પરંતુ રવિવારે તે સ્પિનરો સામે ઝડપી રન બનાવવામાં નિષ્ફળ રહ્યો છે. તે સુનીલ નારાયણ અને વરુણ ચક્રવર્તીની અનુભવી સ્પિન જોડી સામે વધુ સારું પ્રદર્શન કરવા માગશે.

કેકેઆર પાસે સારા સ્પિનરો છે જે યજમાન ટીમ સામે મુશ્કેલ પડકાર ઊભો કરી શકે છે. પંજાબ કિંગ્સ સામે વરસાદથી પ્રભાવિત મેચમાં સંઘર્ષ કર્યા બાદ નાઈટ રાઈડર્સનો આત્મવિશ્વાસ થોડો ઓછો થયો હશે. દિલ્હીને કરુણ નાયર પાસેથી પણ સારી ઇનિંગ્સની અપેક્ષા રહેશે જેથી મિડલ ઓર્ડરનો બધો બોજ રાહુલ પર પડે નહીં. બોલિંગમાં દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલે છેલ્લી મેચમાં બે વિકેટ લીધી હતી પરંતુ તેને બીજા છેડેથી કોઈ ટેકો મળ્યો ન હતો.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે વિકેટ લેવામાં નિષ્ફળ રહેનાર સ્ટાર ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્ક તેની ભૂતપૂર્વ ટીમ કેકેઆરની નબળાઈઓનો લાભ લેવાનો પ્રયાસ કરશે, જ્યારે કુલદીપ યાદવ મધ્ય ઓવરોમાં સતત પ્રદર્શન કરી રહ્યો છે. દિલ્હીએ પોતાની ફિલ્ડિંગમાં પણ સુધારો કરવો પડશે.

કોલકાતા પાસે હાલમાં ફક્ત સાત પોઈન્ટ છે અને ટીમ ટેબલમાં સાતમા સ્થાને છે. ટીમ તેની છેલ્લી ત્રણ મેચ જીતી શકી નથી જેમાં તેણે બે હારી છે અને એક મેચ અનિર્ણિત રહી છે. દિલ્હી બાદ હારથી પ્લેઓફમાં પહોંચવાની તેમની આશા જીવંત રહેશે, તેથી કોલકત્તાએ આ મેચ જીતવી પડશે. ■

આજે ત્રિકોણીય શ્રેણીમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે ભારતીય મહિલા ટીમ

કોલંબોઃ શ્રીલંકા સામે એકતરફી જીત સાથે તેમના અભિયાનની શરૂઆત કર્યા પછી ભારતીય મહિલા ટીમ મંગળવારે અહીં તેની બીજી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે ત્યારે તેમની જીત મેળવવાનો પ્રયાસ કરશે. ભારતીય ટીમે રવિવારે યજમાન શ્રીલંકા સામે નવ વિકેટે મોટી જીત મેળવીને વનડેમાં સતત સાતમી સફળતા હાંસલ કરી હતી. ટીમે આ મેચ દરમિયાન ત્રણેય મોરચે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. સ્નેહ રાણા, દીપ્તિ શર્મા અને શ્રી ચરણીની આગેવાની હેઠળ બોલરોએ શ્રીલંકાને ઓછા સ્કોરમાં સમેટી લીધું હતું, જ્યારે પ્રતિકા રાવલ, સ્મૃતિ મંધાના અને હરલીન દેઓલની ત્રિપુટીએ ભારતને સારો સ્કોર કરવામાં ફાળો આપ્યો હતો. આ દરમિયાન ટીમના ફિલ્ડરોએ પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતીય ટીમ સાઉથ આફ્રિકા સામે પણ આવી જ રમત ચાલુ રાખવા માંગશે. ભારતીય મહિલા ટીમ માર્ચ ૨૦૨૨ થી આ ફોર્મેટમાં દક્ષિણ આફ્રિકા સામે હારી નથી. ભારતે બંને દેશો વચ્ચેની છેલ્લી વન્ડે શ્રેણીમાં દક્ષિણ આફ્રિકાને ૩-૦થી હરાવ્યું હતું.

આ મેચમાં પણ સ્પિનરો મહત્ત્વની ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. જોકે, ભારત મુખ્ય ઝડપી બોલરોની ગેરહાજરીમાં તેમના યુવા ખેલાડીઓના પ્રદર્શન પર નજર રાખશે કારણ કે તેઓ આ વર્ષના અંતમાં ઘરઆંગણે વન-ડે વર્લ્ડ કપ પહેલા મુખ્ય ગ્રુપને ઓળખવા માગે છે. દક્ષિણ આફ્રિકા નવા કોચ મંડેલ માશિમ્બીના નેતૃત્વમાં ટુર્નામેન્ટની યાદગાર શરૂઆત કરવા પર નજર રાખશે. ભૂતપૂર્વ ફર્સ્ટ ક્લાસ ખેલાડી ૪૪ વર્ષીય માશિમ્બીને ગયા વર્ષે ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, તેને મહિલા ટીમને કોચિંગ આપવાનો કોઈ અનુભવ નથી. દક્ષિણ આફ્રિકા અનુભવી ઓલરાઉન્ડર મેરિઝાન કેપ વિના રમશે. તેને આ શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ટીમને શાનદાર ફોર્મમાં ચાલી રહેલા સુને લુસ, લૌરા વોલ્વાર્ડ્ટ, નાદીન ડી ક્લાર્ક અને ક્લો ટ્રાયોન પાસેથી વધુ સારા પ્રદર્શનની અપેક્ષા રહેશે. મસાબાથા ક્લાસ, ઓલરાઉન્ડર અનેરી ડર્કસેન અને નાદીન ડી ક્લાર્ક ફાસ્ટ બોલિંગની જવાબદારી સંભાળશે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
ઠરાવ	REFUGEE
બળવાખોર	REVOLUTIONARY
વાસ્તવિકતા	REBELLION
શરણાર્થી	RESOLUTION
ક્રાંતિકારી	REALITY

ઓળખાણ પડી?

રામાયણ, મહાભારતની રજૂઆત વખતે વાગતા સંગીત વાદ્યની ઓળખાણ પડી? બંગાળના બાઉલ સંગીતમાં ઉપયોગ થતો.

અ) સારંગી બ) એકતારો
ક) રાવણહથ્થો ડ) ટોકરી

ગયા વખતનો ઉકેલ

૧ મ	૨ હ	ત્વ	૩ પૂ	ર્ણ		૪ વિ	ડં	૫ બ	૬ ના
૭ ગ	જ		રી		૮ સ	ર		૯ ફ	ના
૧૦ જ	મ	ણ		૧૧ ચા	મ	ડી		૧૨ ર	વિ
મા			૧૩ આ	લ	ય		૧૪ શ		ધ
૧૫ રી	૧૬ ત	સ	ર		૧૭ પ	લા	ય	ન	
	ર		૧૮ સ	ર્વ	ત્ર		તા		૧૯ ના
૨૦ પ	ફ		પ		૨૧ ક	૨૨ મા	ન		મ
છ		૨૩ વ	હા	ણ		ત		૨૪ ના	ક
ડા		૨૫ ખ	ણ		૨૬ ખ		૨૭ કા		ર
૨૮ ટ	પો	રી		૨૯ ભ	ર	ણ	પો	ષ	ણ

શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

૧		૨		૩			૪		૫
						૬			
૭	૮			૯				૧૦	
૧૧			૧૨					૧૩	
	૧૪	૧૫			૧૬		૧૭		
૧૮				૧૯		૨૦		૨૧	
				૨૨				૨૩	૨૪
૨૫						૨૬	૨૭		
			૨૮		૨૯			૩૦	
૩૧			૩૨				૩૩		

આડી ચાવી

૧. લેતી દેતી (૬)
૪. જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
૬. વંદન કરીને, પગે લાગીને (૨)
૭. બાબાને સ્કૂલમાં --- કર્યો (૩)
૯. બ્રહસ્પતિ, ગુરુ (૩)
૧૦. દબાણ, કાબૂ (૨)
૧૧. ઋતુ (૨)
૧૨. બહેનપણી, સખી (૨)
૧૩. છકો અને --- બાળવાર્તાનાં પાત્રો (૨)
૧૪. નઠારા, બેડોળ (૩)
૧૬. ઝટકો (૩)
૧૮. ઇરાદાથી, જાણવા છતાં (૫)
૨૦. ભજીયાં (૩)
૨૨. જોરાવર, બળવાન (૩)
૨૩. અફવા, ગપ્પું (૨)
૨૫. રક્ષા કરવી તે (૩)
૨૬. દુઃખ, પીડા (૨)
૨૯. જોખમી, જીવલેણ (૫)
૩૧. સૂર્ય (૨)
૩૨. વફાદારી ના નિભાવે તે (૩)
૩૩. કમી, ખોટ (૩)

ઊભી ચાવી

૧. લેણાવાળો (૪)
૨. બમણું (૩) (અં.)
૩. વડની ડાળી (૪)
૪. પાણી વહીને સમુદ્રને મળે (૨)
૫. ઘોંઘાટ, અવાજ (૫)
૬. વંશની પરંપરા અનુસાર (૮)
૮. હિસાબી ચોપડામાં નોંધ કરવી તે (૪)
૧૦. પૈસા, કિંમત (૨)
૧૨. ચડિયાતી (૩)
૧૫. પ્રવૃત્તિનો હેતુભૂત ગુણ બીજો ગુણ (૪)
૧૭. --- મુંડો ટાંઉ ટાંઉ (૨)
૧૮. ચૂંટણીપ્રચાર વખતે યોજાય (૫)
૧૯. આંખ પર હાથ રાખીને જોવું (૩)
૨૧. ભરવાડના હાથમાં કડિયાળી --- હોય (૨)
૨૪. વર્તુળ દોરવાનું સાધન (૪)
૨૭. મંદ મંદ સ્મિત (૩)
૨૮. કાબૂમાં, વશમાં (૨)
૨૯. નારાજ, ગુસ્સે (૨)
૩૦. શરદી વખતે ગરમ પાણીનો --- લેવો (૨)

ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આકાશદર્શન કરવું એ એક લહાવો છે' પંક્તિમાં 'લહાવો' શબ્દનો અર્થ જણાવો.

અ) અનુભવ બ) વિજ્ઞાન ક) લાગણી ડ) સૌંદર્ય

માતૃભાષાની મહેક

કાયા એટલે શરીર, દેહ. કાયા તોડવી એટલે તનતોડ મહેનત કરવી. કાયા નીચોવી નાખવી એટલે શરીરને કષ્ટ વેઠવું. કાયા વાચા મન એટલે શરીર, વાણી અને મન. કાચી કાયા એટલે ક્ષણભંગુર દેહ. કારમી કાયા એટલે અદ્ભુત શરીર.

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ HYDROLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વાતાવરણ બ) હાઈડ્રોજન ક) પાણી ડ) વીજળી

ઈર્શાદ

તારા વિના જીવાય નહીં, એવું કંઈ નથી,
જીવ્યા છતાં મરાય નહીં, એવું કંઈ નથી.

– ભગવતીકુમાર શર્મા

સુડોકુ-૮૦૭૪

	૩						૧	
			૬			૩		
૭			૨	૮				
૨		૮				૭		
		૯	૩		૨	૪		
		૬				૨		૯
				૭	૧			૪
		૭			૯			
	૫						૩	

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૮૦૭૩

૯	૨	૩	૬	૫	૮	૭	૪	૧
૬	૭	૧	૪	૯	૨	૮	૩	૫
૪	૮	૫	૭	૩	૧	૬	૯	૨
૩	૪	૭	૧	૨	૯	૫	૮	૬
૮	૬	૯	૫	૪	૭	૧	૨	૩
૫	૧	૨	૮	૬	૩	૪	૭	૯
૨	૫	૬	૩	૮	૪	૯	૧	૭
૧	૯	૪	૨	૭	૬	૩	૫	૮
૭	૩	૮	૯	૧	૫	૨	૬	૪

માઈન્ડ ગેમ

આ વર્ષે એશિયન ગેમ્સનું આયોજન જાપાનમાં થશે. દર ચાર વર્ષે યોજાતા આ રમતોત્સવનું આયોજન પ્રથમવાર ભારતમાં ક્યારે થયું હતું?

અ) ૧૯૪૭ બ) ૧૯૫૦
ક) ૧૯૫૧ ડ) ૧૯૫૪

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
મનસૂબો	INTENTION
શોધ	INVENTION
મધ્યસ્થી	INTERVENE
નાખવું	INSERTION
છેદનબિંદુ	INTERSECTION

માઈન્ડ ગેમ
૧૮૫૩

ઓળખાણ પડી?
નેયપ્પમ

ગુજરાત મોરી મોરી રે
નકશો

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પીડા

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) નુતન વિપીન (૨૦) પુષ્પા પટેલ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મહેશ દોશી (૨૪) વિણા સંપટ (૨૫) અલકા વાણી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) દિપીકા દોશી (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) નિતીન જયવંત બજરિયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) હિનાબેન દલાલ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) રશીક જુથાણી ટોરંટો - કેનેડા (૪૨) ધીરેન ઉદેશી (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી

પરિણામો પશ્ચાત્ રિલાયન્સમાં રેલી અને વિદેશી ફંડોની લેવાલીને ટેકે સેન્સેક્સમાં ૧૦૦૬ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૨૮૯ પૉઈન્ટની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત સપ્તાહનાં અંતિમ બે સત્રમાં ભારત-પાક વચ્ચે સરહદી તણાવમાં વધારો થતાં ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ જોવા મળ્યા બાદ આજે સપ્તાહના આરંભે ખાસ કરીને રિલાયન્સના પ્રોત્સાહક પરિણામોને પગલે નીકળેલી લેવાલી ઉપરાંત ખાનગી ક્ષેત્રોની બૅન્કોમાં લેવાલી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી જળવાઈ રહી હોવાના અહેવાલો સાથે આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૦૦૫.૮૪ પૉઈન્ટની તેજી સાથે ૮૦,૦૦૦ની સપાટી પાર કરી ગયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૮૯.૧૫ પૉઈન્ટની તેજી જોવા મળી હતી. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગત સપ્તાહે જોવા મળેલી રૂ. ૧૭,૪૨૫ કરોડની ખરીદી ઉપરાંત આજે પણ તેઓની ઈક્વિટીમાં રૂ. ૨૪૭૪.૧૦ કરોડની ચોખ્ખા લેવાલી રહી હતી, જ્યારે આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૮૧૭.૬૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી પણ તેજીને ઈંધણ મળ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૯,૨૧૨.૫૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૯,૩૪૩.૬૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૯,૩૪૧.૩૫ અને ઉપરમાં ૮૦,૩૨૧.૮૮ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૧૦૦૫.૮૪ પૉઈન્ટ અથવા તો ૧.૨૭ ટકા વધીને ૮૦,૨૧૮.૩૭ના મથાળે બંધ રહ્યો હતો. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૧૭૯ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૯૧૪ શૅરના ભાવ વધીને, ૨૦૯૧ શૅરના ભાવ ઘટીને અને ૧૭૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા.

તેમ જ આજે ૭૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૫૦ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને ત્રણ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે એનસએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૦૩૯.૩૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૪,૦૭૦.૨૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૦૫૪.૦૫ અને ઉપરમાં ૨૪,૩૫૫.૧૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૨૮૯.૧૫ પૉઈન્ટ અથવા તો ૧.૨૦ ટકા વધીને ૨૪,૩૨૮.૫૦ના મથાળે બંધ રહ્યો હતો.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિકગાળામાં અગ્રણી કંપની રિલાયન્સના ચોખ્ખા નફામાં ૨.૪ ટકાનો ઉછાળો આવ્યો હોવાના નિર્દેશો સાથે આજે રોકાણકારોની આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં ૫.૨૭ ટકાનો ઉછાળો આવ્યો હતો. આ સિવાય સેન્સેક્સ હેઠળના અન્ય મુખ્ય શૅરોમાં સન ફાર્મામાં ૩.૦૮ ટકાનો, ટાટા સ્ટીલમાં ૨.૪૨ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૩૭ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૨.૩૬ ટકાનો અને એક્સિસ બૅન્કમાં ૨.૩૫ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૮૯ ટકાનો ઘટાડો એચસીએલ ટૅક્નોલૉજીસમાં નોંધાયો હતો. ત્યાર બાદ અનુક્રમે અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૦૫ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૦.૫૨ ટકાનો, ઈટર્નલમાં ૦.૪૮ ટકાનો, નેસ્લેમાં ૦.૪૨ ટકાનો અને બજાજ ફાઈનાન્સમાં ૦.૨૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

એકંદરે ગત સપ્તાહે છેલ્લાં બે સત્રમાં ભારત-પાક વચ્ચે સરહદી તણાવ વધવાને કારણે બજારમાં પીછેહઠ જોવા મળ્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીના ટેકા ઉપરાંત તાજેતરમાં જાહેર થયેલા રિલાયન્સના પ્રોત્સાહક પરિણામો, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકામાં અપેક્ષિત ફુગાવાલક્ષી દબાણને ધ્યાનમાં લેતા વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી જળવાઈ રહેવાના આશાવાદને કારણે તેજીને ટેકો મળી રહ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

તે જ પ્રમાણે રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે આજે મુખ્યત્વે ભારત-પાક વચ્ચેના રાજકીય-ભૌગોલિક તણાવ અંગેના અહેવાલોની ગેરહાજરી, વૈશ્વિક બજારોમાં સ્થિરતા, ટ્રેડ વૉર હળવું થવાના આશાવાદ અને ઈન્ડેક્સ હેવી વેઈટ રિલાયન્સમાં જોવા મળેલી તેજીને કારણે સેન્સેક્સની તેજીને ટેકો મળ્યો છે.

આજે બીએસઈ ખાતેના મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૩૪ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩૯ ટકા વધી આવ્યા હતા. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં આજે માત્ર આઈટી અને બીએસઈ ફોકસ્ડ ઈન્ડેક્સમાં નરમાઈ હતી તે સિવાયના તમામ ઈન્ડેક્સ વધી આવ્યા હતા, જેમાં એનર્જી ઈન્ડેક્સમાં ૩.૦૨ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૨.૯૦ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૯૩ ટકાનો, હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૧.૬૦ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૫૯ ટકાનો, બૅન્કેક્સમાં ૧.૫૩ ટકાનો અને રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૪૧ ટકાનો સુધારો આવ્યો હતો.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયા અને ટોકિયોની બજારમાં સુધારો જોવા ળ્યો હતો, જ્યારે શાંઘાઈ અને હૉંગકૉંગની બજારમાં નરમાઈનું વલણ રહ્યું હતું.

આ સિવાય યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૭ પૈસા વધીને ૮૫.૦૪ આસપાસના મથાળે રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ચોથા ત્રિમાસિકગાળામાં આઈઆરએફસીના ચોખ્ખા નફામાં ત્રણ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં રેલવે મંત્રાલય હેઠળની કંપની ઇન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશનનો ચોખ્ખો નફો આગલા નાણાકીય વર્ષના સમાનગાળાના રૂ. ૧.૭૧૭ કરોડ સામે ત્રણ ટકા ઘટીને ૧.૬૬૭ કરોડની સપાટીએ રહ્યો હોવાનું કંપનીએ બૉમ્બે સ્ટોક એક્સચેન્જને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કુલ આવક ગત સાલના સમાનગાળાના રૂ. ૬૪૭૮ કરોડ સામે વધીને રૂ. ૬૭૨૩ કરોડની સપાટીએ રહી હતી. તેમ જ કંપનીના કુલ ખર્ચ પણ ગત સાલના સમાનગાળાના રૂ. ૪૭૬૧ કરોડ સામે વધીને રૂ. ૫૦૪૨ કરોડની સપાટીએ રહ્યા હોવાનું યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટરોએ સ્થાનિક તેમ જ આંતરરાષ્ટ્રીય સ્રોત તરફથી નાણાકીય રિસોર્સિસમાં રૂ. ૬૦,૦૦૦ કરોડનો વધારો કરવાને પણ મંજૂરી આપી હતી. આ વૃદ્ધિ કેપિટલ ગેઈન બૉન્ડ, સરકારી ગૅરૅન્ટેડ બૉન્ડ અને સરકારી સર્વિસ બૉન્ડ સહિતનાં ખાનગી અને જાહેર ધોરણે ફાળવવામાં આવતા ટેક્સેબલ અને ટૅક્સ ફ્રી પ્રકારનાં મિક્સ બૉન્ડ મારફતે કરવામાં આવશે. કંપનીના ત્રિમાસિક પરિણામો અંગે ટિપ્પણી કરતાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મનોજકુમાર દુબેએ જણાવ્યું હતું કે અમે ફંડિંગ માટેનાં વિવિધ સસ્તા સ્રોતની દિશામાં સક્રિયપણે કાર્ય કરી રહ્યા છીએ. જેમાં ઝીરો કુપન બૉન્ડ, કેપિટલ ગેઈન ટેક્સ લીવરેજિંગ ચીપર ડૉમેસ્ટિક બૉન્ડ માર્કેટ તેમ જ અન્ય સ્પર્ધાત્મક દર ધરાવતા સ્રોતનો પણ સમાવેશ થાય છે.

સતત ૧૩મા સત્રમાં જેન્સોલ એન્જિનિયરિંગના શૅરના ભાવ ગબડ્યા

નવી દિલ્હીઃ પ્રવર્તમાન કટોકટીને ધ્યાનમાં લેતા જેન્સોલ એન્જિનિયરિંગના શૅરના ભાવમાં આજે સતત ૧૩મા સત્રમાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં વધુ પાંચ ટકાની નીચલી સર્કિટ લાગી હતી.

આજે બીએસઈ ખાતે શૅરના ભાવ પાંચ ટકાની નીચલી સર્કિટ સાથે શૅરદીઠ રૂ. ૮૬.૫૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એનએસઈ ખાતે પાંચ ટકાની નીચલી સર્કિટ સાથે બાવન સપ્તાહની નીચી શૅરદીઠ રૂ. ૮૫.૬૫ની સપાટીએ બંધ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આજે સતત ૧૩મા સત્રમાં શૅરના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો અને આજના દિવસના ઘટાડા સાથે શૅરના ભાવ ૪૭ ટકા ગબડી ગયા છે. તેમ જ શૅરના ભાવમાં બાવન સપ્તાહની ઊંચી સપાટીએથી ૯૨.૩૧ ટકાનું ધોવાણ થઈ ગયું છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે જેન્સોલ અને બ્લ્યુસ્માર્ટના પ્રમોટર બંધુ અનમોલ સિંઘ જગ્ગી અને પુનીત સિંઘ જગ્ગી ઈલેક્ટ્રિક વાહનોનાં નાણાં અન્યત્ર વાળવાનાં આરોપોને ધ્યાનમાં લેતા સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી)નાં નિયમનકારી કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે. સેબીએ આ બન્નેને મૂડી બજારમાંથી પ્રતિબંધિત કર્યા છે જેથી તેઓ લિસ્ટેડ કંપનીઓમાં હોદ્દા નથી રાખી શકતા.

નોંધનીય બાબત એ છે કે જેન્સોલ એન્જિનિયરિંગ સોલાર કન્સલ્ટિંગ સર્વિસીસ, એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ સેવાઓ તથા ઈલેક્ટ્રિક વાહનોનાં લિઝિંગ સહિતના અન્ય વ્યવસાયો સાથે સંકળાયેલી છે. અગાઉ જૂન, ૨૦૨૪માં સેબીએ શૅરના ભાવમાં ચેડા કરવાની અને જેન્સોલનું ફંડ અન્યત્ર વાળવાની ફરિયાદ મળ્યા બાદ આ બાબતની તપાસ હાથ ધરી હતી. વધુમાં સેબીએ જેન્સોલ એન્જિનિયરિંગને ૧:૧૦નાં ધોરણે સ્ટોક સ્પ્લીટની યોજનાને પણ સ્થગિત રાખવાનો નિર્દેશ આપ્યો છે.

મે મહિનાના મુક્ત વેચાણ માટે ૨૩.૫૦ લાખ ટનનો ક્વૉટા

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, જ્યારે રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી જળવાઈ રહી હોવાથી આજે માત્ર સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવ ટકેલાં રહ્યાં હતાં. દરમિયાન આજે ગ્રાહક બાબતો, અનાજ અને જાહેર વિતરણ મંત્રાલયનાં અનાજ અને જાહેર વિતરણ વિભાગે સરકારે આગામી મે મહિનાના મુક્ત વેચાણ માટે ૨૩.૫૦ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કર્યો હોવાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે–અમદાવાદ

૪થી લાઈન અને ઈન્ટરસેક્શન નં. ૧ નું બાંધકામ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુસીઈ IIએડીઆઈ-જીઈઆર-એસએયુ-૦૨ (બે પેકેટ) (૧) કામનું નામ તેના સ્થળ સહિતઃ** પશ્ચિમ રેલવે પર અમદાવાદ ડિવિઝનના બારેજડી નાંદેજ (GER) - સાણંદ સુધી- ૩૮.૨૦ કિ.મી. (અમદાવાદ બાયપાસ) ૪થી લાઈનના કામના સંબંધમાં તમામ સિવિલ એન્જિનિયરીંગ કામ (એટલે કે અર્થકામ, બ્લેન્કેટીંગ, સાઈડ ડ્રેઈન્સ, રિટેઈનીંગ વોલ, ટ્રોલી રેફ્યુજીસ, તમામ મુખ્ય/નાના બ્રિજીસ, RUBs/LHSs નું બાંધકામ, (પાથરવાના અને જોડવાના) સંપૂર્ણ ટ્રેક કામ), ટ્રેકનું ટેમ્પીંગ, LWRs નું ડિસ્ટ્રેસીંગ, પી.વે સામગ્રીનું પરિવહન, ૫૦mm મશીન ક્રશ સ્ટોન બલાસ્ટની આપૂર્તિ કરવાના અને બલાસ્ટને ફેલાવવાના અને અન્ય સિવિલ એન્જિનિયરીંગ કામના સમાવેશ સહિત બારેજડી નાંદેજ (ગેરતપુર) - સરખેજ થી (CH:૦ થી CH:૨૧કિ.મી.) વચ્ચે ૪થી લાઈન અને બાકરોલ થી સરખેજ સુધી ઈન્ટરસેક્શન નં.૧ નું બાંધકામ. (બે પેકેટ) **(૨) કામની અંદાજિત પડતરઃ** ₹ ૨૪૨,૦૫,૪૮,૪૦૭.૯૭ **(૩) જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ** ₹ ૧૦૦,૦૦,૦૦૦.૦૦ **(૪) ટેન્ડર ફોર્મ ફીઃ** નિઃશુલ્ક **(૫) કામ પૂર્ણ કરવાનો સમયગાળોઃ** ૨૪ મહિના (ચોવીસ મહિના) ચોમાસા સહિત **(૬) બીડ જમા કરવાની તારીખ અને સમયઃ** તા.૧૯-૦૫-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે **(૭) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સરનામું જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ** www.ireps.gov.in ડેપ્યુ.ચીફ એન્જીનીયર, (બાંધકામ) II ની ઓફિસ, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ-૩૮૨ ૩૪૫.

CPM-001

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

SLR કમ્પાર્ટમેન્ટના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

ઈ-હરાજી આમંત્રિત કરતી સૂચના

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ — **કેટલોગ નં. લિઝ-૨૦૨૫-૦૪**

સ્થળ અને સંપત્તિની વિગત

SLRs ના ૩.૯/૦૪ ટન પાર્સલ સ્પેસ ના લિઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી

અનું. નં.	ટ્રેન નં.	કમ્પાર્ટમેન્ટ	આવૃત્તિ	અહીં થી	અહીં સુધી
૧	૧૧૦૮૭	FSLR-I	શનિવાર	VRL (વેરાવળ)	PUNE (પુણે)
૨	૨૨૯૯૦	FSLR	ગુરુવાર અને શનિવાર	MHV (મહુવા)	BDTS (બાંદ્રા ટર્મિનસ)
૩	૨૦૯૬૮	RSLR-I	મંગળવાર	PBR (પોરબંદર)	SC (સિકંદરાબાદ જં.)
૪	૨૦૯૬૮	FSLR-I	મંગળવાર	PBR (પોરબંદર)	SC (સિકંદરાબાદ જં.)
૫	૨૦૯૬૮	FSLR-II	મંગળવાર	PBR (પોરબંદર)	SC (સિકંદરાબાદ જં.)
૬	૧૯૨૫૬	RSLR	રવિ, સોમ, મંગળ, બુધ અને શુક્ર	MHV (મહુવા)	ST (સુરત)
૭	૨૦૯૩૭	FSLR	મંગળવાર અને શનિવાર	PBR (પોરબંદર)	DEE (દિલ્લી સરાઈ રોહિલ્લા)
૮	૧૯૦૧૬	FSLR-II	દરરોજ	PBR (પોરબંદર)	DDR (દાદર)

(૧) ઈ-હરાજી **તા.૧૩-૦૫-૨૦૨૫** ના **૧૧:૦૦** કલાક થી શરૂ થશે **(૨)** હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે. **(૩)** વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો.

BVP-017

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ R/N વોર્ડ

A.E. (SWM)/ **૫૩૫/R/નોર્થ વોર્ડ તા. ૨૮.૦૪.૨૦૨૫**

વિષયઃ લોકભાગીદારી દ્વારા R/નોર્થ વોર્ડની હદમાં સ્વચ્છતાનું સ્તર વધારવા માટે પાલોટ ધોરણે ''રાસ્તે સ્વચ્છતા યોજના'' સ્કીમનું અમલીકરણ.

હિતની અભિવ્યક્તિ (EOI)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન R/નોર્થ વોર્ડ R/નોર્થ વોર્ડ વિસ્તારમાં રોડ, ફૂટપાથ અને જાહેર સ્થળો પર સ્વચ્છતાનું સારું ધોરણ જાળવવા માટે ''રાસ્તે સ્વચ્છતા યોજના''નું અમલીકરણ માટે હિતની અભિવ્યક્તિ સ્વીકારવા માટે અરજીઓ મંગાવે છે.

હિતની અભિવ્યક્તિ (EOI) સંબંધિત વિગતવાર માહિતી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ **portal.mcgm.gov.in** પર ઉપલબ્ધ કરવામાં આવી છે.

રસ ધરાવતી બેરોજગાર સેવા સહકારી કોઓપરેટીવ સોસાઈટીએ ''રાસ્તે સ્વચ્છતા યોજના'' માટે અરજી ફોર્મ ભરવું જોઈએ અને સંબંધિત દસ્તાવેજો આસિસ્ટન્ટ એન્જિનિયર ((SWM) R/નોથ વોર્ડના સરનામે ખાતે સુપ્રત કરવા જોઈએ. A.E. (SWM) R/N ઓફિસ, ૫મો માળ, રંગનાથ કેસકર માર્ગ, રુસ્તમજી સ્કૂલ પાસે, દહિસર (૫), મુંબઈ-૪૦૦૦૬૮.

હિતની અભિવ્યક્તિ (EOI) અરજીઓ વેચાણ માટે આસી. એન્જિ. (SWM) R/નોર્થ વોર્ડ પાસે મૂકવામાં આવી છે. (અરજી ફી રૂા. ૩૮૯૪) (રૂ. ૩૩૦૦ + GST ૧૮%) અરજી શનિવાર/રવિવાર અને જાહેર રજાઓ સિવાયના ઓફિસ કલાકો દરમિયાન ૨૯.૦૪.૨૦૨૫થી ૦૬.૦૫.૨૦૨૫ સુધીની રહેશે. હિતની અભિવ્યક્તિ અરજીઓ ''રાસ્તે સ્વચ્છતા યોજના'' ચિન્હિત સીલબંધ કવરમાં ૦૬.૦૫.૨૦૨૫ના બ. ૩.૦૦ ક. સુધીમાં આ ઓફિસમાં સુપ્રત કરવી જોઈએ. મળેલી અરજીની ચકાસણી/ચકાસણી કર્યા પછી, પાત્ર સંસ્થાઓની યાદી સંબંધિત વિભાગ ઓફિસની નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર
R/N વોર્ડ

PRO/259/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને ઈક્વિટી માર્કેટના સુધારા સાથે ડૉલર સામે રૂપિયો ૩૭ પૈસા ઊછળ્યો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો, ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૯૫૨.૩૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૭ પૈસા ઉછળીને ૮૫.૦૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૪૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૨૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૪૨ અને ઉપરમાં ૮૪.૯૬ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૩૭ પૈસાના સુધારા સાથે ૮૫.૦૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે રૂપિયો આઠ પૈસા ઘટ્યો હતો. એકંદરે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા બાઉન્સબૅક ઉપરાંત રાજકીય-ભૌગોલિક તણાવ હળવો થવાથી સપ્તાહના આરંભે એશિયન બજારમાં ભારતીય રૂપિયામાં મજબૂત વલણ જોવા મળ્યું હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૮૪.૯૦ની સપાટી મહત્ત્વની ટેકાની અને ૮૫.૭૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે.

પાંખાં કામકાજે ટીન, કોપર, ઝિન્કમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળતાં આજે લંડન ખાતે કોપર સહિતની અમુક ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦નો અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ .૧૦ ઘટીને રૂ. ૨૭૯૯ના મથાળે રહ્યા હતા.

અમેરિકા-ચીન વચ્ચેના ટ્રેડ વૉરનો તણાવ ઓછો થતાં સોનામાં પીછેહઠ

વૈશ્વિક નરમાઈ અને રૂપિયો મજબૂત થતાં સોનામાં ₹ ૫૨૫ની અને ચાંદીમાં ₹ ૧૨૫૮ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ચીન વચ્ચેનાં ટ્રેડ વૉરનો તણાવ ઓછો થવાની સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં પણ ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૦.૯ ટકાનો અને ચાંદીના ભાવમાં ૦.૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૩૭ પૈસા મજબૂત રહ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૧થી ૫૨૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૫૮નો ઘટાડો આવ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે સ્થાનિકમાં હાજરમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૫૮ ઘટીને રૂ. ૯૬,૪૨૬ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૧ ઘટીને રૂ. ૯૪,૭૨૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૨૫ ઘટીને રૂ. ૯૫,૧૦૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ચીને અમેરિકાથી આયાત થતાં અમુક ઉત્પાદનોને ટૅરિફમાંથી મુક્તિ આપી હોવાના નિર્દેશો સાથે રોકાણકારોની સલામતી માટેની માગમાં ઘટાડો થવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૮૯.૯૭ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે હાલના તબક્કે રેસિપ્રોકલ ટૅરિફ વૉરનું ચિત્ર જે એપ્રિલના આરંભમાં હતું તેની સરખામણીમાં ઓછું ઉગ્ર જણાઈ રહ્યું હોવાથી સોનામાં સલામતી માટેની માગ ઓછી થઈ હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું.

ખાસ કરીને ગત સપ્તાહે ચીન સાથે વપાર વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી હોવાનું વ્હાઈટ હાઉસ તરફથી જણાવવામાં આવતાં સોનામાં સલામતી માટેની માગ ઓસરી હતી. વધુમાં ગત સપ્તાહે ટ્રમ્પના વહીવટીતંત્રએ વિશ્વનાં બે મોટા અર્થતંત્રો ચીન અને અમેરિકા વચ્ચેનો વેપાર તણાવ હળવો થઈ રહ્યો હોવાના સંકેત આપ્યા હતા. ગત શુક્રવારે ચીને અમેરિકાથી થતી ઊંચા ટૅરિફવાળી અમુક ચીજોને મુક્તિ આપી હોવાના નિર્દેશ આપ્યા હતા, પરંતુ ચીન સાથે વાટાઘાટો થઈ રહી છે એવાં ટ્રમ્પના દાવાને સમર્થન નહોતું આપ્યું. તેમ જ ગઈકાલે અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે પણ ટ્રમ્પના દાવાને સમર્થન નહોતું આપ્યું.

દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને વિશ્વ બૅન્કની વસંત ઋતુની બેઠકમાં ઘણાં સહભાગીઓએ જણાવ્યું હતું કે ટ્રમ્પનું વહીવટીતંત્ર હજુ પણ ઊંચા ટૅરિફ ધરાવતા વેપારી ભાગીદાર દેશો તરફથી થતી માગણીઓમાં વિરોધાભાસી જણાય છે. જોકે, હવે રોકાણકારોની નજર આવતી કાલે જાહેર થનારા અમેરિકાના જોબ ઓપનિંગ ડેટા, બુધવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા અને શુક્રવારે જાહેર થનારા નોન ફાર્મ પે રોલ ડેટા પર સ્થિર થઈ છે.

જ્વેલરોની ઑફરને ટેકે અક્ષયતૃતીયામાં સોના-ચાંદીમાં ખરીદી મજબૂત રહેવાનો આશાવાદ

કોલકાતાઃ તાજેતરમાં સોનાના ભાવ ઊંચી સપાટીએ હોવા છતાં સોના જેવી કિંમતી ધાતુઓની ખરીદી માટે શુકનવંતા ગણાતા અક્ષયતૃતીયાના સપરમાં દહાડે ગ્રાહકોને આકર્ષવા માટે રિટેલ જ્વેલરો મેકિંગ ચાર્જમાં તેમ જ સોનાના ભાવમાં આકર્ષક ડિસ્કાઉન્ટ ઓફર કરી રહ્યા હોવાથી માગ મજબૂત રહેવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે.

તનિષ્ક, સેન્કો ગોલ્ડ, એમપી જ્વેલર્સ અને પીસી ચંદ્રા જ્વેલરોએ ખરીદીની મોસમને ધ્યાનમાં રાખી શ્રેણીબંધ ઓફર જાહેર કરી છે. જેમાં ખાસ કરીને તનિષ્કે સોનાના મેકિંગ ચાર્જ પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટની અને સેન્કો ગોલ્ડે સોનાના ભાવ પર રૂ. ૩૫૦ના ડિસ્કાઉન્ટ અને મેકિંગ ચાર્જ પર ૩૦ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરી છે. આ સિવાય ડાયમંડ જ્વેલરી માટે કંપનીએ મેકિંગ ચાર્જ પર ૧૦૦ ટકા ડિસ્કાઉન્ટ અને મૂલ્ય પર ૧૫ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરી છે. તેમ જ એમપી જ્વેલર્સે ગ્રાહકોને સોનાનાં આભૂષણો પર ગ્રામદીઠ રૂ. ૩૦૦નું અને મેકિંગ ચાર્જ પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે. તે જ પ્રમાણે પીસી ચંદ્રા જ્વેલરે સોનાના ભાવ પર ગ્રામદીઠ રૂ. ૨૦૦, મેકિંગ ચાર્જ પર ૧૫ ટકા અને ડાયમંડની ખરીદીના મૂલ્ય પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરી છે. સોનાના ભાવ સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા હોવા છતાં ગ્રાહકોના વિશ્વાસને ધ્યાનમાં લેતા આ વર્ષે અક્ષયતૃતીયાનાં શુકનવંતા દિને માગ સારી રહેવાનો આશાવાદ અંજલી જ્વેલર્સના ડિરેક્ટર અન્નાર્ઘ ઉત્તીયા ચૌધરીએ વ્યક્ત કર્યો હતો. ખાસ કરીને જ્વેલરો દ્વારા સોનાના ભાવ ઉપરાંત મેકિંગ ચાર્જીસમાં પણ ડિસ્કાઉન્ટ ઓફર થઈ રહ્યા હોવાથી ગ્રાહકોમાં સોનાની ખરીદી માટે ઉત્સુકતા વધી હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં સોનામાં વળતર પણ વધી રહ્યું હોવાથી રોકાણલક્ષી માગનો પણ ટેકો મળશે, એમ તેમણે ઉમેર્યું હતું. હાલ કોલકાતામાં બાવીસ કેરેટ સોનાના ભાવ ગત સાલની સરખામણીમાં ૩૦ ટકા ઊંચા ગ્રામદીઠ રૂ. ૯૦૦૦ આસપાસ પ્રવર્તી રહ્યા છે.

જો હાલનો સિનારિયો જળવાઈ રહે તો આગામી ટૂંકા સમયગાળામાં ગ્રાહકોને પાંચથી સાત ટકાનું વળતર છૂટે તેમ છે. કેમ કે વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતાં તાત્કાલિક ધોરણે સોનાના ભાવમાં મોટું કરેક્શન આવે તેવી શક્યતા નથી. જોકે, વર્ષ ૨૦૨૫ દરમિયાન સોનાના ભાવમાં ભારે ચંચળતા જોવા મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.જોકે, સેન્કો ગોલ્ડના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સુવનકર સેને જણાવ્યું હતું કે સોનાના ઊંચા ભાવને કારણે વેચાણના વૉલ્યુમમાં ઘટાડો થયો છે, પરંતુ અક્ષયતૃતીયાના શુકનવંતા દિવસે માગ મજબૂત રહે તેવી ધારણા છે. તેમ જ અમે ગ્રાહકોની પોસાણક્ષમતા જળવાઈ રહે તે દિશામાં પ્રયાસો કરી રહ્યા છે.

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

વિવિધ પ્રકારના કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી

ટેન્ડર નોટીસ નં. RJT-ADVT-25-02

ઉપરોક્ત સંદર્ભમાં, રાજકોટ ડિવિઝનના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, નીચે જણાવેલ કેટલોગ્સ પર ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

કેટલોગ નં.	કોન્ટ્રાક્ટનો પ્રકાર		કેટેગરી	સમયગાળો	ઈ-હરાજીની તારીખ અને સમય
RJT-ADVT--૨૫-૨	➢ જાહેરાત - આઉટ ઓફ હોમ (હોર્ડિંગ) ➢ ડિજીટલ સ્ટોરેજ લોકર્સની સ્થાપના, જાળવણી અને સંચાલન ➢ ટ્રેક્સ અને વૈગનો પર પડેલા તમામ બચેલા માલની સફાઈ અને નિકાલ		પરચુટણ-સ્ટેટીક-સેવાઓ જાહેરાત	૦૩/૦૫ વર્ષ	તા.૦૯-૦૫-૨૦૨૫ ના ૧૦:૦૦ કલાકે
E-SLR-RJT-૩-૨૫	૧) ૨૦૯૧૩-SLR-F૧, ૨) ૧૬૭૩૪-SLR-R૧, ૩) ૨૨૭૧૭-SLR-F૨ ૪) ૨૨૭૧૭-SLR-F૧,	૫) ૨૦૯૫૧-SLR-F૧, ૬) ૨૦૯૧૩-SLR-R૧, ૭) ૨૨૯૩૯-SLR-R૧, ૮) ૨૦૯૫૧-SLR-R૧, ૯) ૨૨૯૪૬-SLR-F૧	SLR નું લિઝીંગ	૦૨ વર્ષ	તા.૦૯-૦૫-૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે
	૧) ૨૨૯૦૫-૨૨૯૦૬-VP-૨		VPU નું લિઝીંગ		

ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટની વિગતો (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ www.ireps.gov.in પર આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : રાજકોટ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે.

RJT-016

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

બેસ્ટની બસનું ભાડું સીધું જ ડબલ થવાનું

સુધરાઈએ પ્રસ્તાવને મંજૂરી આપી, હવે રાજ્ય સરકારની પરવાનગીની રાહ જોવાઈ રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આગામી દિવસોમાં મુંબઈગરાનો બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની બસનો પ્રવાસ મોંઘો થવાનો છે. મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને બેસ્ટની બસની ટિકિટનાં ભાડાંમાં વધારા કરવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો છે, જોકે ભાડાવધારાનો લગતો અંતિમ નિર્ણય રાજ્ય સરકારના હાથમાં છે. બેસ્ટની બસનાં ભાડાંમાં જો વધારો થાય છે તો ૨૦૧૮ની સાલની બાદથી આ પહેલો ભાડાં વધારો હશે.

બેસ્ટની બસનાં ભાડાંમાં બમણો વધારો થવાનો પ્રસ્તાવ છે. હાલ નોનએસી બસનું ભાડું પાંચ રૂપિયાથી લઈને ૨૦ રૂપિયા સુધીનો છે, તો એસી બસનું ભાડું છ રૂપિયાથી લઈને પચીસ રૂપિયા સુધી છે. જો બેસ્ટના ભાડામાં વધારો કરવાનો પ્રસ્તાવ મંજૂર થઈ જાય છે તો નોનએસી બસના ૧૦ રૂપિયા અને એસી બસનાં ભાડાં ૧૨ રૂપિયા થઈ જશે. ટિકિટના ભાડામાં વધારાની સાથે જ બેસ્ટના માસિક પાસમાં પણ વધારો થશે.

બેસ્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બેસ્ટ ઉપક્રમ વર્ષોથી ખોટ કરી રહ્યું છે. બેસ્ટને વારંવાર સુધરાઈ પાસેથી આર્થિક મદદ લેવી પડી રહી છે. સુધરાઈ પ્રશાસન દ્વારા બેસ્ટને મદદ આપવાની સાથે જ બેસ્ટનાં ભાડાંમાં વધારો કરવાની પણ અનેક વખત સૂચના આપવામાં આવી હતી. જોકે અનેક વખત રાજકીય વિરોધને પગલે ભાડાવધારો મુલતવી રાખવો પડ્યો હતો. જોકે હવે બેસ્ટ ઉપક્રમને જાતે જ ભંડોળ ઊભુ કરવું પડવાનું છે. એમ પણ છેલ્લે ૨૦૧૮માં ટિકિટના દરમાં વધારો કરવામાં આવ્યો હતો. મિનિમમ ભાડું પાંચ રૂપિયા હોવાથી બેસ્ટ દ્વારા ખોટનો જ ધંધો થઈ ગયો હતો. તેથી નાછુટકે હવે ભાડું વધારવું પડશે.

બેસ્ટ ઉપક્રમને થઈ રહેલી ખોટ તથા બસનાં ભાડાંમાં વધારાના

(જુઓ પાનું ૪) ▸▸

સાદી બસનું ટિકિટ ભાડું

અંતર	જૂનું ભાડું (રૂ.)	નવું ભાડું (રૂ.)
પાંચ કિલોમીટર સુધી	પાંચ	૧૦
૧૦ કિલોમીટર સુધી	૧૦	૧૫
૧૫ કિલોમીટર સુધી	૧૫	૨૦
૨૦ કિલોમીટર સુધી	૨૦	૩૦

એરકંડિશન્ડ બસનું ટિકિટ ભાડું

અંતર	જૂનું ભાડું (રૂ.)	નવું ભાડું (રૂ.)
પાંચ કિલોમીટર સુધી	છ	૧૨
૧૦ કિલોમીટર સુધી	૧૩	૨૦
૧૫ કિલોમીટર સુધી	૧૯	૩૦
૨૦ કિલોમીટર સુધી	૩૦	૩૫

સાદી બસનાં માસિક પાસનાં ભાડાં

અંતર	જૂનું ભાડું (રૂ.)	નવું ભાડું (રૂ.)
પાંચ કિલોમીટર સુધી	૪૫૦	૮૦૦
૧૦ કિલોમીટર સુધી	૧,૦૦૦	૧,૨૫૦
૧૫ કિલોમીટર સુધી	૧,૬૫૦	૧,૭૦૦
૨૦ કિલોમીટર સુધી	૨,૬૦૦	કોઈ વધારો નહીં

એસી બસનાં માસિક પાસનાં ભાડાં

અંતર	જૂનું ભાડું (રૂ.)	નવું ભાડું(રૂ.)
પાંચ કિલોમીટર સુધી	૬૦૦	૧,૧૦૦
૧૦ કિલોમીટર સુધી	૧,૪૦૦	૧,૭૦૦
૧૫ કિલોમીટર સુધી	૨,૧૦૦	૨,૩૦૦
૨૦ કિલોમીટર સુધી	૨,૭૦૦	૩,૫૦૦

ધર્મ પૂછવાનો આતંકવાદીઓ પાસે શું સમય છે?

એવા કૉંગ્રેસી નેતા વડેટ્ટીવારના વિધાન પર ભડકેલા ફડણવીસે કહ્યું...

‘ઘા પર મીઠું ભભરાવે છે કૉંગ્રેસીઓ’

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તેમના કેબિનેટના સાથી ચંદ્રશેખર બાવનકુળેએ સોમવારે સિનિયર કૉંગ્રેસી નેતા વિજય વડેટ્ટીવાર દ્વારા કરવામાં આવેલા નિવેદન કે ‘શું આતંકવાદીઓ પાસે ગોળીબાર કરતા પહેલા ધર્મ વિશે પૂછવાનો સમય છે’ના મુદ્દે તેમની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

‘વડેટ્ટીવારનું નિવેદન અસંવેદનશીલ છે. આવું નિવેદન આપીને તેઓ પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના સંબંધીઓના ઘા પર મીઠું ભભરાવી રહ્યા છે. બધાએ બતાવી દીધું છે કે મૃતકોના સંબંધીઓએ શું કહ્યું છે. પીડિતોને તેમના સંબંધીઓની સામે મારવામાં આવ્યા હતા અને તે સમય દરમિયાન વડેટ્ટીવાર ત્યાં હાજર નહોતા. મને સમજાતું નથી કે આ મૂર્ખતા છે કે શું,’ એમ મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું.

‘સંબંધીઓએ તેમની સામે જે બન્યું તે કહ્યું હતું અને તેને ખોટી રીતે રજૂ કરવું વધુ અસંવેદનશીલ છે. પીડિતોના સંબંધીઓ વડેટ્ટીવારને ક્યારેય માફ નહીં કરે. જે લોકો આવા નિવેદનો આપી રહ્યા છે તેઓ પણ આપણા દુશ્મન છે અને તેમને પ્રોત્સાહન આપી રહ્યા છે,’ એમ ફડણવીસે કહ્યું હતું. રાજ્ય ભાજપના વડા

(જુઓ પાનું ૪) ▸▸

▲ **કંઈક મહત્ત્વનું તો નથી બળ્યુંને?:** ફોર્ટમાંની ઈડીની ઓફિસમાં લાગેલી આગ પછી સોમવારે કાર્યાલયમાંથી મહત્ત્વની ફાઈલ્સ અન્યત્રે ખસેડાઈ હતી. (અમય ખરાડે)

ઈડીની ઓફિસની આગમાં એકેય કાગળ બળ્યો નથી: ફડણવીસ

જોકે વિપક્ષોને આમાં રમત લાગે છે: સુપ્રિયા સુળેએ આગમાં બુઝાવવામાં થયેલા વિલંબ સામે સવાલ કર્યો

મુંબઈ: મહાનગર મુંબઈમાંની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ઓફિસમાં લાગેલી ભીષણ આગને મામલે રાજકીય તૂતૂમૈંમૈં શરૂ થઈ ગઈ છે. સોમવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે એકેય કાગળ આગમાં બળી નથી ગયો જ્યારે એનસીપીનાં સાંસદ સુપ્રિયા સુળેએ આગમાં બુઝાવવામાં થયેલા વિલંબ સામે સવાલ કર્યો હતો.

મેં ઈડીના અધિકારીઓ સાથે વાત કરી છે અને ઈડી ઓફિસમાંનો

(જુઓ પાનું ૪) ▸▸

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ૨૦૨૮ના અંત સુધીમાં પૂરો થઈ જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું કે મુંબઈને અમદાવાદ સાથે સાંકળતો મહત્વાકાંક્ષી બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ ૨૦૨૮ના અંત સુધીમાં પૂરો થશે.

બુલેટ ટ્રેનનું કામ અત્યંત ઝડપથી ચાલી રહ્યું છે અને એવી આશા છે કે ૨૦૨૮ના અંત સુધીમાં તે પૂરો થઈ જશે, એમ ફડણવીસે પત્રકારોને કહ્યું હતું.

તેમણે મહાવિકાસ આઘાડીની સરકારના કાર્યકાળને બુલેટ ટ્રેનના વિલંબ માટે જવાબદાર ઠેરવી હતી. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની એમવીએ સરકારે આ પ્રોજેક્ટને અવરોધનારા નિર્ણયો લીધા હતા.

આને કારણે આ પ્રોજેક્ટ અઢી વર્ષ વિલંબમાં પડી ગયો હતો. જ્યારે ૭૦,૦૦૦થી ૮૦,૦૦૦ કરોડનું બુલેટ ટ્રેન પર રોકાણ કરવામાં આવ્યું હોય અને અઢી વર્ષ માટે પ્રોજેક્ટ અટકી પડે તો તેના પર ચડનારા વ્યાજનો ખર્ચ કોણ ભોગવશે? એવો સવાલ તેમણે કર્યો હતો. બીજી તરફ ગુજરાતમાં બુલેટ ટ્રેનનું કામ ઘણું ઝડપથી કરવામાં આવ્યું છે. નવી સરકાર સત્તામાં આવ્યા પછી અમે આવશ્યક પરવાનગીઓ આપી હતી અને કામ ઝડપથી ચાલુ કરવામાં આવ્યું છે. છેલ્લા અઢી વર્ષમાં કામ ઝડપથી ચાલી રહ્યું છે. અમે આ કામને આવશ્યક સમયમર્યાદામાં પૂરું કરવાના પ્રયાસો કરી રહ્યા છીએ, એમ ફડણવીસે કહ્યું હતું. ■

એલ્ફિન્સ્ટ પુલ ફરતેની એ ૧૯ બિલ્ડિંગનું ત્યાં જ રિડેવલપમેન્ટ

મુંબઈ: એલ્ફિન્સ્ટન પુલના વિસ્તારમાં આવેલી ૧૯ ઇમારતનો પુનર્વિકાસ એમએમઆરડીએ દ્વારા કરવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અધ્યક્ષતા હેઠળ સોમવારે બેઠક યોજાઇ હતી જેમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, રાજ્યના મુખ્ય સચિવ અને એમએમઆરડીએ, પાલિકા, એમએસઆરડીસીના સંબંધિત અધિકારીઓ પણ હાજર હતા. એલ્ફિન્સ્ટન બ્રિજના કામનો સ્થાનિક રહેવાસીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો પણ હવે એ સમસ્યાને અંતે આવતા પુલનું કામ ક્યારે શરૂ થશે એ વિશે હજી મૂંઝવણ ઊભી છે. તેમ છતાં ટ્રાફિક પોલીસ દ્વારા ડાઇવર્ઝન આપવામાં આવે ત્યાર બાદ પુલ બંધ કરી તેનું કામ શરૂ કરવાની તારીખ જાહેર કરાશે, એમ સુધરાઇએ જણાવ્યું હતું.

એલ્ફિન્સ્ટન પુલના કામમાં પહેલા ૧૯ ઇમારત બાધિત થવાની હતી, પરંતુ સરકારના નવા આયોજન

(જુઓ પાનું ૪) ▸▸

FOR SALE
Machine for Construction work
Super Deck 10 Nos.
Focus 12 Stirrup Machine Fully Automatic
Call: 99989 66689

MAHABALESHWAR
HOTEL Rajesh
Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

અંધેરી બ્રિજ પર ભયાનક અકસ્માતમાં ચાર જખમી

હાઈવે પર કલાકો સુધી ટ્રાફિક જૅમ

▲ **ભયંકર:** અંધેરીના પુલ પર ગઈ કાલે સવારે અનેક વાહનોનો અકસ્માત થતા ભયંકર ટ્રાફિક જૅમ થયો હતો.

ઓવરટેકના પ્રયાસમાં ડિવાઈડર કુદાવી કાર સામેની દિશામાં ગઈ, જેને કારણે પાંચ વાહન એકબીજા સાથે અથડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નોકરી-વ્યવસાયે જવાના સવારના સમયે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર અંધેરી બ્રિજ પર થયેલા ભયાનક અકસ્માતને કારણે લોકો ટ્રાફિક જૅમમાં ફસાયા હતા. આ અકસ્માતમાં સદ્‌નસીબે કોઈએ જીવ ગુમાવ્યો નહોતો, પણ આરોપી કાર ડ્રાઈવર સહિત ચાર જખમી થયા હતા. ઓવરટેકના પ્રયાસમાં ડિવાઈડર કુદાવીને કાર સામેની દિશામાં જતી રહેતાં પાંચ વાહન એકબીજા સાથે અથડાયાં હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અંધેરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અકસ્માત વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ગુંદવલી પાસેના ફલાયઓવર પર સોમવારની સવારે ૭.૪૫ વાગ્યાની આસપાસ થયો હતો. આરોપી કાર ડ્રાઈવરની ઓળખ મંગેશ સાનપ (૪૧) તરીકે થઈ હતી. મલાડમાં રહેતા સાનપ વિરુદ્ધ પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. અકસ્માતમાં સાનપને પણ ઇજા થઈ હોવાથી સારવાર માટે તેને જોગેશ્વરીની ટ્રોમા કૅર હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

મળતી માહિતી અનુસાર સાનપ કારમાં મલાડ તરફ જઈ રહ્યો હતો. કારમાં તેની સાથે એક મિત્ર પણ હતો. અંધેરી બ્રિજ પર વાહનને ઓવરટેક કરવાના પ્રયાસમાં સાનપે સ્ટિયરિંગ પરનો કાબૂ

(જુઓ પાનું ૪) ▸▸

જૈન સાધુ સાગરચન્દ્રસાગરનો મામલો પહોંચ્યો અદાલતમાં

પોલીસને પાંચમી જૂન સુધીમાં તપાસ અહેવાલ રજૂ કરવાનો અમદાવાદ કૉર્ટનો આદેશ

બિમલ મહેશ્વરી

મુંબઈ : દુરાચારના ગંભીર આક્ષેપોથી ઘેરાયેલા જૈન સાધુ સાગરચન્દ્રસાગરનું પ્રકરણ હવે કોર્ટમાં જતાં તેમની તકલીફોમાં ઓર વધારો થવાની શક્યતા છે. અમદાવાદની એક મેજિસ્ટ્રેટ કોર્ટે સાગરચન્દ્રસાગર સામે કરવામાં આવેલી પોલીસ ફરિયાદ વિશેની તપાસનો અહેવાલ પાંચમી જૂન સુધીમાં રજૂ કરવાનો અમદાવાદના પાલડી પોલીસ સ્ટેશનને આદેશ આપ્યો છે.

જૈનાચાર્ય સાગરચન્દ્રસાગર અને બે જૈન સાધ્વીઓની અમુક અશ્લિલ તસવીરો છેલ્લાં થોડા સમયથી વાયરલ થઈ છે. આ તસવીરો અલગ અલગ વીડિયો કોલના સ્ક્રિન શોટ્‌સની છે જેમાં આ જૈન સાધુ અને બે જૈન સાધ્વીઓ અશ્લિલ ચેનચાળા કરતાં દેખાય છે. આ તસવીરોને કારણે

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

પોલીસનું ટાર્ગેટ હિન્દુઓ જ કેમ છે?: વિહિપ, જમણેરી સંગઠનોની આજે રેલી

મુંબઈ: કાયદો અને વ્યવસ્થાને જાળવી રાખવાના નામે પોલીસ દ્વારા ફક્ત હિન્દુ કાર્યકરોને જ લક્ષ્ય બનાવવામાં આવે છે એવા આક્ષેપો સાથે મંગળવારે મુંબઈમાં પોલીસની સામે વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) અને અન્ય જમણેરી સંસ્થાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

દક્ષિણ મુંબઈના ચર્ચગેટ સ્ટેશનથી આ વિરોધ રેલી નીકળીને મુંબઈ પોલીસ કમિશનર કાર્યાલય સુધી જશે.

‘કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાના નામે હંમેશા હિન્દુ કાર્યકરોને જ લક્ષ્ય બનાવવામાં આવે છે. હિન્દુ સમાજના અધિકારોના સંરક્ષણ અને પારદર્શક તપાસની અમે માગણી કરીશું’, એમ વિહિપ કોંકણ ડિવિઝનના સેક્રેટરી મહેન્દ્ર સાલેકરે જણાવ્યું હતું. મહારાષ્ટ્રમાં ભાજપ સત્તા પર છે છતાં વિહિપ દ્વારા રેલી યોજવા અંગેનું કારણ પૂછતાં સાલેકરે કહ્યું હતું કે ઉચ્ચ સત્તાવાળાઓએ તેમને ખાતરી આપી છે કે રેલીઓ યોજવા માટે પોલીસ પરવાનગી આપશે, સહકાર પણ આપશે, પરંતુ એવું ક્યારેય થયું નથી. મુંબઈના વાકોલા અને વડાલા વિસ્તારમાં થયેલી ઘટનાને ધ્યાનમાં રાખીને આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ મહિનાની શરૂઆતમાં વડાલામાં સરઘસ કાઢતી વખતે પોલીસ દ્વારા કથિત મારપીટ કરવામાં આવી હોવાનો આક્ષેપ હિન્દુ સંસ્થાઓ દ્વારા કરાયો હતો. વાકોલામાં શનિવારે બે ગ્રુપ વચ્ચે થયેલી અથડામણમાં દુકાનો અને વાહનોની તોડફોડ કરાઇ હતી. આ ઘટનામાં ત્રણ જણ ઘાયલ થયા હતા અને પોલીસ દ્વારા સાત જણની ધરપકડ કરાઇ હતી. વિહિપે આક્ષેપ કર્યો હતો કે ત્યારે પણ પોલીસ દ્વારા ફક્ત હિન્દુ કાર્યકરોને જ લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. ■

વિરારથી પાલઘરના દરિયાની સુરક્ષા બોટ નહીં, ડ્રોનને ભરોસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા પછી દરિયાકિનારાઓની સલામતી પર ભાર આપવામાં આવી રહ્યો છે ત્યારે પેટ્રોલિંગ માટેની ચારમાંથી ત્રણ બોટ બંધ હોવાનું કબૂલનારી પાલઘર પોલીસ હવે વિરારથી પાલઘર સુધીના દરિયાઈ વિસ્તારની સુરક્ષા ડ્રોનને ભરોસે હોવાનો દાવો કરે છે. સમારકામ પછી ત્રણ બોટ સુરક્ષાવ્યવસ્થામાં સામેલ થઈ જશે, પણ અત્યારે દરિયાકિનારાના ૮૧ કિલોમીટર સુધીના પટ્ટા પર એડવાન્સ ડ્રોનથી બાજનજર રાખવામાં આવી રહી છે અને આ ડ્રોન દરિયામાં શંકાસ્પદ ગતિવિધિ કે બોટને સહેલાઈથી શોધી શકતા હોવાનું પોલીસનું કહેવું છે.

પહલગામમાં આતંકવાદી હુમલા પછી મહારાષ્ટ્ર રાજ્યની પોલીસને અલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. ૨૦૦૮માં ૧૦ આતંકવાદી દરિયાઈ માર્ગે મુંબઈમાં પ્રવેશ્યા હતા અને ભારે ખૂનામરકી સર્જી હતી. પરિણામે પહલગામના આતંકી હુમલા પછી મુંબઈ અને આસપાસના દરિયાકિનારાઓ પર વિશેષ નજર રાખવાનું જણાવાયું છે. એવામાં પાલઘર જિલ્લાના વાઢવણને દેશનું સૌથી મોટું બંદર બનાવવાની દિશામાં પગલું ભરાઈ રહ્યું છે ત્યારે પાલઘર પોલીસની દરિયાઈ સુરક્ષા માટેની ચારમાંથી એક જ બોટ કાર્યરત હોવાનું સામે આવ્યું હતું. એક બોટ બગડેલી છે, જ્યારે બે બોટ આધુનિકીકરણ માટે

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.